ॐ [illegible] ॐ

अर्पणपत्र

श्री ब्रह्मार्पणमस्तु

ॐ ॐ ॐ

ॐकारबिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ॥ ॐ श्रुतिः ॥

ॐ

॥ ॐ सद्गुरु ॥

જામ્યા સાગર બ્રહ્મકા - બિચ પ્યાસા મરે સંસાર ! !

'આપા' ફેડ, પાણી પીએ, સદ્ગુરુ મિલે સો - ન્યાર -

ગુરુ ગુરુ ગુરુદેવકી જય ! - જય જય ગુરુદેવકી જય ! -

ગુરુ ગુરુ ગુરુ ૦

ॐ सद्गुरु ॐ
1924.
ॐ सागर ॐ



ॐ सद्गुरु ॐ
१९३१.

ॐ सागर ॐ

ॐ सद्गुरु ॐ

પ્રસ્તાવના

પરમ કૃપાળુ પરમાત્માની પૂર્ણ કૃપા વડે, દીવાને સાગરનું **બીજું દફતર** એટલે છેલ્લાં **વીસેક** વરસનાં મહાનુભાવ **શ્રી 'સાગર'**નાં ભજનો, ગઝલો અને કાવ્યોના **સંગ્રહ**નો **ગ્રન્થ**, આ પ્રમાણે પ્રસિદ્ધ કરતાં પ્રકાશકને અતિ આનંદ થાય છે.

એક રીતે જોતાં તો **આ ગ્રન્થ**ને પ્રસ્તાવનાની ખાસ જરૂર નથી, કેમકે, છેલ્લાં થોડાંક પૃષ્ઠ સિવાયનો લગભગ આખો જ **ગ્રન્થ**, ગુજરાત કાઠીઆવાડના ઘણા ભાગોમાં, પ્રત્યક્ષ તેમ જ પરોક્ષ રીતે, બહુ વરસોથી પરિચિત છે. **પાદરા, જંબુસર** અને **કીમ**, સુરતથી માંડીને **સરખેજ** અહમદાબાદ, તથા **પાલનપુર, સિદ્ધપુર** તેમ જ **રાજકોટ, મોરબી** અને છેક કચ્છ સુધીના ઘણાક ભાવિક ભક્તોએ ભરમંડળીઓમાં તેમ જ મજલિસોમાં આ **ગ્રન્થ**માંના વસ્તુનું વારંવાર **શ્રવણકીર્ત્તન** કર્યું છે અને તેથી **ગ્રન્થ**ની પ્રસિદ્ધિ પૂર્વે કેટલાં યે વરસોથી અત્રે ગ્રન્થિત થયેલ વસ્તુ તેમના **સ્નેહ**ની, **અભ્યાસ**ની અને **અનુભવ**ની બાબત થઈ ચૂકી છે; ઉપરાન્ત, મહાનુભાવ **શ્રી સાગરપ્રભુ**ના સેંકડો **મિત્રો** – **અનુયાયીઓ** અને **ભાવિક સજ્જનો**, જેઓ આ **વાણી**નું **નિત્ય** વા **નૈમિત્તિક અધ્યયન** અને **ગાનતાન** કરી રહેલ છે, તેઓ સર્વ પણ **આ દીવાન**ના **બીજા દફતર**થી સુપરિચિત છે અને આમ હોવાથી જ, આ **ગ્રન્થ**ને પ્રસ્તાવનાની બહુ અપેક્ષા નથી.

છતાં, કેવળ જ **નવીન** વાંચનારને અર્થે, થોડોક ઉપયોગી ઉલ્લેખ મુનાસિબ છે.

•

દીવાને સાગરનો **પહેલો ગ્રન્થ** – **પાંચ**સો પૃષ્ઠનો – **ઈ. સ. ૧૯૧૬**ના **માર્ચ**માં પ્રસિદ્ધ થયો હતો અને વધારામાં **પચ્ચીસેક** પૃષ્ઠનો '**દીવાને સાગર**'નો **ખાસ શબ્દકોષ** પણ તેમાં આપ્યો હતો.

અત્યારે **અલભ્ય જેવા એ ગ્રન્થ**ની તારીજ આ મુજબ છે:-
દીવાને સાગરના પહેલા ગ્રન્થમાં:-

ઈ. સ. ૧૯૦૧થી **ઇ. સ. ૧૯૦૮** સુધી પૃ. ૧ થી પૃ. ૬૬ સુધીનો **પહેલો તબક્કો** છે, જેમાં **કવિતા** અને **ગીતો** છે;

ઈ. સ. ૧૯૦૮ થી ઈ. સ. ૧૯૧૩ સુધી પૃ. ૬૯ થી પૃ. ૩૪૪ સુધી બીજો તબક્કો છે, જેમાં કવિતા અને ગઝલો તથા ભજનો છે;

ઈ. સ. ૧૯૧૩થી ઈ. સ. ૧૯૧૬ સુધી પૃ. ૩૪૭થી પૃ. ૪૯૮ સુધી ત્રીજો તબક્કો છે, જેમાં ભજનો અને ગઝલો તથા શ્રી નારદભક્તિસૂત્રનું ભાષાન્તર વગેરે છે અને પૃ. ૪૯૯થી પૃ. ૫૨૬ સુધી 'દીવાને સાગર'નો ખાસ શબ્દકોષ છે.

દીવાને સાગરના પહેલા દફતરનાં કોઈ કોઈ ભજન તો બહુ લોકપ્રિય થયાં છે – કોઈ કોઈ ચીજ તો 'ગ્રમોફોન'ના 'રેકર્ડ' ઉપર પણ દાખલ થયેલી છે.

આ પ્રમાણે, એ પહેલા દફતરનો ગ્રન્થ ઈ. સ. ૧૯૦૧ થી ઈ. સ. ૧૯૧૬ સુધીનાં સોળ વરસનો સંગ્રહ હતો.

પહેલા ગ્રન્થના પ્રમાણમાં, અલ્બત્ત, દીવાને સાગરનું આ બીજું દફતર કદમાં ઘણું ન્હાનું થયું છે. પહેલા દફતરની પેઠે, આ ગ્રન્થમાં પણ વીસ વરસના ત્રણ તબક્કા પાડયા છે અને તેની તારીજ આ પ્રમાણે છે :–

૧લો તબક્કો

ઈ. સ. ૧૯૧૬ થી ઈ. સ. ૧૯૧૮ સુધી પૃ. ૧ થી ૧૦૮.

૨જો તબક્કો

ઈ. સ. ૧૯૧૯થી ઈ. સ. ૧૯૨૨ સુધી પૃ. ૧૧૧ થી ૧૪૪.

૩જો તબક્કો

ઈ. સ. ૧૯૨૩ થી ઈ. સ. ૧૯૩૫ સુધી પૃ. ૧૪૭ થી પૃ. ૧૯૦.

વિશેષ માટે, સાથેનાં ફેહરિશ્ત અને સૂચિપત્ર તથા ગ્રન્થનું અન્તરંગ સુદ્ધાં હવે તો વાચક સમક્ષજ છે. વસ્તુનું અન્તરંગ ઉકેલાતાં, મુમુક્ષુ સજ્જનોને સ્પષ્ટ પ્રતીત થશે કે ગ્રન્થકાર સદ્‌ગુરુ શ્રી સાગરરાજ પરમાત્માની સાથે પૂર્ણ અભિન્નતા અનુભવતા ત્રિગુણાતીત સન્ત પુરુષ છે અને પોતાના અખંડ બ્રહ્મસાક્ષાત્કારને પરિણામે જીવનો શિવ કરનારી રસોન્મત્ત સૂફીની અને ગોપીની બ્રાહ્મી ભાવનાઓ દ્વારા પરમાત્માનો સંપૂર્ણ સ્વાનુભવ તેઓ શ્રીએ આ વાણીમાં પ્રકટ કર્યો છે. આપણા આધુનિક સાહિત્યમાં આ ગ્રન્થ અપૂર્વ છે અને અલૌકિક છે.

આ ગ્રન્થનો ખાસ ધ્યાનથી અને માનથી અભ્યાસ કરનારને માટે 'મુમુક્ષુ વિચારણા' વગેરે શ્રી 'સાગર'નાં બીજાં પુસ્તકો ઉપરાન્ત, આ પુસ્તકો પણ જોવાની, અલ્બત્ત જરૂર છે :–

(૧) શ્રી અક્ષયવાણી – સટીક – ઈ. સ. ૧૯૩૨.
પ્રકાશક :– ધિ ગુ. વ. સોસાઈટી; અહમદાબાદ.

(૨) શ્રી કલાપીનો કેકારવ – સટીક – ઈ. સ. ૧૯૩૧.
પ્રકાશક :– શ્રી જોરાવરસિંહજી સુરસિંહજી ગોહેલ. રાજકોટ.

(૩) સંતોની વાણી – ઈ. સ. ૧૯૨૦.
પ્રકાશક :– શ્રી ભગવાનજી મહેરાજ; કહાનવા બંગલો;
તા. જંબુસર; જિ. ભરૂચ.

ગ્રન્થકારનાં થોડાંક ઇંગ્લિશ પદ્ય, અગત્યનો શબ્દકોષ અને ગ્રન્થકારની બે છબિઓ તથા તેઓ શ્રીના જીવનની રૂપરેષા ('ગ્રન્થ અને ગ્રન્થકાર' ભા. ૨, પૃષ્ઠ ૧૨૦ – ૧૨૧ ઉપરથી) પણ, આ ગ્રન્થમાં આપવામાં આવ્યાં છે.

ગ્રન્થમુદ્રણમાં સુરત 'સુન્દર' પ્રિન્ટિંગ પ્રેસના માલેક રા. રા. ભાઇ શ્રી વિઠ્ઠલદાસે સ્નેહથી દરેક પ્રકારની સાહાય્ય કરી છે એ પણ અત્રે ઉપકાર સાથે ખાસ નોંધવું જોઇયે.

ગ્રન્થમાં કંઈ ભૂલચૂક કે દોષ લાગે તો તે માટે વાચકવિવેચક વર્ગને ક્ષમા કરવાની પ્રકાશકની સ્નેહભાવે વિજ્ઞાપના છે. ૐ

પાદરા; (વડોદરા રાજ્ય).
તા. ૨૨ : ૧ : ૧૯૩૬.

કે. અં. ઠક્કર.

[ગ્રન્થ અને ગ્રન્થકાર ભા. ૨, પૃ.૧૨૦–૧૨૧]
પ્રકાશક ધિ ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી ; અહમદાબાદ.

જગન્નાથ દામોદરદાસ ત્રિપાઠી (સાગર)

એઓ જ્ઞાતિએ ચાતુર્વેદી મોઢ બ્રાહ્મણ અને સરખેજના વતની છે. એમનો જન્મ જંબુસરમાં તા. ૭ મી ફેબ્રુઆરી, ૧૮૮૩ના રોજ દર ચૌદ વર્ષે આવતા શ્રી મહોદય પર્વને દિવસે થયો હતો. એમના પિતાનું નામ સ્વ. માસ્તર દામોદરદાસ રણછોડભાઈ ત્રવાડી અને માતાનું નામ ગં. સ્વ. રૂક્મણીબા છે. એમનું લગ્ન સન ૧૮૯૫માં બારેજડી સ્ટેશન પાસે ગામડી ગામે સૌ. ભાગીરથી સાથે થયું હતું. તેમનાં પિતા માતા બન્ને કેળવણી ખાતામાં હેડમાસ્તર અને હેડ મિસ્ટ્રેસ હતાં.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સાત ધોરણોનું એમણે લીધેલું છે અને અત્યારે તેઓ પ્રભુના નામનું ભજનકીર્તન કરવામાં વાનપ્રસ્થને અનુરૂપ એકાન્તિક જીવન ગાળે છે.

કેટલોક વખત તેઓ ગુ. વ. સોસાઇટીની ઓફિસમાં ગુજરાતી કોષના કામમાં રહ્યા હતા, તે અરસામાં તેમણે કલાપી વિષે કેટલાક મનનીય લેખો લખ્યા હતા. તેમણે 'જ્ઞાનસુધા'નું સંપાદનકાર્ય કર્યું હતું. લગભગ બે વર્ષ સુધી તેમણે "મોઢબ્રાહ્મણ" નામના માસિક પત્રનું તંત્ર ચલાવ્યું હતું. એમના પ્રિય કવિઓ કલાપી અને વેદાંતી અખાજી છે. એઓ એક સારા કવિ અને તત્ત્વચિંતક છે. એમની કવિતાનું એક પુસ્તક "થાકેલું હૃદય" એ શિર્ષક હેઠળ "ખંડ કાવ્ય" ના રૂપમાં પ્રસિદ્ધ થયેલું છે. સૂફીવાદની એમનાં કાવ્યોમાં ચોખ્ખી ઝાંખી થાય છે, જે આધુનિક કવિઓમાં ઓછી જોવામાં આવે છે; અને તેમાં "દીવાને સાગર" અદ્વિતીય જણાશે. ગૃહસ્થી જીવન ગાળતા હતા, ત્યારે એમણે "ગુજરાતી ગઝલિસ્તાન" નામથી એક

ગુજરાતી ગઝલોનો સંગ્રહ કર્યો હતો, જે બહુ લોકપ્રિય નિવડયો હતો. એ ગ્રન્થના વિસ્તીર્ણ ઉપોદ્ઘાતે ગુજરાતના વિદ્વાનોનું પણ સારૂં ધ્યાન ખેંચ્યું હતું.

છેલ્લાં પંદર વર્ષથી તેઓ વડોદરા રાજ્યમાં પાદરા તાલુકામાં ચિત્રાલમાં આશ્રમ બાંધીને વાનપ્રસ્થનું એકાન્તિક જીવન ગાળે છે અને એમની આસપાસ એક મોટું અનુયાયી મંડળ ઉભું થયું છે. પ્રસંગોપાત્ત તેઓ જે ઉપદેશ કરે છે, તે લેખો ન્હાની પુસ્તિકા રૂપે છૂટક પ્રકટ થયેલા છે; જેમકે (૧) ગીતાનું હૃદય; (૨) ગીતાની વિચારણા; (૩) ૐ પ્રભુજીના કક્કા (૪) મુમુક્ષુ વિચારણા; (૫) સંતોની વાતો વગેરે અને તે એમના ઉપદેશની ગંભીરતા અને ગહનતાનો કંઇક ખ્યાલ આપશે.

હમણાં તેઓ એમના પ્રિય કવિ કલાપીનાં કાવ્યોનું નવું સંસ્કરણ, અસલ સાધનો પરથી ટીકા અને વિસ્તૃત ઉપોદ્ઘાતસહ કરી રહ્યા છે અને તે બહાર પડેથી, કલાપી વિષે તે એક અપૂર્વ અને પ્રમાણભૂત ગ્રન્થ થશે; તેમ અખાજીનો અપ્રસિદ્ધ કાવ્યસંગ્રહ તેમણે એકત્ર કરેલો છે, તે પણ નજદિકમાં બહાર પડે, એવો સંભવ છે. "સંતોની વાણી" નામના ગ્રન્થમાં, "અખાજીની પ્રણાલિકા" વિષે તેમણે ઉપોદ્ઘાતરૂપ સાઠેક પૃષ્ઠનો એક ઉપયોગી લેખ લખ્યો છે.

એક સહૃદયી કવિ અને તત્ત્વચિંતક તરીકે એમની કૃતિઓ વિચારણીય જણાશે.

એમની કૃતિઓ –

૧.	થાકેલું હૃદય	પ્રથમાવૃત્તિ	સન ૧૯૦૯
૨.	કલાપી અને ત્હેની કવિતા	,,	૧૯૦૯
૩.	ગુજરાતી ગઝલિસ્તાન	,,	૧૯૧૩
૪.	ગુજરાતી સાહિત્યમાં ગઝલનું સ્થાન	,,	,,
૫.	દીવાને સાગર દફતર પહેલું	,,	૧૯૧૬
૬.	મજનું જોગી અને ફિરશ્તો	,,	૧૯૧૬
૭.	સ્વીડનબોર્ગનું ધર્મશિક્ષણ	,,	૧૯૧૬

૮.	મુમુક્ષુવિચારણા	પ્રથમાવૃત્તિ ,,	૧૯૧૭
૯.	પ્રાર્થનાપોથી	,,	૧૯૨૫
૧૦.	સંતોની વાતો	,,	૧૯૨૬
૧૧.	સનાતન વિચારણા	,,	૧૯૨૬
૧૨.	મહાત્મા વિવેકાનંદનું હૃદયબલ	,,	૧૯૨૭
૧૩.	મહાત્મા એમર્સનનું પરમાત્મતત્ત્વ	,,	૧૯૨૭
૧૪.	ધર્મવિચારણા	,,	૧૯૨૭
૧૫.	ૐપ્રભુજીના કક્કા	,,	,,
૧૬.	Eternal Reflection	,,	,,
૧૭.	ગીતાનું હૃદય	,,	૧૯૨૮
૧૮.	ગીતાની વિચારણા	,,	,,
૧૯.	સ્ત્રીપુરુષવિચારણા	,,	૧૯૨૯
૨૦.	દીવાને સાગર દફતર બીજું	,,	૧૯૩૬

ફેહરિસ્ત

વસ્તુ	પૃષ્ઠ
અકર ચકર ગુરુ ઘનચક્કર	૯૯
અખ્ખા મીલ્યા ગુરુ	૧૩૪
અગમ દેશકે જોગી ...	૮૮
અગર એ ક્યાં ગયો સાગર ?!	૧૨૭
અગર હાં હું હતો દાનો ...	૧૫
અજબ અલખ સુલ્તાની ...	૭
અજબ ખુમારી ચડી! ...	૬૪
અનાદિ અનન્ત અદ્વૈત ...	૧૮૮
અનાદિના અવધૂતા ...	૧૪૭
અમને એવા ગુરુજી મળિયા	૬૯
અમે વેગે વૃન્દાવન આવશું	૧૬૪
અરજી	૧૦૩
અલ્હક! અનલ્હક જલ રહા	૧૨૮
અંધા જીત લે લંકા ...	૧૦૦
આત્મજ્ઞાનનું ભજન ...	૫૩
આન ખડો તોરે ચરણોમેં	૧૨૫
આપ સહારા હમારા ..	૧૮૦
આ ભજનભેદ ભણી લેજો રે	૯૧
આરામની સાખીઓ ...	૪૩
આવી દયા ન્હોતી જાણી ...	૧૦
ઈંગ્લિશ પ્રલપનો ...	૧૯૧
ઉસ ઘર પર ઠરના ...	૯૮
એવી તે કેફો શી કરી રે ?!	૧૮૫
એ રસ કોણ પીએ ?	૫૪
ૐ પ્રભુજી ૐ પ્રભુજી ૐ	૧૦૨
ૐપ્રભુજીૐપ્રભુજી ઓમ્માં ખપાવે	૧૬૩
ૐપ્રભુજીના કક્કા ...	૧૬૭
ૐપ્રભુજીના મહિના ...	૧૭૭
ૐપ્રભુજીના સાત વાર ...	૧૭૮
ૐભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતૃકે !	૧૩૯
ૐભૂર્ભુવઃ સ્વઃ નામ મ્હારૂં	૧૪૧
ૐભૂર્ભુવઃ સ્વઃ રૂપ મ્હારૂં	૧૪૦

વસ્તુ	પૃષ્ઠ
કડવું ઓસડ મીઠું કીજે...	૧૯
કબીર સાહેબનું ભજન ...	૧૫૯
કરી કમાણી એવી ...	૭૧
કહાના – કહાના કામણગારા !	૧૫૦
કોઈ ચેતો ! હાં ! નરનારી રે !	૯૫
કોઈ પીઓ સાધુ અબધૂતા રે	૯૬
કોઈ શું બૂઝે જડીબૂટી ?!	૬૫
કોઈ હરિજન હો તો આવો રે	૧૦૬
કોણ છે ?	૨૪
ખૂબ ખૂબ ! ! ...	૨૨
ખેલ અબેલા ખેલે	૭૫
ગમ ખાય સાગર બાદશાહ	૩૫
ગુરુગમ ખાઈ કટારી	૮
ગુરુઘરની સાખીઓ ...	૪૪
ઘનચક્કર અપરિમિત ...	૧૨૨
ઘનચક્કર ગુરુની આરતિ	૧૨૦
ઘનચક્કર ગુરુનો વેષ	૧૨૧
ઘનચક્કર નકશો ! ! ...	૧૨૦
ઘનચક્કર હો જાઉં !	૧૧૯
ઘેંઘટ હાલ શું જાણે ?	૨૮
ચાલો વૃન્દાવન વસિયે	૧૧
છીયા કાયા વૈસી માયા	૧૬૫
છેક વહી જાવું ! ...	૨૬
છે મુલ્ક હિન્દુસ્તાન શો !	૩૬
છોટાસા મન્તર સ્હેલા	૭૮
જય જય પૂરણ બ્રહ્મ	૧૩૭
જય જય સીતારામ !	૬૬
જય સદ્ગુરુ દાતા ! ...	૧૩૬
જાગી ઉઠયો વ્હેલો વ્હાણે !	૫૬
જાનો-બુઝો – જી ! વિચારો	૧૩
જુગ જુગ જીવો અખાજી	૧૨૪
જુગ જુગ જીવો જીવનજી	૬૭

જેણે ગગન ઉપર ઘર બાંધ્યું ૭૨
જોજે મ્હને એ જાણતી ૨૧
જયમ જયમ દરદ આવ્યાં કરે ૩૩
ઝખમ જિન લગ્યા-લગ્યા હો ! જી! ૧૦૧
ઝડપી લીધી ઝીણી વાતડી ! ૩૭
ઝબકતી વીજ અજવાળે – ૮૭
ઠેઠ જઈને બેઠો ... ૧૫૭
તારે ગુરુજી જહાજ રે ! ૧૨૬
તું એ છે યા બીજો સાગર ? ૨૦
તું તો જ્યોતિકુમાર ૧૧૩
તું તો બ્રહ્મકુમાર ... ૧૧૨
તોળલનું ભજન ... ૧૮૬
ત્રિપુરાનું ભજન ... ૧૯૦
ત્રિવેણી તીરે, ઓ સખિ રે ! ૧૧૮
ત્હારે ઘરે એ મ્હેમાન છે રે ૧૨
થઈ કબર કેં રોજ પર ! ૮૫
દયાનિધિ ! નમીએ વારંવાર ૧
દાયણ બિચારી શું કરે ? ૩૯
દુલ્હન વગરનો માંડવો ! ૨૫
ધર્મ તણે જંગ ચડિયે ! ૧૫૪
ધર્મધનુષ કર ધરિયે ! ૧૫૩
નથી પાર , પ્રભુ ! પોથાંનો ૧૦૪
ના ના ગઝલ લલકારજો ૨૩
નામ સહારા હમારા ૮૦
નિરંજન વાણી નિર્વાણી ૧૧૧
પ્રભુ તું જ છે – પ્રભુ તું જ છે ૧૮૨
પ્રભુની કાફી ... ૮૪
પ્રભુ ભૂખ્યા છે કેવલ ભાવના ૧૧૭
પ્રજ્ઞાનભાનુ જલ રહા ! ૧૩૨
પ્રજ્ઞાનમાનન્દબ્રહ્મ ... ૫૨
પ્રલય ... – ... ૪
પ્રશ્ન પૂછું એક સ્હેલું ... ૫૭
પ્રેમકલહ ૨
પ્રેમસ્વરૂપ પ્રભુનું ભજન ૧૮૯
પંડિતો ! પોથાં છોડો રે ! ૫૮
ફેરો અમારો ફળ્યો રે ૯૦
બનકે સરિત મીલ જાઉં ૭૪
બદન વગરની બદલી ! ! ૧૮૪
બાબા બ્રહ્મવિલાસી ... ૬
બોલ્યાનું કેં કારણ નથી ! ૮૩
બ્રહ્માગ્નિની ભડભડ અગન ૪૨
ભક્તિ અમારે તો જોઇયે ૧૭
ભજન તો એકલાનું હો ! ૫૧
ભરથરીનું ભજન ... ૧૧૫
ભાગત કવિતા કલા ! રી ! ૮૯
ભાગ્યની રેખાઓ રૂડી ! ૧૬
મધ્યાહ્નરવિ જ્યું જલ રહા ૧૩૧
મન ! હરિ ભજ રે ... ૮૬
મરવું તો હક છે ... ૮૨
મહા ભૂમા મહાભેવ કયા ? ૧૪૨
મીરાંના ભજનનો લય ૧૯૦
મીરાં હો ગઈ ભગત ૧૩૮
મૂકી દો – મૂકો કર મ્હારો –કૃષ્ણજી ! ૧૪
મૂક્યો ન મ્હારો કેડો ! ૭૪
મૈં તો ચિડિયાં બના હું ૧૪૮
માંઘલે મંદિરિયે મ્હાવ ૧૬૦
મ્હારા કસમ ૨૭
યાર મેરે દિલકે અબધૂતા ! ૪૯
રટ-રટ-રટ નિજ નામ ૭૬
રબસે લિપટ લિપટકે ૧૬૧
રસજાહ્નવી ઝીલ્યાં કરે ૧૮૧
રાજી રહો મહારાજ સયાજી ૧૬૨
રાઝે બકા ખોલું અગર ૪
રાતડી રહું મધુવનમાં
રાધે ! મ્હારે ગોરૂં થવું છે !

રામ તું હિ ગાવું ૪૭
રામનામનું નાણું ૮૧
રામધૂન લગી લગી મેરે દિલ ૬૦
રામમંત્ર હૈ પ્યારા ૬૧
રામસ્મરણ ૪૮
લબ પર લખેલ અલખ ધરમ ૩૪
લેખપેં મેખ મરાવી ૧૮
વતનનું ભજન ૧૭૯
વો ઘર સાગર મીલના ૧૧૪
વ્હાલા-વ્હાલા ઓ વૃજલાલા !૧૪૯
શતરંજ બસ જીવન્ત ! હાં ! ૩૦
શબ્દકોષ ... ૧૯૯
શી મૂર્ખતા એ ઉંઘની ! ૪૧
શી રીતે ભક્તિ કરીએ રે ? ૧૦૫
શ્રી કલાપીને સ્નેહાંજલિ ૧૮૭
શ્રી ગીતાનો ગરબો ૧૫૧
શ્રી શંકરાચાર્યજીની ગઝલ ૧૫૬
સનમ તમારી , સાગર ! ૬૨
સમુઝન બિન સુખ નાહીં ૩
સબરસ વરસતા ધામમાં ૩૮
સહજ ઓહંગસોહંગ ૯
સહજ સમાધિનું ભજન ૧૮૯
સહુ સહુનું કર્મ ફળ્યાં કરે ૪૦
સાકૂટની સાખીઓ ... ૪૫
સાગર ઘરોંઘર હો ગયે ૧૦૭
સાગર બ સાગર ઉભર્યું ૨૯
સાગરરાજ ભયે ન ભયે ૧૩૦
સાગર શિવોહમ્ જલ રહા ૧૨૯
સાગર સમરથ સાંઈ ૧૬૬
સાગર સૂનકી નગરિયાં ૫
સાધન સાધ્યું તે સાધુ ૫૫
સાધુતા સાધુકો જાને ૫૨
સુણે છે કે સુષુપ્તિમાં ? ૧૮૩
સેવાધરમ સુખદાયી ૯૭
સોહિ ઘર ડંકા ! ડંકા ! ડંકા ! ૭૩
સોહં હંસ સદા ય ! હો ! ૧૩૩
સ્વદેશનું ભજન ... ૭૭
સ્વદેશીનું ભજન ... ૭૦
હતો ; પણ ખામી અક્કલની ૩૧
હદ વટી બેહદ રહીએ ... ૫૯
હમ કાસીકે રહેવાસી , ભાઇ ! ૬૩
હમ તો સચ્ચી બતલાવે ૯૨
હમ તો સત્ વસ્તુ દેવે ૯૩
હર હર હર મહાદેવ ૧૫૫
હરિભજનમાં લગ રહિયે ૧૦૮
હંસગુફાના વાસી ૧૧૬
હંસ લખાવ્યા હૈયે ૧૫૮

ૐ અલખ ગુરુકી ફતહ

ૐ નીતિ ધરમકી ફતહ – ૐ અલખ ૦

ૐ ૐ ૐ

सूचिपत्र

૧

ગુરુ થા ત્હારો તું જ, નથી કોઇ બીજું ભજવા;
બાહ્ય સુરતને ટાળ, વાળ અન્તરમાં સજવા.
શ્રી અખાજી.

Be only Thou thy Master, Man!
None else there is for worship Thine;
Re-move the form external all in all,
Be-hold within the formless Form Divine.

It is the Lover, That veils The Beloved.
Maulana Jalaluddin Rumi.

૨

ગર ખુદા ન હો તો ખુદ બનાકે પૂજેંગે

मरेंगे मरेंगे मरेंगे हम —
गुरु! तेरे भजनम मरेंगे हम. गुरु! ०

હકધૂન લાગી - અનલહક લાગી - હકધૂન ૦

જય ગુરુ જય ગુરુ અલખ નિરંજન - જય ગુરુ ૦

હરિ ૐ હરિ ૐ જય ગુરુદેવ -
દત્ત નિરંજન જય ગુરુદેવ! હરિ ૐ ૦

૩

ગુરુ ગુરુ ગુરુદેવ નખશિખવ્યાપક-ગુરુ ગુરુ ૦

હરિ ગુરુ સન્તનકી જય જય - હરિ ગુરુ ૦

जय जय ॐ प्रभुजी ॐ।
जय जय ॐ प्रभुजी ॐ॥

॥ ॐ सद्गुरु ॥

दीवाने सागर

दफ्तर बीजुं

॥ गुरु गुरु गुरुदेवकी जय। जय जय गुरुदेवकी जय ॥ गुरु० ॥

दयानिधि! नमीए वारंवार

નમીએ વારંવાર, દયાનિધિ! નમીએ વારંવાર!
દયાનિધિ! નમીએ વારંવાર! દયાનિધિ! ૦

કોમલ, નમ્ર, સુશીલ બનાવો, આપો, પ્રભુજી! પ્રેમ;
પ્રેમ વડે, પ્રભુ! ગાઇયે, તમને, એ જ અમારૂં ક્ષેમ.
દયાનિધિ! નમીએ વારંવાર! દયાનિધિ! ૦

દીન, અબુધ, અપાત્ર અમે તો, અન્તર ભરીએ પ્રકાશ;
પાસે પળેપળ વસીએ, પ્રભુજી! એક જ એ અભિલાષ.
દયાનિધિ! નમીએ વારંવાર! દયાનિધિ! ૦

મન, બુદ્ધિ, ચિત્તથી પાર, પ્રભુજી! તો યે દયા ઘનરૂપ;
ઉજ્વલ આપ બતાવી બરાબર, સાગર રૂપ અરૂપ.
દયાનિધિ! નમીએ વારંવાર! દયાનિધિ! ૦

प्रेमकलह

અબ તો મૈં રાર કરૂંગી! –
પિયા! તુમસેં અબ તો મૈં રાર કરૂંગી.
પિયા! તુમસેં ૦

આધી સી રૈનાં ગુમાઈ કહાં પર?! –
ના ના મૈં અસી ડરૂંગી. પિયા! તુમસેં ૦

ક્યા તુમ સમુઝત હમકો ખિલૌના?! –
નૈનાં મૈં ના ના ભરૂંગી. પિયા! તુમસેં ૦

હઠિયે! જી! હઠિયે! અજી! પ્યારે! હઠિયે! –
ના ના મૈં હઠપેં ચઢુંગી. પિયા! તુમસેં ૦

ચુપ! રે ઓ તૂતી! લગાતી ક્યું ટાનેં! –
તોપેં મૈં બિખ ના પીવૂંગી! પિયા! તુમસેં ૦

હૅસ હૅસકે ક્યા ફસાવત સાગર?! –
તોસેં મૈં ના ના હસૂંગી. પિયા! તુમસેં ૦

समुझन बिन सुख नाहीं

સમુઝન બિન સુખ નાહીં –
સન્તોં ભાઈ! બિન સમુઝન સુખ નાહીં.
સન્તોં ભાઈ! ૦

નિજ સુખ કારન જલત રહત જ્યું –
ત્યું ત્યું ખ્હડત પશુતાઈ. સન્તોં ભાઈ! ૦

ઈત, ઉત ઢુંઢત સબ સુખદાયી,
મનુવાકી યહિ મનુવાઈ. સન્તોં ભાઈ! ૦

જોગી, જતિ, મુનિ, પંડિત, સબતેં –
આશકકી અધિકાઈ. સન્તોં ભાઈ! ૦

જ્ઞાની, સનેહી ઉડાવત શાહી,
બૂઝત ક્યા કવિતાઈ?! સન્તોં ભાઈ! ૦

ભેખ લીન્હો! ઉરપેં અમીસાગર –
ફિરત ફિરત ફિરી જાઈ! સન્તોં ભાઈ! ૦

प्रलय

આતમપણ ઉલસે એવું એવું રે –
આતમપણ ઉલસે એવું એવું.
આતમપણ ૦

મનપણ, તનપણ, રાગપણ મિથ્યા! –
જગપણને ક્યાં રૂહેવું રે?!
આતમપણ ઉલસે એવું એવું. આતમપણ ૦

પ્રલયાગ્નિ દવ પ્રબળ જળે ત્યાં –
બચવા ખ્હારૂં કેવું રે?!
આતમપણ ઉલસે એવું એવું. આતમપણ ૦

પ્રલય થતો દશ દિશ પૃથિવીનો –
થનાર થાવા દેવું રે.
આતમપણ ઉલસે એવું એવું. આતમપણ ૦

શૂન્ય શિખર [illegible]ર મ્હાલે પોતે –
[illegible]ગર લેવું ન દેવું રે!
આતમપણ ઉલસે એવું એવું. આતમપણ ૦

सागर सूनकी नगरियां

મતિ આઓ મોરી ઝુંપરિયાં –
અજી! કોઉ મતિ આઓ મોરી ઝુંપરિયાં!
અજી! કોઉ ૦

મોરી ઝુંપરિયાંકો ઘર ન ઘિરસ્થી!
પતિયાંકી મોરી મ્હડૈયાં! અજી! કોઉ ૦

ચિકના સલોના ન મેવા મિઠાઈ! –
લૂખી હમારી બજરિયાં! અજી! કોઉ ૦

શાલ દુશાલા ન ગુદડી કમલિયાં –
ખાલકી મોરી સજડિયાં! અજી! કોઉ ૦

છાંડિકે તન, મન, પીના અગમ રસ –
બિન મુખ ગૈબી ગગરિયાં! અજી! કોઉ ૦

લાજ તજિકે ખેલાવત ખેલત –
સાગર સૂનકી નગરિયાં! અજી! કોઉ ૦

बाबा ब्रह्मविलासी

બ્રહ્મદેશકે બાસી –
બાબા બ્રહ્મદેશકે બાસી. બાબા ૦
નામ, રૂપ, ગુન, દેશ, કાલમેં –
બાબા સદા ઉદાસી. બાબા ૦
આશ, નિરાશ અતીત ઉભયસેં –
નાહીં ઉપાસ્ય ઉપાસી. બાબા ૦
જિત જિત નઝર ઠરે તિત સાંઈયા –
નિત મથુરા! નિત કાશી! બાબા ૦
ભોગ, અભોગસેં અલગ નિબાસા!
અબધૂત રૂપ અકાસી! બાબા ૦
ઝાહિર સાગર છુપા સબસેં –
બાબા બ્રહ્મબિલાસી! બાબા ૦

अजब अलख सुल्तानी

પડખીને પ્રેમે પિછાની!
અહાહા! પડખીને પ્રેમે પિછાની! અહાહા! ૦
અચિ! જિસ કાજે તજે રાજ રાજા,
વહી તું હી! આપે લુભાની! અહાહા! ૦
ચરરર ચિલ્વન તડતડ તૂટે –
આપે લૂટાતી દીવાની! અહાહા! ૦
તું હિ તનમનધન — તું હિ તું હિ ચેતન –
તું હિ તું હિ પ્રેમબાની! અહાહા! ૦
ભાન અભાન! દિસે ન દિસે કૂઈ –
ધન! ધન! હાં! ઝિન્દગાની! અહાહા ૦
મોજાં ઉડાવો! જી! હાં! શાહ સાગર! –
અજબ અલખ સુલ્તાની! અહાહા! ૦

गुरुगम खाई कटारी

ખેલ અખેલા ખેલારી ! –
જોગીરાજા ખેલ અખેલા ખેલારી ! જોગીરાજા ૦

અવઘટ ઘાટે તખત સૂન લીન્હો !
સત્ગુરુકી બલિહારી ! જોગીરાજા ૦

ગુગ્જે અમુખી ભૅંવર કોઉ દમદમ ! –
સુરત નૂરત જાકી ન્યારી ! જોગીરાજા ૦

ચન્દા, સૂરજ દોઉ કરત વઝીરી ! –
પંચમ વેદ વિહારી ! જોગીરાજા ૦

સારી જહાં જાકો બેટા વ બેટી –
સબસોં અસંગત યારી ! જોગીરાજા ૦

ગત સાગરગત મૈયત જાને,
ગુરુગમ ખાઈ કટારી ! જોગીરાજા ૦

सहज ओहंग सोहंग

રગ રગ ઉમડે અનંગ ! –
કહું કૈસે ? રગ રગ ઉમડે અનંગ ! કહું કૈસે ? ૦

મીલનો ભયો મોરે પ્યારે પિયુસેં ! –
દોનોં બને એક અંગ ! કહું કૈસે ? ૦

બનત બનત મોરી બન ગઈ લગની ! –
લાલન લીન્હો ઉચ્છંગ ! કહું કૈસે ? ૦

મૈં પિયુજીમેં ! મુઝીમેં પિયુજી !
આઠોં પહર પિયુસંગ ! કહું કૈસે ? ૦

નિગમ લિખત જાકો નેતિ નેતિ –
યે હિ અલખ અતિ જંગ ! કહું કૈસે ? ૦

સજની ! સુનો ! પિયુ સાગર ગુગ્જત ! –
સહજ ઓહંગ સોહંગ ! કહું કૈસે ? ૦

आवी दया न्होती जाणी !

આવી દયા ન્હોતી જાણી –
ધણી મ્હારા ! આવી દયા ન્હોતી જાણી ! ધણી મ્હારા ! ૦

પ્રીતિ, અહા ! શી અનન્ત તમારી ! –
મ્હારી તો મતિ યે મુંઝાણી ! ધણી મ્હારા ! ૦

ચાંપી ઉરે ઉર કહી કહી કેવું ?! –
બોલ્યા પરમ ગુહ્ય વાણી ! ધણી મ્હારા ! ૦

કોણ ફૂહાગણ ?! બોલો સખીઓ !
સહિયરો ક્યમ ઝંખવાણી ?! ધણી મ્હારા ! ૦

રંગ અનંગ રગે રગ ઘૂમે –
રસબસ રહી પ્રભુ માણી ! ધણી મ્હારા ! ૦

સાગર વર હો ગુરુ ઘરવાળા ! –
ધન્ય હું તો ધણીઆણી ! ધણી મ્હારા ! ૦

चालो वृन्दावन वसीए

ચાલો વૃન્દાવન વસીએ –
હાં હાં – રે હવે ચાલો વૃન્દાવન વસીએ !
રાસ માંડયો છે કુંવર કન્હૈયે !
હાં ! હાં ! રે હવે ચાલો વૃન્દાવન વસીએ !

ગોરસ રસભરી ગોપિકાને, ભર અનુભવ રસરંગ ;
માણે તે જાણે અમીથી અધિકડો અદ્‌ભુત પ્રેમઅનંગ ! –
અંગે અંગે કીધું ઘર રંગરસીએ !
હાં ! હાં ! રે હવે ચાલો વૃન્દાવન વસીએ !

છલક છલક છલકે ઉરપાત્રે, પ્રેમ મહા બ્રહ્માંડ ;
જેને પચે નહીં પ્રેમરસાયન, છો એ ફૂટે કર્મકાણ્ડ ! –
લોકડિયાંના મ્હેણાં સુખે સુખે સહીએ !
હાં ! હાં ! રે હવે ચાલો વૃન્દાવન વસીએ !

સુણીએ – સુણીએ – બજી રહી બંસી – બેહદ બસ રણંકાર ;
ચાલો સહિયર સાગર ઝટપટ – ઝૂલે છે નન્દકુમાર ! –
પરમ રતિમાં – હાં – રસબસ રહીએ.
હાં ! હાં ! રે હવે ચાલો વૃન્દાવન વસીએ !

ત્હારે ઘરે એ મ્હેમાન છે રે

ગાન છે ગાન છે ગાન છે રે –
મ્હારા હૈયામાં પ્રેમનું ગાન છે.
મ્હારા હૈયામાં પ્રેમનું ગાન છે.

બોલું કે બોલું નહીં તો ય શું થયું ?
નાથજીના નેહનું નિશાન છે રે !
મ્હારા હૈયામાં પ્રેમનું ગાન છે.

વાતો ન પૂછશો મ્હને – હાં – પ્રભુની –
હૈયડલું મ્હારૂં બેભાન છે રે !
મ્હારા હૈયામાં પ્રેમનું ગાન છે.

જાવ શું હસો છો – અલીઓ – હલેતી !
મતિ રતિમાં મહાન છે રે !
મ્હારા હૈયામાં પ્રેમનું ગાન છે.

સૈયાં ! મ્હારે તો ખોવાયું – કશું કશું –
કોણે કહ્યું કે 'એ કહાન છે' રે ? !
મ્હારા હૈયામાં પ્રેમનું ગાન છે.

'જા ! જા ! ઓ સાગર ! શું હિરદો છુપાવે ?
'ત્હારે ઘરે એ મ્હેમાન છે રે !'
મ્હારા હૈયામાં પ્રેમનું ગાન છે.

जानो – बुझो – जी ! बिचारो

જાનો – બુઝો – જી ! બિચારો –
હો યારો ! જાનો – બુઝો – જી ! બિચારો !

કૌન હો તુમ ? અરુ આયે કહાંસેં ? –
કહાં જીવ જાવણહારો ?
હો યારો ! જાનો – બુઝો ! જી ! બિચારો !

કીસીકો કહે જીવ ? પીવ કીસીકો ?
કૈસો હૈ નાતો તુમ્હારો ?
હો યારો ! જાનો – બુઝો ! જી ! બિચારો !

આપ ભયે કૈસે શરીરસંજોગી ? !
કીસી બિધિ સબ યે પસારો ?
હો યારો ! જાનો – બુઝો ! જી ! બિચારો !

મારિકે મનકો અલખકી કટારી –
લે લો શબદકો સહારો.
હો યારો ! જાનો – બુઝો ! જી ! બિચારો !

મૈં નહીં – મૈં નહીં ! મૈં નહીં – સાંઇયા ! –
સાગર યું હિ નિસ્તારો !
હો યારો ! જાનો – બુઝો ! જી ! બિચારો !

मूकी दो – मूको कर म्हारो – कृष्णजी !

મૂકી દો – મૂકો કર મ્હારો – કૃષ્ણજી !
વૃત્તિઓ કુમળી મ્હારી ભેદાય જો !
વનવગડે અડધે મારગડે એકલા !
ઉભા શું અટકાવી ? ઓ વ્રજરાય જો !
મૂકી દો – મૂકો કર મ્હારો – કૃષ્ણજી !

આધા જાવ જરી ! જીવણ ! જાણ્યા તમે !
મીઠે મીઠે ઝરતો મદભર ઝોક જો !
આખ્ખાભાખી હું જેવી કોઈ નથી ! –
સાચ્ચાબોલી જાણે છે સહુ લોક જો !
મૂકી દો – મૂકો કર મ્હારો – કૃષ્ણજી !

આજ લગી ગોરસ લઇ જઇયે આવિયે –
નથી માગ્યાં નથી સુણ્યાં કોઇએ દાણ જો !
ઘેલાં શાં કૂહાડો છો ? ઓ કહાના ! તમે !
દઇયે તે શી રીતે જીવનદાન જો ? !
મૂકી દો – મૂકો કર મ્હારો – કૃષ્ણજી !

પણ – પણ – પણ ઉલટે ઘન સિન્ધુ અનન્તનો !
મુગ્ધ વિવશ મન સરિતા ! સાગર ઘોર જો !
ના – ના – ના ડૂબી – રે – ડૂબી રાધિકા –
તારો કે મારો તું નવલ કિશોર જો !
મૂકી દો – મૂકો કર મ્હારો – કૃષ્ણજી

अगर – हां ! हुं हतो दानो –

અગર – હાં ! હું હતો દાનો – ઈજ્જત ને આબરૂવાળો !
કર્યો તહેં ઘા , સનમ ! છાનો – ચલાવ્યો શો જબર મારો ? !
અગર ૦

દીધી ચૂમી અને લીધી !
સનમ ! તનમન ગયાં લૂટી !
મઝા શી લૂટમાં મીઠી ? ! પૂછે – હાં – હાં ! લૂટાનારો !
અગર ૦

ચૂમે યા ગોદમાં ચાંપે –
ફકીરી ત્યાં જ તું આપે –
અગર , ઠગણી ! ઝબાં કાપે – હસે , હાં ! હાં ! ઠગાનારો !
અગર ૦

સનમની સોડનો સાથી !
રીસાવું તો તમારાથી !
ખસું ના ના પથારીથી – કરૂં – હાં ! હાં ! જરી ચાળો !
અગર ૦

સનમ દિલ્દાર સાગરની –
લૂટારી તું લૂટાનારી –
ઝુકીને કાનમાં , પ્યારી ! " લૂટારી તું તું " લવનારો !
અગર ૦

ભાગ્યની રેખાઓ રૂડી !

બૂડી બૂડી હું તો બૂડી –
અહા ! મધુસાગરમાં હું તો બૂડી ! –
બૂડી – બૂડી – બૂ .... ડી ! હે .... જી !

બાથે મ્હને લીધી નાથે અનન્તે
પેઠી પતાલે હું ઊંડી ! –
ઊંડી – ઊંડી – ઊં .... ડી ! હે ....જી ! બૂડી ૦

ચાળે ચડાવી મ્હને મનમોહન !
મીઠી સમાધિમાં સૂતી ! –
સૂતી – સૂતી – સૂ .... તી ! હે .... જી ! બૂડી ૦

અધરે અધર અલબેલોજી ગૂંથે !
ઊંચે ઊડે – હું તો ઊડી ! –
ઉડી – ઉડી – ઊ .... ડી ! હે .... જી ! બૂડી ૦

કેલિ કરે રસશેષ સ્વયંભૂ ! –
ભાગી ભાગી ભવચૂડી !
ચૂડી – ચૂડી – ચૂ .... ડી ! હે .... જી ! બૂડી ૦

ધન્ય હો સાગર ઉર વૃજવાસી ! –
ભાગ્યની રેખાઓ રૂડી ! –
રૂડી – રૂડી – રૂ .... ડી ! હે ... જી ! બૂડી ૦

भक्ति अमारे तो जोइये

મુક્તિ તે બીજી શી જોઇયે ?!
ઉદ્ધવજી ! ભક્તિ અમારે તો જોઇયે . મુક્તિ તે ૦

જાવ – સિધાવો – અજી ! જાવ – લાવો –
અલબેલોજી અમે જોઇયે !
ઉદ્ધવજી ! ભક્તિ અમારે તો જોઇયે . મુક્તિ તે ૦

શીર ઢાળી ઢાળીને કેશકલાપે
પ્રભુચરણો બસ લોહીએ !
ઉદ્ધવજી ! ભક્તિ અમારે તો જોઇયે . મુક્તિ તે ૦

ઘેલાં – છકેલાં છીએ , હાં ! હાં ! છબિલાં !
પાયો અગમ રસ રસીએ !
ઉદ્ધવજી ! ભક્તિ અમારે તો જોઇયે . મુક્તિ તે ૦

' જ્ઞાની ' કરો , જાવ – ફૂડા જગતને –
જોગી થવું જેણે જોઇયે .
ઉદ્ધવજી ! ભક્તિ અમારે તો જોઇયે . મુક્તિ તે ૦

ગુરુજી અમારે સ્વયં ૐ સાગર –
મૂવાં તે નવ અવતરીએ .
ઉદ્ધવજી ! ભક્તિ અમારે તો જોઇયે . મુક્તિ તે ૦

લેખપેં મેખ મરાવી !

ન્હોતી કળા જાણી આવી ! –
ઓ પ્રભુજી ! ન્હોતી કળા જાણી આવી !
ઓ **પ્રભુજી !** ન્હોતી કળા જાણી આવી !

ખ્હાનું બતાવી , એકાન્તે વહાવી !
બંસી શી **બ્રાહ્મી** બજાવી ? !
ઓ પ્રભુજી ! ન્હોતી કળા જાણી આવી !

મુખ ના મરોડો – અજી ! જાવ , **પ્યારા !**
મૂકો – મૂકો – ઓ – મૂંઝાવી !
ઓ પ્રભુજી ! ન્હોતી કળા જાણી આવી !

આવું – ન આવું – હવે ફરી – **મોહન !** –
દીધો આ દાવ ચૂકાવી !
ઓ **પ્રભુજી !** ન્હોતી કળા જાણી આવી !

વ્યાપક નખસીખ અંગ ઉપાંગે –
અમીરસહેલિ ચલાવી !
ઓ **પ્રભુજી !** ન્હોતી કળા જાણી આવી !

સગુણ નગુણ પર **મનમથી સાગર** –
લેખપેં મેખ મરાવી !
ઓ **પ્રભુજી !** ન્હોતી કળા જાણી આવી !

कडवुं ओसड मीठुं कीजे

કડવું **ઓસડ મીઠું** કીજે –
પીજે , બાપ ! કડવું **ઓસડ મીઠું** કીજે . કડવું ૦

પાછું ન આવે છૂટયું તીર કરથી –
कर्मणो गहना गतिः । છે .
પીજે , બાપ ! કડવું **ઓસડ મીઠું** કીજે . કડવું ૦

પી હરિરસબૂટી ! અબઘડી પી લે –
આગ જગવ રહી **મહીં** જે .
પીજે , બાપ ! કડવું **ઓસડ મીઠું** કીજે . કડવું ૦

પ્રકૃત ત્રિગુણી ગણી તરણા શી ,
દિલને **અગમ** રંગ દીજે .
પીજે , બાપ ! કડવું **ઓસડ મીઠું** કીજે . કડવું ૦

જીવની સગાઈ કરી , હાં ! હાં ! **પીવથી** ,
અખંડ **સુરતસુખ** લીજે .
પીજે , બાપ ! કડવું **ઓસડ મીઠું** કીજે . કડવું ૦

સાગર રાજકુમારી વરી ॥ ૐ ॥ –
પતિવ્રત અમરત પીજે .
પીજે , બાપ ! કડવું **ઓસડ મીઠું** કીજે . કડવું ૦

તું ए छे या बीजो सागर ?

" અગર આ ગીર્દી શી ચોગમ ? મરસિયા ફાતિહા શા પર ?"!
" ન જો આડું, પી! પી! પ્રીતમ! પડી છે શી ત્હને? પાગલ!"
" અગર ૦

" ગઝલ હું ગાઉં – નાચે તું :
" તું ગા ગા ગીત – હું નાચું :
" તું થઇ આશક – સનમ બસ હું! મઝા શી આજ રજનીભર!"
" અગર ૦

" ભલા! આ જૈફ હાલતમાં –
" ચડયો શી બેશરમ લતમાં ?"!
" જી! હાં! અલમસ્ત વહદતમાં, પડયો કાયમ પથારી પર."
" અગર ૦

" જતી આ પાલખી શેની ?
" અવ્વલમંઝિલ થતી કોની ?"
" હયાતી મસ્ત આશકની અગર ના ના કબર અન્દર!"
" અગર ૦

" પરસ્પર દિલ અસલ બિસ્તર –
" કફનમાં બસ બદન સુન્દર –
" હસે – હાં – હાં! જનાઝા પર! તું એ છે યા બીજો સાગર?"
અગર" ૦

जोजे – म्हने ए जाणती !

અયિ! ઓ! જરા બાજૂ બદલ – બહલાવ દિલ! દિલ દાબતી!
બસ જ્યાં બદન ખુલ્લું અસલ – ત્યાં તો ઝબાં બીજી નથી.
અયિ ઓ! જરા બાજૂ બદલ!

ગૂંથી લબે લબ શી હસે! –
" દિલ્બર! તું તો વટલી જશે!"
હાં હાં કસમ છે જો ખસે – બસ પા જ પા! અય હાંફતી!
અયિ ઓ! જરા બાજૂ બદલ!

ના હીન્દૂ યા મુસ્લીમ નથી :
અળગો છું નામોકોમથી :
તું તું ધરમ! પ્યારી રતિ! આ જૈફ દિલ બહલાવતી!
અયિ ઓ! જરા બાજૂ બદલ!

" મ્હેં સાંભળ્યું – પ્યારા જિગર! –
" 'સાગર' સૂફી છે નામવર!"
હાં – હોય – કોઇ હશે – અગર – જોજે મ્હને એ જાણતી!!
અયિ ઓ! જરા બાજૂ બદલ!

ખૂબ ખૂબ ! !

શી આજ માઝમ રાતડી ! મસ્તો ! પીઓ બસ ખૂબ ખૂબ ! !
લ્યો – પીપ ખોલો અબઘડી ! સાકી ! ભરો ! હાં ! ખૂબ ખૂબ ! !
શી ૦

અય લોક ! આશક ના થજો :
જો થાવ તો પૂરા હજો :
ધન, માન, જાન બધું જજો – હો ઈશ્ક એક જ ખૂબખૂબ ! !
શા ૦

દારૂ ? ન નામે ભાખવું :
બામણ બનીને ભાગવું :
યા પીવું તો પી જાણવું – બસ પીવું પાવું ખૂબખૂબ ! !
શી ૦

ના જોવું ઓરતનું બદન –
બસ જાણવું જળતી અગન :
જો જોવી તો સુરત નગન – કરવી ખરાબી ખૂબખૂબ ! !
શી ૦

સાગર ફકીરી બાદશાહ –
ખાણું ન મંજૂર હર જગાહ –
જા – માફ છે પ્યાલું ક ચાહ – લકડી ધૂણીની ખૂબખૂબ ! !
શી ૦

ના ના ગઝલ લલકારજો !

ના ના રહે દિલ હાથમાં, તો જાય ત્યાં બસ છો જજો !
ખુલ્લું મૂકો, હાં ! રાહમાં, ધાગો ન એછે રાખજો.
ના ના રહે દિલ ૦

દિલ બેઅદબ આવે પરત,
તો તો સઝા લાઝિમ સખત;
દઇ નસીહતો તુરતાતુરત – એકાન્તમાં ફટકારજો.
ના ના રહે દિલ ૦

હાં ! આગના ભડકા મહીં –
જેથી જહાં ભડકી રહી –
તહીં નાહીને નાગાં થઈ – મયખાનું ઢૂંઢી આવજો.
ના ના રહે દિલ ૦

હો હો ખુદા ના ના કહિ –
તેની કશી કોને પડી ? !
છે ઝિન્દગી ઘડી બે ઘડી – ચડી, હાં ! નશે પાગલ હજો.
ના ના રહે દિલ ૦

પાજો પીજો બેખુદ બની !
અર્ઝી મગર આ જૈફની : –
મર્હુમ સાગરશાહની ના ના ગઝલ લલકારજો !
ના ના રહે દિલ ૦

कोण छे ?

લાગી લગન ! બસ ! હાં લગન ! છોડાવનારૂં કોણ છે ?
લાખ્ખો વિઘન ! ચહુંદિશ અગન ! પણ , છોડનારૂં કોણ છે ?
લાગી લગન ! બસ ! ૦

આશક જુવે ના દુનિયા ! –
મસ્જિદ , ઈદ મહીં જડયાં !
અય ! ચાવી લ્યો ! હાજીમિયાં ! પણ , સુણનારૂં કોણ છે ?
લાગી લગન ! બસ ! ૦

હિન્દુ કહે : " ગ્હારો ધરમ ! –
" છે વેદમાં છુપ્યા ભરમ ! "
અજી ! તું જ કર ત્હારૂં કરમ – ' બામણ ' થનારૂં કોણ છે ?
લાગી લગન ! બસ ! ૦

બસ – ઈશ્કિ એક જ બાદશાહ !
પૂરો ખરો આલમપનાહ !
આમીન કદમ જે ઈશ્કિરાહ ! પણ , કત્લ થાતું કોણ છે ?
લાગી લગન ! બસ ! ૦

"ખુદ સ્વર્ગથી આવ્યું લખત :–
" સાગર ! ઇજન સો સો વખત ! "
અજી ! કિસ્મતે કાયમ તખત ! ત્યાં તે જનારૂં કોણ છે ?
લાગી લગન ! બસ ! ૦

दूल्हन वगरनो मांडवो !

દૂલ્હન વગરનો માંડવો ! ! એ ફલ્સુફીથી પણ ઉપર ! –
છે મુન્સફી સૂફીની , અહો ! પણ , જાન શી આ વર વગર ? !
દૂલ્હન વગરનો માંડવો ! ૦

કાઝી કુરાન બધું ભણે !
બામણ ભલે મણકા ગણે !
પણ , કોઇ ના પૂરા બને , ચશ્મો મીચી પીધા વગર !
દૂલ્હન વગરનો માંડવો ! ૦

થા મર્દ ! પી ! હાં ! બેફિકર !
ભમતી નઝર બસ કેદ કર !
નથી કાંગળો અલ્લાહ અગર ચાલે જહાં ત્હારા વગર !
દૂલ્હન વગરનો માંડવો ! ૦

ચાલે ન ઇશ્ક ઉપરછલો –
દિલ સાત પડ ભેદી જળો –
દિલ્બર મળો યા ના મળો ! ના નાદ પણ ' તું તું ' વગર ! ૦
દૂલ્હન વગરનો માંડવો ! ૦

ચલ ! આવ ! પી ! લે લાલ જલ !
જો મોતની પલ છે ચપલ !
પણ , ગા ન સાગરની ગઝલ દિલ પર ખરી મહોબત વગર ૦
દૂલ્હન વગરનો માંડવો !

છેક વહી જાવું !

ખુદાને તો ખુદા જાણે ! અહીં તો બસ બધું આવું !
રહું દિનરાત મયખાને ! અહો ! હરદમ પીવું – પાવું !
ખુદાને તો ખુદા જાણે ! ૦

ભલા ! તું કોણ ? ને ક્યાંથી ?
કબર પર કોણ સંગાથી ?
અગર ભર પ્યાલી છલકાતી – પી ! લે ! લે ! આવ ! સમજાવું !
ખુદાને તો ખુદા જાણે ! ૦

નહીં મુસ્લીમ ! નહીં હીન્દૂ !
અજાતિ ને અનામી તું !
ખલકના ખેલ સહુ જાદૂ ! અસલ તો બસ ફના થાવું .
ખુદાને તો ખુદા જાણે ! ૦

હડો ! ઓ નીતિનાં તાબૂત !
જગતના ઠગ બધા હડધૂત !
અગમ છે ઈશ્કના અબધૂત ! પીવું – પાવું અને ગાવું .
ખુદાને તો ખુદા જાણે ! ૦

ન કરશો સોબતે સાગર –
રખે ઘર થાય દિલ અન્દર !
કરો તો , હાં ! ઉપર ઉપર ! અગર બસ છેક વહી જાવું !
ખુદાને તો ખુદા જાણે ! ૦

મ્હારા કસમ ! !

દામન હું ના ના નહીં મૂકું – રીસાય તો મ્હારા કસમ ! !
અયિ નાઝનીં ! કદમે ઝૂકું – તું જાય તો મ્હારા કસમ ! !
દામન હું ના ના નહીં મૂકું ૦

શો ઝુલ્મ કોમલ રૂપ પર ? !
કર્યું કુબ્ઝ બાંધ્યું રૂંધ્યું અગર ? !
ગભરાય ખુલ્લી હવા વગર ! કર કૈં રહમ ! મ્હારા કસમ !
દામન હું ના ના નહીં મૂકું ૦

ખૂબ તંગ સીનાબંદથી –
કુમળે બદન ભાતો પડી !
કર ખુલ્લી જો જો છાતડી ! સાચ્ચું કહું ! મ્હારા કસમ ! !
દામન હું ના ના નહીં મૂકું ૦

મળ્યું કોણ ? હાં ! રાતે હતું ?
દેતું વચન બસ ચુમ્બતું ?
જો ! ખ્વાબ ! કેવું ખરૂં પડયું ! પા – પા ! સનમ ! મ્હારા કસમ !!
દામન હું ના ના નહીં મૂકું ૦

અહ ! મ્હેલ સાગરશાહના –
ખઝીના ઇજત અસબાબના ! !
જો ! ઈશ્કમાં બિલ્કુલ ફના ! ના ના શરમ ! મ્હારા કસમ ! !
દામન હું ના ના નહીં મૂકું ૦

ઘેંઘટ હાલ શું જાણે ?

અગર પરદેશમાં ભમતો , વતનની વાત શું જાણે !
પ્રીતમના પ્રેમની વાતો , કુંવારી કોઇ શું જાણે ? !
અગર પરદેશમાં ભમતો ૦

ન કર નાહક અગર ટક ટક !
લખ્યાં કર જા કવિત – નાટક !
કલા નથી ઇશ્ક , અય મૂરખ ! હકીકત , હાં ! તું શું જાણે ?!
અગર પરદેશમાં ભમતો ૦

તડપતો કાં ઇજ્જત ઉપર ? –
કલમપેશી કમી જરી કર ! –
ખિતાબો કર ખરિદ બહેતર ! શરાબોને તું શું જાણે ? !
અગર પરદેશમાં ભમતો ૦

મગઝ મુસ્તાક અક્કલ પર ! –
જિગર ગુસ્તાખ યા ખુદ પર ! –
ભમે મન લાખ બાબત પર ! ! તું જા ! જા ! ઇશ્ક શું જાણે ? !
અગર પરદેશમાં ભમતો ૦

ભલા ! શૉખીન ગાયનના !
" ઇ – ઇ – આ – આ " કરી તું ગા ! !
મગર , સાગર શરાબીના તું ઘેંઘટ હાલ શું જાણે ? !
અગર પરદેશમાં ભમતો ૦

सागर ब सागर ऊभर्युं !

અજી ! ઓ ફલક ! સાચ્ચું કહો – હાં ! કોણ અહીં આવ્યું – ગયું ?
મ્હારી કબરનું તો , અહો ! નામો નિશાને ના રહ્યું !
અજી ! ઓ ફલક ! ૦

આભાસ છે આલમ બધી :
હર લાલી શી ઉડી જતી !
કાયમ ખૂબી – હાં – ઇશ્કની ! જન્મ્યું , જીવ્યું મજરે પડયું !
અજી ! ઓ ફલક ! ૦

લ્યો – લ્યો ! મિયાંજી ! જામ લ્યો !
અય હીન્દુઓ ! જરી તો પીઓ !
કદિ વખ્ત આવો ના મળ્યો ! શીરાઝ આજ અહીં જન્યું !
અજી ! ઓ ફલક ! ૦

અજી ! કાલ મયખાને પીતા –
બામણ બિરાદર બે દીઠા ! –
પી પી અને રાજી થતા ! " સાબાશ ! યારો ! " મ્હેં કહ્યું !
અજી ! ઓ ફલક ! ૦

" હાં ! હાં ! જઈફીના કસમ !
" હરદમ કહો કોને સનમ ? "
ચુપ ! ચુપ ! હઝમ કર એકદમ સાગર બ સાગર ઉભર્યું !
અજી ! ઓ ફલક ! ૦

शतरंज बस जीवन्त ! हां !

દિલદાર ના દર્શન પછી , દિલની દશા બદલાઈ ગઈ !
કારી કટારી તીરછી – દિલ પાર બસ ચાલી ગઈ !
દિલદારના દર્શન પછી ૦

મુજ આબરૂના મ્હેલને –
પાતાલ પાયો ખોદીને –
દાટી ખીલી કેં પૂર્વજે ! હાં ! કેવી પણ હાલી ગઈ ! !
દિલદારના દર્શન પછી ૦

અય એ જગન્મીમાંસકો !
ચેતી શકો તો ચેતજો !
પાછળ શરાબી આશકો ! ઘર પર છુપી પ્યાલી ગઈ !
દિલદારના દર્શન પછી ૦

જરી ચાખવા , અજી ! થાય મન ! –
પીતાં પીધું – વધતી અગન !
આ રોજનું જ હવે વ્યસન – દિલ્બર ગળે ઘાલી ગઈ !
દિલદારના દર્શન પછી ૦

શી રંગભૂમિ આ જહાં ! –
સાગર સનમ ખેલી રહ્યાં ! –
શતરંજ બસ જીવન્ત ! હાં ! – લાખ્ખો વખત ઢાળી ગઈ !
દિલદારના દર્શન પછી ૦

हतो ; पण खामी अक्कलनी !

ઠર્યું ઘરનું જ મયખાનું ! હવે , યારો ! કશો ડર શો ?
નઝીકનું ઠીક ઠેકાણું ! ભૂલેચૂકે ન ભટકાશો !
ઠર્યું ઘરનું જ મયખાનું ૦

હમારે મસ્ત મયખાને ,
રહમ કરી યાર દિલ્જાને !
મના છે – બસ – ઇજતખાંને – હઠો ! હાં ! જાવ યા મરશો !
ઠર્યું ઘરનું જ મયખાનું ૦

પીએ છે ભલભલા બામણ !
દિલે અલ્બેલી સોહાગણ !
ન છૂટે છોડવ્યું દામન ! અડગ આશક હિમાચલ શો !
ઠર્યું ઘરનું જ મયખાનું ૦

લીધી દિલ્દાર ઉચ્છંગે –
કટોરી તર ભરી રંગે !
બજે " તાધિન્ – તધિન્ " – સંગે ! અહાહા ! ઠાઠ અદ્ભુત શો !
ઠર્યું ઘરનું જ મયખાનું ૦

જી ! હાં ! તારીફ કરો કોની ?
શું મર્હુમ મસ્ત સાગરની ?
હતો ; પણ ખામી અક્કલની ! અગર તો હોત શાયર શો ?!
ઠર્યું ઘરનું જ મયખાનું ૦

" સનમ તમારી , સાગર ! "

ઇજત અગર હમારી – કોણે બિગાડી દીધી ?!
પૂછ્યું : – ' શરાબદારી – જરી કમી શું કીધી ? ' !
ઇજત અગર હમારી ૦

પંડિતજી ! પીપ ખોલો !
કાઝી ! કવ્વાલી બોલો !
ગુલાબી પ્યાલી લો – લો ! હાં ! હાં ! જી ! પ્રીતું કીધી !
ઇજત અગર હમારી ૦

બિછાવ , દોસ્ત ! વલ્કલ !
બેહિશ્ત બન્યું જંગલ !
ઇનામમાં કમંડલ ! જહાં જલાવી દીધી !
ઇજત અગર હમારી ૦

કાશીથી શાસ્ત્રી આવ્યા –
મ્હેમાન મ્હેં બનાવ્યા !
મિયાંજીથી મિલાવ્યા ! – ભેગી ઉજાણી કીધી !
ઇજત અગર હમારી ૦

" સનમ તમારી ' સાગર ! –
" લગાવી કર ગળા પર –
" ચડી પલાંઠી ઉપર ! તજી શું લાજ દીધી ? ! "
ઇજત અગર હમારી ૦

જ્યમ જ્યમ દરદ આવ્યાં કરે

જ્યમ જ્યમ દરદ આવ્યાં કરે , ખૂબ ખૂબ ખૂશી ત્યમ માણવી :
સમજી જવું કે દિલ્બરે કંઇ ભેટ આપી નવી નવી !
જ્યમ જ્યમ દરદ ૦

સુખ કાજ શાને આથડે ?
સુખ દુઃખ બધું છે મન વડે :
મનથી ચડે , મનથી પડે , મનથી બન્યું છે માનવી .
જ્યમ જ્યમ દરદ ૦

આશક થવું નથી મશ્કરી –
દિલ્દારથી ખરી દિલ્બરી :
આ ખલ્કને ખારી કરી , મર્દાનગી બતલાવવી .
જ્યમ જ્યમ દરદ ૦

શી પ્રીતિ ચીજ , અહો ! બડી !
ન ટકે બીજી જ્યાં વાતડી !
ખપ હોય તેણે અબઘડી સારી જહાંને પી જવી !
જ્યમ જ્યમ દરદ ૦

સાગર જીતી લીધી ઝિન્દગી !
અવ્વલથી , હાં ! આખર લગી !
બસ હોય સાચ્ચી દિલ્લગી તો મુફતમાં લ્યો લઇ જવી !
જ્યમ જ્યમ દરદ ૦

लब पर लखेल अलख धरम !

બસ ઈશ્ક ઈશ્ક પુકારવું ન ઇતર ધરમ ન ઇતર કરમ !
પૂરેપૂરા પાગલ થવું – બનવું બરાબર બેશરમ !
બસ ઈશ્ક ઈશ્ક ૦

સાથે કશું ના આવશે :
જે આવ્યું જ્યાંથી ત્યાં જશે :
કર ખ્યાલ – શી હાલત થશે ? લે પ્યાલી પી ગરમાગરમ !
બસ ઈશ્ક ઇશ્ક ૦

જા ! જઇ કલાલણને અગર –
અય ઓ બિરાદર ! કર ખબર :
હાં ! ખોલ ના મ્હારી કબર – લઇને સુતો ત્હારો મરમ !
બસ ઈશ્ક ઇશ્ક ૦

રે ! કોણ છે કોનું અહીં ? !
ઠેર્યાં બધાં તંબુ મહીં :
હાં ! હાં ! હઠો ! ઠગશો નહીં ! ઉકલ્યો મ્હને સઘળો ભરમ.
બસ ઈશ્ક ઇશ્ક ૦

સાગર જિગર દિલ્જાનને –
દઇ દીધું દીન ઇમાનને !
શિખવે શું કાઝી કુરાનને ? લબ પર લખેલ અલખ ધરમ !
બસ ઈશ્ક ઇશ્ક ૦

गम खाय सागर बादशाह

આ બાગમાં ખીલ્યાં ગુલો ! અજી ! શોખીનોની સેલગાહ !
ના ના ભૂલો પણ, બુલ્બુલો ! હરદમ ધણી છે હર જગાહ !
આ બાગમાં ખીલ્યાં ૦

નરવર હરિશ્ચંદર ! અહો !
'સંસારી' કે 'ત્યાગી' હતો ?
જા ! જા ! શું ખ્હાનું બતાવતો ? ઠગતો ધણીને ! વાહ ! જી ! વાહ !
આ બાગમાં ખીલ્યાં ૦

ચલ વસ્તુમાં લલચાય તો,
આયુષ્ય એળે ગાળતો :
જીવતો છતો થા અણછતો ! છે એ જ અલબત્ત ઈશ્કરાહ.
આ બાગમાં ખીલ્યાં ૦

હયું ન જ્યાં ત્યાં ખોલવું :
ચડયું વાયુ ! તેથી હું લવું !
લાઝિમ નથી પણ બોલવું – છે વાણી ને પાણી અથાહ.
આ બાગમાં ખીલ્યાં ૦

છો ને ન હો ચાવલ મૂઠી !
જળતી ભલે મ્હારી કુટી !
દિલમાં કશી બળબળ નથી – ગમ ખાય સાગર બાદશાહ !
આ બાગમાં ખીલ્યાં ૦

છે મુલ્ક હિન્દુસ્તાન શો !

ઘેલું મ્હને લાગ્યું કશું ! હરદમ રહું બેભાન શો ! !
જાતે જ હું ખુલ્લું કહું ! સાચ્ચું ન મ્હારૂં માનશો ! !
ઘેલું મ્હને ૦

આવ્યો નગન જાવું નગન :
કોનો છગન કોનો મગન ?
ગુરુનામથી લાગી લગન ! જીવું છું બસ મ્હેમાન શો !
ઘેલું મ્હને ૦

દિલના વિકારો જીતવા –
છે લાખ નુસ્ખા નવનવા :
આબાદ પણ એક જ દવા – કરવો હઝમ દિલમાં નશો !
ઘેલું મ્હને ૦

કર્યું ઢીલું પણ ઢીલું જ મન !
ચંદન ઉપર ! મહીં ધન અગન !
તુંહી તુંહી ના લાગી લગન ! બામણ બન્યા ! અભિમાન શો !
ઘેલું મ્હને ૦

સાગર પી ! લે – લે શી શરમ ? !
ખીલતી જવાનીના કસમ !
કર કર સુફલ મોંઘો જનમ – છે મુલ્ક હિન્દુસ્તાન શો !
ઘેલું મ્હને ૦

ઝડપી લીધી ઝીણી વાતડી

હાં ! હાં ! જડી બૂટી જડી ! એક જ મતિ એક જ ગતિ :
ગુરુશબ્દ તરુવર પર ચડી – ચડી તે ચડી દિલવેલડી .
હાં ! હાં ! જડી બૂટી ૦

ગોખી , પૂછી , ચિન્તન કરી ,
હું ભણ્યો ભૂલી ભૂલીને ફરી :–
સર્વોપરિ છો શ્રી હરિ – ભરૂંસો બીજો જ નથી નથી .
હાં ! હાં ! જડી બૂટી ૦

ગુણ , રૂપ પર શું મોહીએ ? !
મનુદેહ વ્યર્થ ન ખોઇયે :
દિલ પ્રીત અવિચલ જોઇયે – સુખ શું કરૂં ઘડી બે ઘડી ? !
હાં ! હાં ! જડી બૂટી ૦

મુર્શિદનો વાગ્યો શબદ –
વેઠયાં મીઠાં દિલનાં દરદ –
રહ– રહ ! અજી ! ઓરત મરદ ! ઉઘડી અજાયબ આંખડી !
હાં ! હાં ! જડી બૂટી ૦

ગુરુદેવને કદમે પડી ,
તોબાહ પુકારી રડી રડી ,
છે ખુલ્લી સાગર છાતડી – ઝડપી લીધી ઝીણી વાતડી !
હાં ! હાં ! જડી બૂટી ૦

सबरस वरसता धाममां

લે – ઝટ પી લે ! લે અબઘડી – પ્યાલી ભરી ગુપચુપ દઉં :
ઔરત મરદ કોઈ નથી – કર કર હજમ ! સાચ્ચું કહું .
લે – ઝટ પી લે ! લે ૦

રે ! મૂર્ખ ! આવ્યું તું કેવડું ?
મ્હોટા ઊંદરના જેવડું !!
કોણે કર્યું કદ આવડું ?! કર ખ્યાલ – કે બસ હું જ હું ?!
લે – ઝટ પી લે ! લે ૦

ખૂન , માંસ , ચર્મની કોથળી ! –
ઝરી દૂધની ત્યાં શી ઝરી !!
એ એ જ તાજુબી દિલ ભરી – શીર ભાર કાં જૂઠો વહું ?!
લે – ઝટ પી લે ! લે ૦

અજી ! કોહ્યડો છે ઝિન્દગી :
દિલ ! છોડી દે શરમીન્દગી !
છે ઈશ્ક બસ મર્દાનગી – ઉકલી જતી આંટી સહુ .
લે – ઝટ પી લે ! લે ૦

હાં ! સાતમા અસમાનમાં –
નર નારી કોઇ નથી જ જ્યાં –
સબરસ વરસતા ધામમાં – સાગર અમર રેલી રહું !
લે – ઝટ પી લે ! લે ૦

दायण बिचारी शुं करे ?

દાયણ બિચારી શું કરે ? મુદ્દે હમેલ રહ્યા નથી !
જ્ઞાની ગુરૂજી શું કરે ? છતમાં ઝખમ લાગ્યા નથી !
દાયણ બિચારી શું ૦

અજી ! કૌરવો જાતે મરે –
પ્રીતિધર્મથી અવળા ફરે !
ખુદ કૃષ્ણજી ત્યાં શું કરે ?! મદ , મોહ , કામ ગયા નથી !
દાયણ બિચારી શું ૦

શું કરે ગીતા ગુરુ દત્તની ?
બડી પોથી જોગવસિષ્ઠની ?
ગમ ના પડી પુરુષાર્થની – વૈરાગ્યનાગ ડસ્યા નથી !!
દાયણ બિચારી શું ૦

વિષયો થયા નથી વિષવત્ –
અધિકાં ગણ્યાં ઔરતમરદ ! –
ગુરુ શું કરે ? – જ્યાં ઉલટી હડ ! દિલ ડાઘને ભૂંસ્યા નથી !
દાયણ બિચારી શું ૦

છે મુક્ત આ આખ્ખું જગત્ !
ઘડી બે ઘડી માંડી રમત !
બસ ચંડ મંડ સબ ગલત ! – સાગર કદિ વિસર્યા નથી !
દાયણ બિચારી શું ૦

सहु सहुनुं कर्म फळ्यां करे

ખૂશ ખૂશ રહો ! અય આશકો ! છો ને ગમે તે બસ બને !
પળ એક પણ ના દર્દ હો ! ભેટી રહો માલેકને.
ખૂશ ખૂશ રહો ! ૦

ગુઝરી ગઈ – ગઈ કાલ તો !
ના જન્મી આવતી કાલ તો !!
બસ મૌજ છે અબી હાલ તો – દયો બદલી આજ નસીબને.
ખૂશ ખૂશ રહો ! ૦

અજી ! હું હું ત્યાં જ રહ્યું જગત્ !
ધણી કર ખરો ! જગ ચિત્રવત્ !
છે વસ્તુ બસ ! ના સત્ અસત્! આંખો મીચી જો ગેબને.
ખૂશ ખૂશ રહો ! ૦

શું પુણ્યમાં કે પાપમાં –
શું થાપ યા ઉત્થાપમાં –
ચોખ્ખા જિગરની ખાપમાં, ધરી ટેક જો સાહેબને.
ખૂશ ખૂશ રહો ! ૦

મુજ રંકની મઢુલી કને –
હા ! લાખ મચ્છીઓ મરે !
'સહુ સહુનું કર્મ ફળ્યાં કરે – તેમાં શું ઓ સાગર ! ત્હને ?!
ખૂશ ખૂશ રહો ! ૦

शी मूर्खता ए ऊंघनी !

કોઈ ભલો મૂર્ખો હતો ! વ્રત લીધું એવું નવું કંઈ ! :–
" જગ રંગું લાલ બધું જ તો – બસ જોઉં યા જીવું નહીં !!"
કોઈ ભલો ૦

લાખ્ખો ' બજેટ ' બનાવતો !!
કંઇ ભાવતાલ પૂછાવતો !!
પત્તો ન તો યે લાગતો ! બરબાદ સૌ મહેનત થઈ !!
કોઈ ભલો ૦

ગુરુ જાણભેદુ ! વચન કહ્યાં : –
" અય મૂર્ખ ! જગ રંગાય ના ! –
" અજી ! લાલ ચશ્માં પ્હેર આ ! મૂર્ખા ! ઉમર એળે ગઈ !!
કોઈ ભલો ૦

" બધી પૃથ્વી ચર્મ , મ્હડાય ના :
" જાતે જૂતી પ્હેરાય , હાં !
" ના ના જહાં બદલાય ના – પણ , થાય લય પોતા મહીં !!
કોઈ ભલો ૦

" સાગર હયાતી આપની –
" પની , ભલા !: જગને હતી " !
શી મૂર્ખતા એ ઊંઘની ! અજી ! હું નહીં તો જગ કહીં ? !
કોઈ ભલો ૦

ब्रह्माग्निनी भडभड अगन

આરામ છે! આરામ છે! હર હાલમાં આરામ છે!
સારી જહાં મયજામ છે! પી ભોગવું સુખધામને!
આરામ છે! ૦

અજી! શું જનમ ને મોત શું?!
શું - શું તિમિર ને જ્યોત શું?!
અળગો ન ધાગો પોત શું! શી કલ્પના નિષ્કામને?!
આરામ છે! ૦

હાં! કોણ બોલ્યું 'છે જહાં'?!
ચુપ! ચુપ! વિકલ્પો કર ફના!
જપ - જપ સહજ હું 'હું' વિના - ભર જામ પર બસ જામને!
આરામ છે! ૦

મરતા અવલ ગયું જે મરી,
આંખો અસલ તેને મળી -
આશા નિરાશા થઇ પરી! છે મૌજ હંસારામને!
આરામ છે! ૦

સાગર અગમ ચાલે ભજન!
જનવાસમાં વસવું વિજન!
બ્રહ્માગ્નિની ભડ ભડ અગન દે બાળી હું - તું તમામને.
આરામ છે! ૦

आरामनी साखीओ

સાગર! જગ જોયું બધું, અગમ નિગમની વાત;
પણ, મનને ખોયા વિના, હરિ ન આવે હાથ.
ગુરુ ગુરુ ગુરુદેવકી જય -
જય જય ગુરુદેવકી જય! ગુરુ ૦

"મન મારો - મન" સહુ કહે, એ સહુ શબ્દપ્રપંચ;
સાગર! મન મરવું ખરૂં, ઉઠે ન ઇચ્છા રંચ.
ગુરુ ગુરુ ગુરુ ૦

સાગર! જગવ્યવહાર સૌ, કેવળ સ્વપ્ન સમાન;
સુધરો કે બગડો! ભલા! નહીં વૃદ્ધિ! નહીં હાણ.
ગુરુ ગુરુ ગુરુ ૦

સાગર! જાદૂની જહાં! જૂઠા પર શો રાગ?!
નામ, રૂપ, ગુણ સળ ગલત! જાગ! જાગ! મન! જાગ!
ગુરુ ગુરુ ગુરુ ૦

"સોડહં સોડહમ્" - સૌ જપે! ભજે ચામ ને દામ!
"નાહં નાહમ્" મન્ત્રથી, સાગર ઉર આરામ!
ગુરુ ગુરુ ગુરુ ૦

ગુરુઘરની સાખીઓ

માયા તજવી સૌ કહે, કરે ન કોઈ ત્યાગ!
સાગર ઘર માંડી રહ્યો! માયા મુજ અર્ધાંગ!
ગુરુ ગુરુ ગુરુદેવકી જય! જય જય ૦

"સાગર! તુજ અર્ધાંગના! કહે વેદ :- ત્રણ ગુણ;
"દોરંગી સાડી સજે! સગુણ પોત નિર્ગુણ."
ગુરુ ગુરુ ગુરુદેવકી જય! જય જય ૦

સાગર! ભૂત ભવિષ્યકો, હરિજન લિખે ન કોય;
હોવણહારા હો રહ્યા, તું બિચમેં કયોં હોય?!
ગુરુ ગુરુ ગુરુદેવકી જય! જય જય ૦

શાસ્તર સબ ઐસા કહે :- ગુરુ ચંદા, શિષ્ય ચકોર;
સાગર અનભે યે હિ હૈ :- શિષ્ય ઢેલ, ગુરુ મોર.
ગુરુ ગુરુ ગુરુદેવકી જય! જય જય ૦

ૐ નમો પરમાત્મને! સદ્ગુરુ શ્રી ભગવન્ત!
સત વાણી, મન વિમળ હો! હરિગુરુસન્તમહન્ત!
ગુરુ ગુરુ ગુરુદેવકી જય! જય જય ૦

સાકૂટની સાખીઓ

"માયા હરિની" કહી ભજે! રચે કહી 'સંસ્કાર'!
સાગર! એ સાકૂટને, શો પુરુષાર્થવિચાર?!
ગુરુ ગુરુ ગુરુદેવકી જય! જય જય ૦

તનનાં સુખને ના તજે! સહે ન મનની ભૂખ!
સાગર! મુમુક્ષુએ થવું, એ જનથી જ વિમુખ.
ગુરુ ગુરુ ગુરુદેવકી જય! જય જય ૦

"સૌ હરિમય" કહી ભોગવે! જાણે જીવન્મુક્ત!
સાગર! મનને ના દમે, એ સાકૂટ કપૂત.
ગુરુ ગુરુ ગુરુદેવકી જય! જય જય ૦

સાગર! ભમવું વન ભલું, ભલી વાઘની ખોડ,
પણ, સાકૂટ શ્રદ્ધાહીણો, તેશું શીર ના ફોડ.
ગુરુ ગુરુ ગુરુદેવકી જય! જય જય ૦

ભૂખે મરવું પણ ભલું, ભલી નીચઘર ભીખ;
પણ, સાકૂટના સંગની, સાગર! ધરવી બીક.
ગુરુ ગુરુ ગુરુદેવકી જય! જય જય ૦

राझे बका खोलुं अगर

રાઝે બકા ખોલું અગર ! જો હૂકમ દે દો ! યા રહિમ !
બાદે ફના બોલું જિગર સાગર ભરો હરદમ, સનમ !
રાઝે બકા ખોલું ૦

મોકેપેં જો કુછ આ મિલા ઉસમેં બડા આરામ હૈ !
" સાગર ! ફકીરી શાહીકો હરદમ હમારી સલામ હૈ ! "
મોકેપેં જો કુછ ૦

સાગર અગર હક બાતમેં કયા હીન્દ્ર કયા ઇસ્લામ ?!
પ્યારેસે દિલ્લગી ના લગી તો ઝિન્દગી હર્રામ.
સાગર અગર હક ૦

સાગર પિલા દ્રં મુફતમેં, બસ એક સચ્ચી બાત હૈ :-
જૂઠી જહાંમેં જો ફંસા, ઉસ્કા જીના બર્બાદ હૈ.
સાગર પિલા દ્રં ૦

કોઈ સુને યા ના સુને ! હે બાત અપની મોજકી !
બૈઠે યું સાગર જાનકે યે સરાહી હૈ દો રોજકી.
કોઈ સુને યા ના ૦

राम तुं हि गावुं

રામ તું હિ રામ તું હિ ! રામ તું હિ ગાવું :
રામમાંથી જન્મી દેહ, રામમાં સમાવું.
રામ તું હિ રામ ૦

તુમ હિ રામ ! હમ હિ રામ ! સબ હિ રમે રામ રામ !
ચલો ભાઇ ! સાધુ રામ ! નામતીરથ ન્હાવું.
રામ તુંહિ રામ ૦

સુખ, દુઃખ વ્યર્થ નામ ! પુણ્ય પાપ બે હરામ !
હંસરામ ! નિર્વિરામ – સહજ રૂપ ધ્યાવું.
રામ તું હિ રામ ૦

દેહ, ગેહ કૈં ન નેહ ! નેહ નહીં તે વિદેહ !
અલખધૂન લાગી લેહ ! અજપનું જપાવું.
રામ તું હિ રામ ૦

બ્રહ્મસાગરે સદા થતા ન થતા બુદ્બુદા !
સહજ મુદા સર્વદા – વિકલ્પ ના ઉઠાવું.
રામ તું હિ રામ ૦

રામસ્મરણ

રામ સુમર રામ સુમર રામ સુમર, ભાઈ !
મનુજ દેહ કેરી ખરી એ જ છે કમાઈ.
રામ સુમર રામ ૦

નેન ! જુવો રામ રામ ! કાન ! સુણો રામનામ !
જીભ ! ગા તું ઠામ ઠામ રામની ફૂહાઈ.
રામ સુમર રામ ૦

આત્મરામનું રટણ ! નામ, રૂપ, વિસ્મરણ !
ચિદાનન્દરૂપ ઘન ! જૂઈ ફૂઈ જૂઠાઈ !
રામ સુમર રામ ૦

પુરુષ રાજ્ય હર જગાહ ! પ્રકૃતિ ! તું વિલય થા !
મુનિ બની અભેદ ગા ! અહલ્લેક લહે લગાઈ.
રામ સુમર રામ ૦

સહજ રૂપ વિરાટ ! વાહ ! વાણી, બુદ્ધિને અથાહ !
બ્રહ્મસાગરે શી, અહા ! ઉર્મિ ઉભરાઈ !
રામ સુમર રામ ૦

यार मेरे दिलके अबधूता !

કાશીપુરીકી, સન્તો ! મૈં તો કલાલણ ! –
મદવા ભરી ભરી પાઉં ! મેરે યાર !
યાર મેરે દિલકે અબધૂતા ! –
ચૌદે ભુવનમાં તો માંડી મ્હેં હાટડી ! –
સન્તો કે હાથે બેચાઉં ! મેરે યાર !
યાર મેરે દિલકે અબધૂતા ! કાશીપુરીકી ૦

દેહી છતાં ય જે હોયે વિદેહ, ભાઈ ! –
તેહ જ કરો મુજ સંગ, મેરે યાર !
અવર પુરુષ મુજ અંગે અડે તો –
થાયે અંધો કે અપંગ ! મેરે યાર !
યાર મેરે દિલકે અબધૂતા ! કાશીપુરીકી ૦

જનક, સનક, શુકદેવકો પિલાયા !
ખેલ્યા ગોરખ ગુરુ દત્ત ! મેરે યાર !
તુલસી, કબીર, રોહીદાસ પિયા ! પ્યારે !
મીરાં, નરસિંહ ઉન્મત્ત ! મેરે યાર !
યાર મેરે દિલકે અબધૂતા ! કાશીપુરીકી ૦

પિયા બુદ્ધાજીને ! પાયા જોબન ! વાહ !
જવાન ચકવાચૂર ! મેરે યાર !
સાગર પિયા ગુરુદેવકી દયા, ભાઈ !
ફેર ફેર પીએ ભરપૂર ! મેરે યાર !
યાર મેરે દિલકે અબધૂતા ! કાશીપુરીકી ૦

साधुता साधुको जाने

સાધુતા સાધુકો જાને –
સન્તોં ભાઈ ! સાધુતા સાધુકો જાને.

સીરકા અરપના તો શૂરા હિ જાને !
કાયર કૈસે પ્રમાણે ?! સન્તોં ભાઈ ! ૦

કયા રાજરીતિકો જાને ભિખારી ?!
જાને કોઉ રાવ રાનેં ! સન્તોં ભાઈ ! ૦

પ્રેમ હિ બૂઝત પ્રેમીકી ભાખા !
કસે હિ બૂઝે બેગાનેં ?! સન્તોં ભાઈ ! ૦

ઉલટ રતિગતિ પંઢ કયું જાને ?!
તન, મન દેહાભિમાને ! સન્તોં ભાઈ ! ૦

મૌજ અજબ તુજ ગહેરી, સાગર !
ઔર ભૂચર કૈસે જાને ?! સન્તોં ભાઈ ! ૦

भजन तो एकलानुं हो !

ભજન તો એકલાનું, ભાઈ !
ભજન તો એકલાનું, હો ! –

નહીં કારજ અવર ભજ્યાનું, હો !
ભજન તો એકલાનું, હો ! ભજન ૦

ધ્યાન, ભજન, એકાકી, અસંગી,
આસન બસ અચલાનું, હો ! ભજન ૦

એકલમલ થવું સ્વાશ્રયી, પૂરણ,
રટણ ત્રિગુણ ટળ્યાનું હો ! ભજન ૦

જાય વિજોગણ પિયુની પથારી –
સંગ ઘટે ન પળ્યાનું હો ! ભજન ૦

પ્રકૃતિ સંગવતી ઠગી લેતી –
સાધન ધન ભલભલાનું, હો ! ભજન ૦

સાગરરાજ સહજ ગુરુગમ હાં ! –
હારદ હરિશું મળ્યાનું, હો ! ભજન ૦

॥ प्रज्ञानमानन्दब्रह्म ॥

ભરીએ ચિલમ દમ બ દમ !
જોગીબાવા ! ભરીએ ચિલમ દમ બ દમ !

સ્નેહનો સુલ્ફો ને સાફી સંતોષની !
અગ્નિ અજબ શમ , દમ ! જોગીબાવા ! ૦

આરત ચિત્તની ચિલમ કરી , ભાઈ !
ચેતાવી લઈ ગુરુગમ ! જોગીબાવા ! ૦

પહેલો રે દમ મ્હારા ગુરુજીએ માર્યો !
સબ જળી ગઈ આલમ ! જોગીબાવા ! ૦

ગોખ અલખનો ગગન ઘર વચ્ચે !
તકીઓ તહાં હરદમ ! જોગીબાવા ! ૦

સાગર હું તું નહીં તે સાંઇયા !
" પ્રજ્ઞાનમાનન્દબ્રહ્મ ! " જોગીબાવા ! ૦

आत्मज्ञाननुं भजन

આત્મજ્ઞાન શીરમણિ !
સબનતેં આત્મજ્ઞાન શીરમણિ . સબનતેં ૦

ગુરુ બિન કોઉ પ્રજ્ઞાન ન પાવે ,
ગુરુજી જ્ઞાનનિઃસરણી . સબનતેં ૦

બિના ભકિત ગુરુકૃપા મિલે ના ,
ભકિત જ્ઞાનનિર્ઝરણી . સબનતેં ૦

જ્ઞાન રામજી , ભક્તિ સીતાજી !
ઈસી બિધિ એકીકરણી . સબનતેં ૦

બ્રહ્મરતિકો યતિ કોઉ ભોક્તા ,
અજર અમર સતી રમણી . સબનતેં ૦

સાગરરાજ સુગમ ગુરુનૌકા !
પલ્લે પાર ઉતરણી . સબનતેં ૦

ए रस कोण पीए ?

એ રસ કોણ પીએ ?
તરસ વિના એ રસ કોણ પીએ ? તરસ વિના ૦

રસિયાં, તરસિયાં કે કોઈ દરદિયાં,
બનીને ગરજિયાં પીએ. તરસ વિના ૦

જે રસ નારદ, શારદ પીધો,
જનક, સનક, શુકજીએ. તરસ વિના ૦

એ રસ પાખી અગન લગી જેને,
તે તો જગત કયમ જુવે ? તરસ વિના ૦

જે રસ પીધો ધ્રુવે, પ્રહ્લાદે,
તુલસી, કબીર, નરસિંહે. તરસ વિના ૦

ધન્ય હો વ્રજની વનિતા પીનારાં !
કરમા, મીરાં ને તોળાંદે ! તરસ વિના ૦

સાગર ગુરુવર એ રસ પાયો !
ખેલત નિત રસદરિયે ! તરસ વિના ૦

साधन साध्युं ते साधु

સાધન સાધ્યું તે સાધુ :
હાં હાં રે ! ભાઈ ! સાધન સાધ્યું તે સાધુ !

દૃઢ વૈરાગ્યે, સતત અભ્યાસે,
ષડ્સાધન ધન લાધ્યું ! હાં હાં રે ! ૦

ગુરુગમ પામી, રહ્યો નિષ્કામી,
ખાંડું વચન કેરૂં ખાધું ! હાં હાં રે ! ૦

હુંપણ, જગપણ જીતી ત્રિગુણ પર –
હરિશું સુરતતીર સાંધ્યું ! હાં હાં રે ! ૦

અગમ તીરથ પર હરદમ ન્હાતો !
નવ તજ્યું ! નવ આરાધ્યું ! હાં હાં રે ! ૦

સાગર સાધુ અદલ દિલ જીત્યું !
હરિ હરિ જગ જોયું બાધું ! હાં હાં રે ! ૦

जागी उठ्यो व्हेलो व्हाणे

હરિજન તો હરિ જાણે !

સન્તો ભાઈ ! હરિજન તો હાર જાણે .

અરુણપ્રભાને શું ઉલ્લૂક જાણે ?!

અંબુજ સૂરજ પિછાણે. સન્તો ભાઈ ! ૦

હરિની નિરીક્ષા શું જાણે અજાણ્યો ?

શાણો સૌદાગર જાણે. સન્તો ભાઈ ! ૦

પૂરૂં ન પામે જગત હરિજનને !

જગ હાર ! હરિજન માણે ! સન્તો ભાઈ ! ૦

જાગી અલખરતિ ! ક્ષણ ક્ષણ લાગી !

મૃતક થયા અમીપાને ! સન્તો ભાઈ ! ૦

સાગર તંદ્રા ત્રિગુણી ન ઘેરે !

જાગી ઉઠ્યો વહેલો વ્હાણે . સન્તો ભાઈ ! ૦

प्रश्न पूछुं एक स्हेलुं

પ્રશ્ન પૂછું એક સ્હેલું :–

પંડિતો ! પ્રશ્ન પૂછું એક સ્હેલું ! પંડિતો ! ૦

પહેલી જનેતા ? કે જનક જ પહેલો ?!

કોણે રે કોને જણેલું ?! પંડિતો ! ૦

માયા પહેલી ? કે , ભાઇ ! મન પહેલું ?!

ભણવું ભલું ? કે ભૂલેલું ?! પંડિતો ! ૦

હંસ ને હંસીએ હાથી જણ્યો , ભાઈ !

પોથાંમાં કહાડો પગેરૂં ! પંડિતો ! ૦

સુન્દર દહેરૂં ! ગગન પર પેલું !

શેનું શિખર એ ઘડેલું ?! પંડિતો ! ૦

સાગર ગુરુવર પર ભાવનથી !

અંધાથી શે ઉઘડેલું ?! પંડિતો ! ૦

પંડિતો ! પોથાં છોડોરે !

પોથાં છોડો રે ! પંડિતો ! પોથાં છોડો રે !
અનભેથી અનભે જોડો રે ! પંડિતો ! ૦

પર્વત ઉપર પંગુ ચડયો , ભાઈ ! અંધે દેખાડી વાટ !
જળ રે વગર ત્યાં સરોવર દીઠું ! સ્નાન કર્યું એણે ઘાટ !
પંડિતો ! ૦

વારુણી પી પી લખ્યો , ભાઈ ! ઠુંઠે , અપૂર્વ જ પંચમ વેદ !
પૂરવણીમાં લખી ય વેદુડી ! મુંગાએ ભાખ્યો પ્રભેદ !
પંડિતો ! ૦

કુંવારિકાને હમેલ રહ્યા , ભાઈ ! પેદા થયા પુત્ર ચાર !
આપે બન્યાં બેઉ આશકમાશૂક ! બાપ જ બેટીનો યાર !
પંડિતો ! ૦

સેવક સાગર ઝાઝું ન જાણે ! હરિગુરુસન્ત આધાર !
ગિરિગહ્વર ગરદન પર લાદી , ઉતરી ગયો ભવ પાર !
પંડિતો ! ૦

હદ વટી બેહદ રહીએ

બીજાને દોષ ન દઈયે :
મુમુક્ષુ હો ! બીજાને દોષ ન દઈયે !
મુમુક્ષુ હો ! બીજાને ૦

ભાસ્યું બીજું , જીવ ત્યાંથી જ ભૂલ્યો ;
ભૂલ્યો ડૂબે ભવદરિયે !
મુમુક્ષુ હો ! બીજાને ૦

ઊંધે સ્વમુખે મસી ઘસી મેળે !
દર્પણ દુષ્ટ ન કહીએ !!
મુમુક્ષુ હો ! બીજાને ૦

ચિત્તવિકલ્પ જ હસ્તી જગતની !
છેદવી જડ નિજ હૈયે !
મુમુક્ષુ હો ! બીજાને ૦

ત્રિગુણી જગત નિજ ચિત્તનો પડઘો ,
ચિત્તે સમાધિસ્થ થઈએ !
મુમુક્ષુ હો ! બીજાને ૦

સાગર હરિગુરુસન્તપ્રસાદે ,
હદ વટી બેહદ રહીએ .
મુમુક્ષુ હો ! બીજાને ૦

रामधून लगी लगी मेरे दिल

રામધૂન લગી લગી મેરે દિલ સાહેબધૂન લગી લગી મેરે દિલ !
લગીં લગીં લગીં મેરે દિલ – રામધૂન લગી લગી મેરે દિલ !
રામધૂન લગી લગી ૦

કોઇકો તન, ધન, જોબનકી ધૂન ! કોઇકો કુટુમ્બ કબિલાકી !
ઇશ્કધૂન મેરે મનમેં લાગી સાગર સાહેબ મૌલાકી !
રામધૂન લગી લગી ! ૦

'જ્ઞાની' બનકે પોથી પ્હઢતા ! બ્રહ્મવાદકો બતલાતા !
આપે કરતા તનધનચિન્તા ! ક્યા સાહેબકો કુસલાતા ? !
રામધૂન લગી લગી ! ૦

કોઇ રાગી ! ભાઈ ! કોઈ બેરાગી ! મન મસ્તાના મદમાતા !
સાગર રામરસાયન રસિયા ! રુંવે રુંવે બસ રંગરાતા !
રામધૂન લગી લગી ૦

राममंत्र है प्यारा

હમારા રામમંત્ર હૈ પ્યારા ! કોઇ ભેદ જાણણહારા !
જિસ્કા અનભે અગમ અપારા ! ઉસ્કો ક્યા જાણે સંસારા ? !
હમારા રામમંત્ર હૈ ૦

રામમંત્રકો ગુરુગમસેં, ભાઈ ! કોઈ વિધિસેં ના જપતા,
ઉસી સબબસેં રામમંત્રકો ગુરુજી કિસીકો ના દેતા !
હમારા રામમંત્ર હૈ ૦

આદિમંત્ર યે ! અમરમંત્ર યે ! સબ મંત્રોમેં બંકા !
સાન, સમજ, ગુરુગમસેં ભજ લે ! કામ ફતેહકા ડંકા !
હમારા રામમંત્ર હૈ ૦

રામમંત્રસેં તર્યા કબીરા ! દુષ્ટ દશાનન માર્યા ;
કૈસા દિલ વાલ્મિક થા ? સંતો ! બ્રહ્મઋષિ કહેલાયા !
હમારા રામમંત્ર હૈ ૦

રામમંત્ર તારક ગુરુવાચક ! દિલ જિસ્ને ઠહરાયા ;
રામ બરાગર રામ બના દે ! સાગર અનભે પાયા !
હમારા રામમંત્ર હૈ ૦

રાતડી રહું મધુવનમાં !

વનમાં વનમાં વનમાં રે ! –
હું તો રાતડી રહું મધુવનમાં !
હું તો રાતડી રહું ૦

ઝુલાવું રસિયોજી રેન બધી અંગે ! –
મોહ્યો શું – બાલા – જોબનમાં રે ? !
હું તો રાતડી રહું ૦

'જ્ઞાની' ગુમાની ભેદ પામી શકે ના –
પ્રેમીના અગમ જીવનમાં રે !
હું તો રાતડી રહું ૦

કહેતા હસીને :– "કૃપાળી તું રાધે ! –"
"બીજી નથી ત્રિભુવનમાં રે !"
હું તો રાતડી રહું ૦

"ગાલે ગુલાબી ! ને ભાલે ગુલાબી ! –
"ગોપી ! ગુલાબી નયનમાં રે !"
હું તો રાતડી રહું ૦

સાગર પ્રેમીનું ઘર ભાવનથી ભાવ્યું ! –
ત્રેપન વટીને ચોપનમાં રે !
હું તો રાતડી રહું ૦

हम कासीके रहेवासी ! भाई !

હમ કાસીકે રહેવાસી ! ભાઈ ! બડી ભારી જહાં જુમામસીદ !
'બકરી' ઈદ વ્હાં કોઈ નહીં કરતા ! બામણ કરતા હાથી ઈદ !
હમ કાસીકે રહેવાસી ! ૦

હમ મક્કાકે રહેવાસી ! વ્હાં ચલતા દેવલ શંકરકા !
ઈસ્લામી 'એકાદસી' કરતા ! ભરતા મેલા હરિહરકા !
હમ કાસીકે રહેવાસી ! ૦

ઇલાહબાદકે હમ રહેવાસી ! પ્રયાગ જિસ્કો સબ કહેતા !
જંગી જુદ્ધ જહાં અવિચલ જોદ્ધા, અમૃત પીકે મર જાતા !
હમ કાસીકે રહેવાસી ! ૦

જેરુસેલમકે હમ રહેવાસી ! 'અમ્મા' પૂજે ઈસામસીહ !
સાત સમન્દર પાર 'સુન્દરી' ચન્દન અર્ચે હસી હસી !
હમ કાસીકે રહેવાસી ! ૦

બુદ્ધગયાકે હમ રહેવાસી ! પુરી તીરથ પર અજબ મ્હડી !
છેલ્લી હાંડી જગન્નાથકી ! ભર સાગર પર અવ્વલ ચડી !
હમ કાસીકે રહેવાસી ! ૦

अजब खुमारी चढी !

અજબ ખુમારી ચડી !
હાં ! હાં ! રે ! ભાઈ ! અજબ ખુમારી ચડી !
હાં ! હાં ! રે ! ભાઈ ! ૦

બાવન હર્ફો પૂરા ન જાણું !
ભણ્યો હું અક્ષર અઢી !
હાં ! હાં ! રે ! ભાઈ ! ૦

પ્રેમરસાયન પીતાં પીતાં,
ખબર અગમની પડી !
હાં ! હાં ! રે ! ભાઈ ! ૦

છુપે મારગ જાતાં જાતાં,
જડી ગુરુજીની મ્હડી !
હાં ! હાં ! રે ! ભાઈ ! ૦

ખેલે ગુરુજી મુજ ગેડી દડે ! ભાઈ !
હું તો ગુરુજીની દડી !
હાં ! હાં ! રે ! ભાઈ ! ૦

સાગરરાજ ગુરુગમ પામ્યા ! –
ગડગડી નૌબત બડી !
હાં ! હાં ! રે ! ભાઈ ! ૦

कोइ शुं बूझे जडी बूटी ?!

કોઇ શું બૂઝે જડીબૂટી ?!
સખિ રે મ્હારી ! કોઇ શું બૂઝે જડીબૂટી ?!
સખિ રે મ્હારી ! કોઇ ૦

આજ ગયાં અમે ગુરુજીની મ્હડીએ ! –
બૂટી પીધી ઘૂંટી ઘૂંટી !
સખિ રે મ્હારી ! કોઇ ૦

પી પીને બૂડયાં અમે રસદરિયે !
મીઠી મઝા લૂંટી લૂંટી !
સખિ રે મ્હારી ! કોઇ ૦

ચડી રે ચડી, ભાઈ ! હું અસ્માને ! –
ચુંદલડી ઉડી ઉડી !
સખિ રે મ્હારી ! કોઇ ૦

ઘડી ઘડી ઉઘડી જતી છાતલડી !
કેફો ચડી ઊંડી ઊંડી !
સખિ રે મ્હારી ! કોઇ ૦

સાગર ગુરુમનગમતી દાસી ! –
થઇ રહી હું લૂંડી લૂંડી !
સખિ રે મ્હારી ! કોઇ ! ૦

जय जय सीताराम !

જય જય સીતારામ !
સાધુ ભાઈ ! બોલો :- જય જય સીતારામ !
સાધુ ભાઈ ! બોલો :- ૦

જોદ્ધા થઇને જુવો અજોદ્ધા !
ગગન ઉપર કોઇ ગેબી ગામ !
સાધુ ભાઈ ! બોલો :- ૦

સરજુતીર સુષૂરણા સમજો !
ઉન્મુન ઘરમાં આતમરામ !
સાધુ ભાઈ ! બોલો :- ૦

મુનિ બનીને ધૂન મચાવો !
જુવો ધણીનું અદબદ ધામ !
સાધુ ભાઈ ! બોલો :- ૦

ભજન કરે, ભાઈ ! રામ તમારૂં !
ક્ષણ પણ લેતા નથી વિરામ !
સાધુ ભાઈ ! બોલો :- ૦

સાગર રામ નથી, ભાઇ ! છેટા -
કદમ ભરો, હાં ! એક જ વામ !
સાધુ ભાઈ ! બોલો :- ૦

जुग जुग जीवो जीवनजी

નવા રે નગરના ઓ રાજવી ! આજે આવ્યા ભુવનજી !
મ્હોટા રે ઘરના હો મ્હોડવી ! કીધાં અમને પાવનજી !
નવા રે નગરના ઓ રાજવી ! ૦

નથી રે નગર ! મ્હોલાતો નથી ! વાસ્યાં અમે તો મશાણજી !
મોજે રે ધૂણીની માણશું, ત્રિવેણીને ન્હવાણજી !
નવા રે નગરના ઓ રાજવી ! ૦

શરીર ચીરી રે કર્યો સાથરો, આસન નવલાં નયનજી !
ખેલો રે ખેલો મ્હારે આંગણે ચોખ્ખાં ચૌદે ભુવનજી !
નવા રે નગરના ઓ રાજવી ! ૦

પ્રેમ રે કેરાં, રાજ ! પંખીડાં ! ઉડ્યાં અગમ ગગનજી !
અમરાપુરીના હો જોગિયા ! ઉન્સુનધૂન લાગી ! ધન્યજી !
નવા રે નગરના ઓ રાજવી ! ૦

નમું રે નમું સાગર રાજવી !, સ્વાનુભવી મહાજનજી !
અનલ પંખીનો રે ઈંડવો ! જુગ જુગ જીવો જીવનજી !
નવા રે નગરના ઓ રાજવી ! ૦

હરિ હરિ હરિ સુમરો રે

હરિ હરિ હરિ સુમરો રે મેરે દિલ ! હરિ હરિ હરિ સુમરો :
જીવતાં જીવતાં મરી જવું, ભાઈ ! જયમ ત્યમ પન્થે પળો !
મેરે દિલ ! હરિ હરિ હરિ સુમરો ! ૦

નવસેં ને નવ્વાણું જન્મો, ત્યાસી લાખ હજારા !
હીન્દૂ પુરાણ પુકાર કરે, ભાઈ ! હરિ જાણ્યા વિણ હાર્યા !
મેરે દિલ ! હરિ હરિ હરિ સુમરો ! ૦

તું જાણે કે પોથે થોથે, થઇ પંડિત હરિ જાણું ! !
ભારે થાતો ભણતરથી, ભાઈ ! હરિનું ઘર હલકાનું.
મેરે દિલ ! હરિ હરિ હરિ સુમરો ! ૦

સંત તણું શરણું લેવું, ભાઈ ! પૂરા અનુભવીઆનું ;
પોથું છોડો ને પકડો કાંડું, જીવતાં જીવત મુવાનું.
મેરે દિલ ! હરિ હરિ હરિ સુમરો ! ૦

શબ્દ સંતનો જે પકડે તે સુફળ કરે જન્મારો ;
હરિગુરુદેવદયાએ, સન્તો ! સાગરિયાને તાર્યો.
મેરે દિલ ! હરિ હરિ હરિ સુમરો ! ૦

અમને એવા ગુરુજી મળિયા

અમને એવા ગુરુજી મળિયા, જેણે 'કરમ' અમારૂં ફૂટયું !
"અલ્લાહ એક બદામ" કર્યા ! ભાઈ ! ફના ફાતિહા કીધું !
અમને એવા ગુરુજી ૦

'ધરમ', 'કરમ', તન, મન, ધન ઉપર વળ્યો ધબડકો મ્હોટો !
બાહ્યાભ્યન્તર દશે દિશાએ, વાગ્યો ગુરુનો સોટો !
અમને એવા ગુરુજી ૦

ભણી ગણી 'ધણીઆણી' અમારી પૂરી વ્યસની કીધી !
પાતાં પાતાં 'ભાન' ભૂલાવી, 'શરમ' તજાવી દીધી !
અમને એવા ગુરુજી ૦

'દીકરી' મ્હારી ઘરમાં ઘાલી ! ગુરુએ નાંખી મારી !
'ધરમાધરમ' કશું ના જોયું ! એ ગત, સંતો ! ન્યારી !
અમને એવા ગુરુજી ૦

ચેતો ! 'ધરમ', 'કરમ'થી જાશો, જો ગુરુજીને મળશો !
થશે 'ખરાબી' સાગરસંગે ! વણ મોતે, ભાઈ ! મરશો !
અમને એવા ગુરુજી ૦

स्वदेशीनुं भजन

કોય આપણુદેશી હોય તો આવો લહાવો લીજિયે હો....જી !
પેલાં પરદેશી શું બૂઝે ગુરુજીની વાત ?! હાં રે હાં !
ભેદુ ભાઈ ! ભાખિયે ! હો....જી ! કોય આપણુદેશી ૦

ભાઈ ! પંખી ઉપર 'તરુવર' બેઠું ! ડાળ, પાન, ફળ ફૂલે....જી !
ઘેર ઘટામાં અબધૂત જોગી ! છાનામાના ઝૂલે....જી !
કોય આપણુદેશી ૦

જોગીબાવે 'લકડી' માગી ! નહીં સૂકી ! નહીં લીલી....જી !
'ઘડુલી' ભરીને લકડી આલી ! તે દિનથી હું ચેલી....જી !
કોય આપણુદેશી ૦

ગુરુએ મ્હારે આસન માગ્યાં, નહીં ઊંચાં ! નહીં નીચાં....જી !
અદ્ધર તખત બિછાવી દીધાં ! અદબદ ઘેર અડિંગા ...જી !
કોય આપણુદેશી ૦

મ્હારા ગુરુજી 'પાણી' માગે, ઝોળી ભરી ભરી લાવી....જી !
આ પૃથ્વીનું જળ ના પીતા ! 'અદ્ધર' નદી ચલાવી....જી !
કોય આપણુદેશી ૦

ગુરુ અમારા ભિક્ષા માગે, નહીં ઉગ્યું ! નહીં ખેડયું....જી !
અદ્ધરથી અમૃતફળ લાવી, સાગર ગુરુ જમાડું....જી !
કોય આપણુદેશી ૦

करी कमाणी एवी

કરી કમાણી એવી, સાધુ ભાઈ ! કરી કમાણી એવી –
ગરજુ દિલને ગુરુગમથી, ભાઈ ! ઝટપટ કરવા જેવી !
સાધુ ભાઈ ! કરી કમાણી ૦

શેષનાગને દેશ ગયા, ભાઈ ! નગરી જોયા જેવી !
અણઘડ મૂર્ત્તિ રાધાજીની, અંધે જોયા જેવી !
સાધુ ભાઈ ! કરી કમાણી ૦

વૃન્દાવનની કુંજગલીમાં, વેણુ સુણવી દૈવી !
ચંચળ ચિત્ત ચતુરાને, ભાઈ ! સાચે ! મોહ્યા જેવી !
સાધુ ભાઈ ! કરી કમાણી ૦

એક વસ્તુ આપે ચલી આવી ! ઝરમર વરસે ગેબી !
નહીં માધવને દેવા જેવી ! નહીં ઉદ્ધવને લેવી !!
સાધુ ભાઈ ! કરી કમાણી ૦

લાહ્ય લગાડી લંકાપુરીમાં ! હસતાં સીતાદેવી !!
શહેર વસાવ્યું સાગર નીચે ! ગુરુગમ ઉકલી એવી !
સાધુ ભાઈ ! કરી કમાણી ૦

જેણે ગગન ઉપર ઘર બાંધ્યું !

સોહિ સાધુ સાધુ સાધુ રે –
જેણે ગગન ઉપર ઘર બાંધ્યું !
સોહિ સાધુ સાધુ સાધુ રે ૦

કર્યું અધવારૂં બાવન બ્હારૂં !
અહીંનું સરભર ખાતું રે !
જેણે ગગન ઉપર ઘર બાંધ્યું !
સોહિ સાધુ સાધુ સાધુ રે ૦

નિત્ય નિત્ય નવજોબન ખેલે !
તનમન રા ત મ રા તું રે !
જેણે ગગન ઉપર ઘર બાંધ્યું !
સોહિ સાધુ સાધુ સાધુ રે ૦

ભજન કરે, ભાઈ ! ભગવત જેનું !
ઘરમાં ઠેઠ સુણાતું રે !
જેણે ગગન ઉપર ઘર બાંધ્યું !
સોહિ સાધુ સાધુ સાધુ રે ૦

સાગર દાસ તમારો, સન્તો !
ચરણ – શરણ ખેલાતું રે !
જેણે ગગન ઉપર ઘર બાંધ્યું !
સોહિ સાધુ સાધુ સાધુ રે ૦

સોહિ ઘર ડંકા ! ડંકા ! ડંકા !

સોહિ ઘર ડંકા ! ડંકા ! ડંકા !
બાજે ગુરુઘર ડંકા ! ડંકા ! સોહિ ૦

ભણ્યાગણ્યા જ્યાં પાર ન પામે !
જાય અભણ અડભંગા !
બાજે ગુરુઘર ડંકા ! ડંકા ! સોહિ ૦

મૂળરંગ સોરંગી ! સાધો !
સર્વે રંગ અરંગા !
બાજે ગુરુઘર ડંકા ! ડંકા ! સોહિ ૦

કર્મ, ધર્મ ના ફળે સમૂળાં !
સંગી થાય અસંગા !
બાજે ગુરુઘર ડંકા ! ડંકા ! સોહિ ૦

રાવ, રંક જ્યાં એક બરાબર !
અંધા સબસેં બંકા !
બાજે ગુરુઘર ડંકા ! ડંકા ! સોહિ ૦

સાગર ગુરુઘર અનભેનું, ભાઈ !
અદ્ધર તખત અડિંગા !
બાજે ગુરુઘર ડંકા ! ડંકા ! સોહિ ૦

मूक्यो न म्हारो केडो !

હવે મુને ના છેડો !
ગુરુજી ! હવે મુને ના છેડો !
ગુરુજી ! હવે ૦

" રથે " ચડીને આવ્યા , ગુરુજી ! પકડી રાખો ' ઘોડો ' !
" પૂરી " કરવી હોય મુને તો , " તન " પર રથડો ખેડો !
ગુરુજી ! હવે ૦

" સાત માળ "ની બડી હવેલી ! ઉપર છેલ્લો મેડો !
" એકાન્તે " ત્યાં તેડી ગુરુએ ! પકડયો મ્હારો " છેડો " !
ગુરુજી ! હવે ૦

" માતા " મ્હારી " બાળકુંવારી " ! પહેલો પાલવ પકડયો !
" આડું - અવળું " હવે બતાવી , મુને લગાડયો નેહડો !
ગુરુજી ! હવે ૦

કહેશો તેમ કરીશું , ગુરુજી ! રામદુહાઈ ના દો :
હાજર સાગરરાજ ચરણમાં ! મૂકયો ન મ્હારો કેડો !
ગુરુજી ! હવે ૦

खेल अखेला खेले !

ગુરુગમ એવી જડે ! સાધુ ભાઈ ! ગુરુગમ એવી જડે !
પથ્થર લાદી પાર ઉતરિયે ! અગમ તણી ગમ પડે !
સાધુ ભાઈ ! ગુરુગમ એવી ૦

પાનાં ને પોથાં છોડાવી , અગમ કળા કેં આપે !
રાજપદે બેસાડીને , હાં ! છેલ્લે તખતે થાપે !
સાધુ ભાઈ ! ગુરુગમ એવી ૦

ત્હારા મનમાં પોથી ગોખી , જનક વિદેહી બનવું ! !
અનભેનું ઘર છે આઘું , ભાઈ ! તાડ ચડીને ઝુઝવું !
સાધુ ભાઈ ! ગુરુગમ એવી ૦

દેહધારી પ્રભુમૂર્તિ મળે જો સ્નેહ માત્રની સ્નેહી !
સાંઈયાનું ઘર ખરૂં બતાવે ! નાચ નચાવે થેઈ ! થેઈ !
સાધુ ભાઈ ! ગુરુગમ એવી ૦

ધણીના ઘરનું ધીંગાણું ! જે જાણે તે શું બોલે ? !
મુનિ થઈને મ્હાલે સાગર ! ખેલ અખેલા ખેલે !
સાધુ ભાઈ ! ગુરુગમ એવી ૦

રટ – રટ – રટ નિજ નામ

રટ – રટ રે નિજ નામ ! –
હંસા ! રટ – રટ – રટ નિજ નામ !
રટ – રટ રે નિજ નામ ! હંસા ! રટ – રટ રે ૦

આપ ઉછાંહિમેં દિલકા ન લગના !
બૈઠા અગોચરી ધામ !
હંસા ! રટ – રટ – રટ – નિજ નામ ! રટ – રટ રે ૦

બિન ચંદા ! બિન સૂરજ જ્યોતિ !
વોહિ તુમ્હારા મુકામ !
હંસા ! રટ – રટ – રટ નિજ નામ ! રટ – રટ રે ૦

વાસી સાત સમન્દર પરકે !
નહીં સેવક નહીં સ્વામ !
હંસા ! રટ – રટ – રટ નિજ નામ ! રટ – રટ રે ૦

મત સોચો કછુ સીધા – ટેઢા !
સોતે રહો આઠ યામ !
હંસા ! રટ – રટ – રટ નિજ નામ ! રટ – રટ રે ૦

સાગર જા ઘરસેં ખુદ આયે ! –
વોહિ ભુવન ! વોહિ ગામ !
હંસા ! રટ – રટ – રટ નિજ નામ ! રટ – રટ રે ૦

સ્વદેશનું ભજન

એક દેશ દેખા ઐસા ! –
સન્તોં ! દેશ દેખા ઐસા !

હરખ , સોક , સુખ , દુઃખ ના કછુ જ્યાં ,
કાલ કરમ નહીં લેસા !!
સન્તોં ! દેશ દેખા ઐસા ! એક દેશ ૦

ધરમ , નિયમ જ્યાં પર નહીં બિલ્કુલ ! !
નહીં વરણ ! ! નહીં વેષા ! !
સન્તોં ! દેશ દેખા ઐસા ! એક દેશ ૦

" મૈં " નહીં મેરા ! " તું " નહીં તેરા !
સબ જૈસેકા તૈસા !
સન્તોં ! દેશ દેખા ઐસા ! એક દેશ ૦

ઐસા રંગ અસલ અસ્માની !
" પૃથિવી " નાહીં પ્રવેસા !
સન્તોં દેશ દેખા ઐસા ! એક દેશ ૦

ભરપૂર સાગર પાની બગરકા ! !
ડૂબત હરિજન વૈસા !
સન્તોં ! દેશ દેખા ઐસા ! એક દેશ ૦

છોટાસા મન્તર સ્હેલા

હો જા તું ઘેલા ઘેલા !
મુસાફિર ! હો જા તું ઘેલા ઘેલા ! હો જા ૦

જગત સરાહી સમજ લે જાદૂઈ ! –
જૈસા કિં સુપનેકા મેલા !
મુસાફિર ! હો જા તું ઘેલા ! ઘેલા ! હો જા ૦

પંચ મહાભૂત આયે ઇકિઠ્ઠે –
જાના અકેલા અકેલા !
મુસાફિર ! હો જા તું ઘેલા ઘેલા ! હો જા ૦

હો જા તું હલકા ! દીવાના દિલકા !
હરિગુરુદેવકા ચેલા !
મુસાફિર ! હો જા તું ઘેલા ! ઘેલા ! હો જા ૦

રામદીવાના તો દેવોસેં બહડીઆ !
ખેલત ખેલ અખેલા !
મુસાફિર ! હો જા તું ઘેલા ! ઘેલા ! હો જા ૦

સાગર હરદમ ' ગુરુ ગુરુ ' રટના !
છોટાસા મન્તર સ્હેલા !
મુસાફિર ! હો જા તું ઘેલા ! ઘેલા ! હો જા ૦

बनके सरित मील जाऊं

બલિહારી મૈં વારી જાઉં !
ગુરુજી ! તુમપેં બલિહારી મૈં વારી જાઉં !
બલિહારી મૈં ૦

આપ પ્રભુજી અનાથકે નાથા –
મૈં તો અનાથ હો જાઉં !
ગુરુજી ! તુમપેં બલિહારી મૈં વારી જાઉં !
બલિહારી મૈં ૦

બન્ધુ હો દીનોંકે, પ્યારે ! દયાલુ !
મૈં મોહે દીન બનાઉં !
ગુરુજી ! તુમપેં બલિહારી મૈં વારી જાઉં !
બલિહારી મૈં ૦

પ્રેમસ્વરૂપ, પ્રભો ! તુમ હો ! જી !
મૈં પ્રેમા બન ગુન ગાઉં !
ગુરુજી ! તુમપેં બલિહારી મૈં વારી જાઉં !
બલિહારી મૈં ૦

આપ ગુણાતીત ગોવિન્દ ! પ્યારે !
સૂન પર ધૂન મૈં લગાઉં !
ગુરુજી ! તુમપેં બલિહારી મૈં વારી જાઉં !
બલિહારી મૈં ૦

સાગરરાજ પિયા મોરે પ્યારે !
બનકે સરિત મીલ જાઉં !
ગુરુજી ! તુમપેં બલિહારી મૈં વારી જાઉં !
બલિહારી મૈં ૦

नाम सहारा हमारा

હરિગુરુનામ આધારા –
તું તો, પ્યારા ! હો જા નામ આધારા ! હરિગુરુનામ ૦

જો જો પૂજે વાકો વોહિ પૂજન દે !
પલ ભિ તું હો નહીં ન્યારા !
તું તો, પ્યારા ! હો જા નામ આધારા ! હરિગુરુનામ ૦

એક હિ નામ અનામી, અકામી !
એક હિ પ્રેમ પિયારા !
તું તો, પ્યારા ! હો જા નામ આધારા ! હરિગુરુનામ ૦

ઇત, ઉત ફેલત ચિત્તકો રુક લે –
લગનીકી ધૂનમેં ! દુલ્હારા !
તું તો, પ્યારા ! હો જા નામ આધારા ! હરિગુરુનામ ૦

તાજુબ ! ! – પથર તરત જલમેં ! ! વાહ ! !
પ્રીતિકી ગતિ હે અપારા !
તું તો, પ્યારા ! હો જા નામ આધારા ! હરિગુરુનામ ૦

સાગર હિરદા હરિગુરુરંગી ! –
નામ સહારા હમારા.
તું તો, પ્યારા ! હો જા નામ આધારા ! હરિગુરુનામ ૦

રામનામનું નાણું

રામનામનું નાણું ! સંતો ! રામનામનું નાણું !
ધન દૌલતમાં અમે કમાયા ગુરુગોવિન્દનું ગાણું.
સંતો ! રામનામનું ૦

દુઃખ, ચિન્તા કે શોક, મોહને શું કરવાને જાણું ? !
રામનામથી સભર ભર્યાં સૌ ઉભરે અણુ પરમાણુ !
સંતો ! રામનામનું ૦

જોગ, જગન, તપ, તીરથ સૌમાં, નહીં કોઇ નામ સમાણું ;
રામગુરુ ગુરુરામ મંત્રને, અનભે કરી વખાણું.
સંતો ! રામનામનું ૦

ભૂત, ભવિષ જ્યાં છતે નથી ત્યાં જીવતાં થાપ્યું થાણું !
મરણ વિના મરણું માણ્યું ! ભાઈ ! ઉકલી ગયું ઉખાણું !
સંતો ! રામનામનું ૦

ૐ એકવીસ હજાર છસોનું વ્યસન પડયું હંસાનું :
વાસ વસ્યો મ્હોટે ઘર સાગર ! જીવતાં જીવિત મુવાનું.
સંતો ! રામનામનું ૦

मरवुं तो हक छे

મરવું તો હક છે, બાવા! મરવું તો હક છે;
(પણ) રામભજન વિણ જીવવું, બાવા! ધિક ધિક એ ધિક છે.
બાવા! મરવું તો ૦

મરવું ધર્મ શરીરી સહુનો, એમાં તે શું ડરવું?
પટકુળ બદલી પિયુને મળવું! ગગન ઉપર ઘર કરવું.
બાવા! મરવું તો ૦

પીર, પેગમ્બર, અવતારીને, પડે શરીર બદલવું;
એવું મરવું સંતોનું, ભાઈ! મહાજળે જળ મળવું.
બાવા! મરવું તો ૦

ધણીની થાપણ ધણીને સોંપી! મટી ગયું સાચવવું;
આતમરામ નફકરા થઇને, વાયુલહરવત્ ફરવું.
બાવા! મરવું તો ૦

જીવતાને ભય મરવાનો, ભાઈ! પળ પળ રામ સુમરવું;
સાગર સુવો ગુરુને હાથે! ફરી ફરી નથી મરવું.
બાવા! મરવું તો ૦

बोल्यानुं कैं कारण नथी!

દિલ્દાર હાં! હાં! ફાંકડી! ભેટી અજબ શી બાથથી!
મૌજાં અજાયબ ત્યારથી, શી દમ બ દમ બસ ચાલતી!
દિલ્દાર હાં! હાં ૦

ધન! ધન! ઘડી! ધન! પલ વિપલ!
કીજિયે સમાગમ આ સફલ!
ઘડી બે ઘડી બસ ચલ બિચલ, આ તંબુ ને આ રાવડી!
દિલ્દાર હાં! હાં! ૦

"જા – જા! તું તો છે કેફમાં"!
શા – શા નશાના ઘેનમાં?
કામણ કર્યું ત્હેં નેણમાં! સૂન પર હર્યું ઘર ત્યારથી.
દિલ્દાર હાં! હાં! ૦

ચલ! આવ! લે! લે! લે! સનમ!
ઘેલી! હવે શેની શરમ?!
કુલ બેશરમ બન એકદમ! બસ ખેલી લે મ્હેમાનથી!
દિલ્દાર હાં! હાં! ૦

"સાગર! તમારી બેતમાં –
"બોલી રહ્યું કોઈ હુમા!"
ચુપ! ચુપ! થયો છું બેતમા! બોલ્યાનું કૈં કારણ નથી!
દિલ્દાર હાં! હાં! ૦

પ્રભુની કાફી

પ્રભુ પોતે કહે છે રે :- "સંતો મ્હારા સાચ્ચા સનેહી :
" અનન્યે ભજે છે રે તેને રાખું હિરદા મહીં ."
પ્રભુ પોતે કહે છે રે ૦

" કામી , ક્રોધી , વિરોધી તારૂં ને તારૂં સારૂં જગત ;
" પણ , મ્હારાથી ના તરે , ભાઈ ! જૂઠા બગલા ભગત ! -
" ગતિ , મતિ અવળી રે મુખે હરિ ! હિરદે નહીં !"
પ્રભુ પોતે કહે છે રે ૦

" વિષયી , વિલોગી , વિરાગી તારૂં ! પાપીઓને કરૂં સંત ;
" પણ , ઉપર ભક્તિ ને અંદર દુનિયા ! તેનો ન આવે અંત ! -
" દમ્ભી એ પાખંડી રે એને ને મ્હારે કૈં યે નહીં ."
પ્રભુ પોતે કહે છે રે ૦

" નીચ , અધમ , અતિદ્રોહી તારૂં ! પણ , મેલું દિલ મુશ્કેલ !
" બ્હાર , ભીતર બે રંગી તરે ના ! સાફ્ટ એવા સલેલ ! -
" સ્હેલું નથી મળવું રે સાગર ખેલ ખેલે જહીં ."
પ્રભુ પોતે કહે છે રે ૦

થઇ કબર કૈં રોજ પર !

અજી ! ક્યાં બજી આ ટોકરી ? ! કરી મ્હેં નઝર નીચે ઉપર -
છકી છેક ! અલ્હડ છોકરી :- " ચલિયે ! જી ! રંગપલંગ પર !"
અજી ! ક્યાં બજી આ ૦

" જી ! હાં ! કહો ! પછી શું થયું ?"
યારો ! અજબ ! કૈં કૈં બન્યું !
ના જાય વાણીથી કહ્યું ! બેનાં બન્યાં એક જ અગર !
અજી ! ક્યાં બજી આ ૦

બસ ! તનબદન બાંધી લીધો -
રગ રગ ભીતર ગૂંથી દીધો -
તોફાની હું કીધો સીધો ! આવ્યો ત્રિવેણી ઘાટ પર !
અજી ! ક્યાં બજી આ ૦

પટુ ભાષણો કરનારને ,
કવિતા કલા રચનારને ,
કહેજો અલખ લખનારને :- આ તો મુલક વાચા વગર !
અજી ! ક્યાં બજી આ ૦

મીઠી સમાધિમાં સુતો ! -
ત્યાં તો હતો ન હતો થતો !
સાગર નથી મરતો દીઠો , પણ , થઇ કબર કૈં રોજ પર !
અજી ! ક્યાં બજી આ ૦

मन ! हरि भज रे !

મન ! હરિ ભજ રે ! મન ! હરિ ભજ રે ! –
બેટા ! હો જા નગન !
ૐ હરિ ભજ રે ! ૐ હરિ ભજ રે !
ત્હારી લાગી લગન !

કોઇક તજતા , કોઇક ભજતા ! વિધવિધ માયાવેષ !
સાધુને તજવું ભજવું ના , સર્વોપરિ સ્વદેશ .
મન ! હરિ ભજ રે ! ૦

કોઇક પૂજે ભૂતને ! ને કોઇક પૂજે પ્રેત ;
જોગી પૂજે અલખ નિરંજન ! લાગી ઠેઠાઠેઠ !
મન ! હરિ ભજ રે ! ૦

કોઇક વાંચે વેદ પુરાણો ! કોઇક ગીતાપાઠ ;
આશક જોગી કશું ન વાંચે ! હસતો દેખે ઠાઠ !
મન ! હરિ ભજ રે ! ૦

કોઇક કલા કવિતા રચતા ! કોઇક નાટક રંગ ;
મ્હારા રામ ભણેલું ભૂલ્યા ! એ અબધૂ અડભંગ .
મન ! હરિ ભજ રે ! ૦

કોઈક ધરમ કરમને પૂજે ! કોઇ દેવી ને દેવ ;
સાગર રામ અગમ ગમ સૂજે , બૂઝે જો ગુરુભેવ .
મન ! હરિ ભજ રે ! ૦

झबकती वीज अजवाळे

ઝબકતી વીજ અજવાળે ! પરોવી મોતી લે – લે – લે :
ચલી – ચલી – ઓ ચલી જાશે ! પછી તું વ્યર્થ પસ્તાશે .
ઝબકતી ૦

ઇજ્જત , ધન , માલ ને મિલ્કત !
બધી ત્હારી જ છે સરજત !
ત્હને એ બાંધી રાખે ? છટ્ ! ઉડી જો , યાર ! ઉડાશે .
ઝબકતી ૦

ભણ્યો અંગ્રેજી ! તેથી શું ?!
વકીલ – દાક્તર બન્યાથી શું ? !
કલા કવિતા રચ્યે શું – શું – જીવ્યું ત્હારૂં સફલ થાશે ?!
ઝબકતી ૦

લગાડી લે અસલ લગની ,
મહોબત છોડ મિટ્ટીની :
ન કિમ્મત ત્હારી કોડીની , કયામત પર કબૂલાશે !
ઝબકતી ૦

ન થા કાઝી ઘરોઘરનો ,
હૂકમ અલબત્ત ગુરુઘરનો !
લવારો સુણ સાગરનો ! રમત જલ્દી પતી જાશે .
ઝબકતી ૦

अगम देशके जोगी !

હમ તો અગમ દેશકે જોગી ! બાબા ! અલખ નગર હે....જી !
પ્રેમ ગલીમેં છુપ છુપ આના ! જાના સીર બગર હે....જી !
હમ તો ૦

દો દિનકી યે રામસરાહી ! તામેં નહીં લિપટાના....જી !
જા ઘરસેં આયા તું , બન્દા ! જીવત જીવત વ્હાં જાના ! –
હમ તો ૦

સૂન સૂન નગરી બંધ્યા રાણી ! તીન તીન પુત્ર જનેતા....જી !
માતપૂત ખેલત રતિક્રીડા ! ! તાત કછુ ના કહેતા ! –
હમ તો ૦

અગમ દેશકી ઉલટી આંટી ! બેદશાસ્ત્ર કયા કરના...જી ?!
ઉલટા મારગ ચલે અસલસેં ! યું માલિકસેં મીલના ! –
હમ તો ૦

સુપના કયોં સુપના નહીં જાન્યા ? ગગનકુન્જ લોભાયા....જી !
અલખ નિરંજન ભજ લો , પ્યારે ! કવિ , પંડિત ભરમાયા !–
હમ તો ૦

જાતા આતા કછુ ન હોતા ! નહીં ગુરુ ! નહીં ચેરા....જી !
સબસેં દૂરા ! સબસેં નેડા ! વો ઘર સાગર ડેરા ! –
હમ તો ૦

भागत कविता कला ! री !

ખેલત મોરી છતિયનપેં ગિરિધારી ! –
મોહે હૅસ હૅસ કહત " દુલ્હારી ! "
ખેલત મોરી ૦

મૈં દુલ્હન હથિયન મતવારી ! –
તા પર કિન્હી સવારી !
ખેલત મોરી ૦

અદ્ધર તખત બિરાજત બલમા ! –
ઝૂલત અંગઝૂલા ! રી !
ખેલત મોરી ૦

ઉન્મનિ બનિકે બદનભાન ભૂલત ! –
ડૂલત ખેલ ખેલારી !
ખેલત મોરી ૦

ઉલટ ઉલટ રતિપતિ રસ લૂટત ! –
જો બ ન ત ન ફુલવારી !
ખેલત મોરી ૦

કાણ્ડ ચતુર્દશ ચિન્હત સાગર ! –
ભાગત કવિતા , કલા ! રી !
ખેલત મોરી ૦

ફેરો અમારો ફળ્યો રે !

હું તો નાહીં ઉઠી ! – ચીર નવું પ્હેરૂં –
કે , કહાન કયાંથી આવી ચડયો રે ? !
લીધું ચીર – એવું કીધું અડપલું ! –
કે , આવી મ્હારે અંગે અડયો રે ! હું તો ૦

આઘો ! આઘો જા ને ! ઓ અળવીતરા ! –
કે , હાથ મચકાઈ જશે રે !
હીરા , મોતી જડેલ મ્હારો હાર ! –
કે , કહાનજી ! તૂટી જશે રે ! હું તો ૦

નથી જુવતિ જીત્યાનું પૂરૂં જોર !
કે , મૂછ મુખે ના ના ફૂટી રે !
તો ય , નાચો ! નચાવો કિશોર ! –
કે , બાથડી ના ના છૂટી રે ! હું તો ૦

મ્હને લૂટી – લૂટી ભરજોબના ! –
કે , ભૂધરો ભલેરો મળ્યો રે !
સખી સાગર ખેલૌ નાથ કહાના ! –
કે , ફેરો અમારો ફળ્યો રે ! હું તો ૦

આ ભજનભેદ ભણી લેજો રે

આ ભજનભેદ ભણી લેજો રે – ભક્તો પ્યારા !
લ્યો – અમીરસ પ્યાલો પીજો રે – પ્રેમી મ્હારા !
આ ભજનભેદ ભણી ૦

જગનાટક સ્વપ્ના જેવું –
વંધ્યાસુત ખેલે એવું !
એ પાકું મહીં લખી લેવું રે – ભક્તો પ્યારા !
આ ભજનભેદ ભણી ૦

જે જે બે આંખે દેખું ,
તેને તરણાવત્ લેખું ,
તન , ધન ને માન ઉવેખું રે – ભક્તો પ્યારા !
આ ભજનભેદ ભણી ૦

ચાળા મન ચંચળતાના ,
જીતવા ષડ્રિપુ પોતાના ,
છો માલિક મન જીત્યાના રે – ભક્તો પ્યારા !
આ ભજનભેદ ભણી ૦

ના શોકમોહમાં મરવું ,
મનને નિર્વાસન કરવું ,
પછી ભલે ગમે ત્યાં ફરવું રે – ભક્તો પ્યારા !
આ ભજનભેદ ભણી ૦

પ્રેમીજન અંધ અપંગો !
સાગર હરિરંગે રંગ્યો !
સુખદુઃખ સસલાનાં શૃંગો રે – ભક્તો પ્યારા !
આ ભજનભેદ ભણી ૦

હમ તો સચ્ચી બતલાવેં

હમ તો સચ્ચી બતલાવેં ! જગતમેં દો દિનકા ડેરા !
અગમ બીજલી પડી ! નિકલ બે ! જલતા ઘર તેરા !
નિકલ બે ! જલતા ઘર તેરા ! હમ તો ૦

નંગા આયા ! નંગા જાના ! બિચમેં નગર ઠગારા !
સંગત કર લે સન્ત પુરુષકી ! ભજન બચાવનહારા .
નિકલ બે ! જલતા ઘર તેરા ! હમ તો ૦

જાદૂઈ ખેલ રચ્યા મન કરિકે ! આપે આપ ફસાયા !
ઉલટ ચલાયા સો નર જીત્યા ! અદ્ધર તખત બિછાયા .
નિકલ બે ! જલતા ઘર તેરા ! હમ તો ૦

તું સંસારી ! ! તું વેપારી ! ! માલ ખજાના તેરા ! !
ચલ ! બે ! ચલ ! ખાલી કર ઘરકો ! મત કર મેરા મેરા .
નિકલ બે ! જલતા ઘર તેરા ! હમ તો ૦

બાતાં તેરી બ્હોત રસિલી ! કરતા કલા કુશલતા ! !
મનમેં મહોબત દામચામકી ! ચલે ન એ ચંચલતા .
નિકલ બે ! જલતા ઘર તેરા ! હમ તો ૦

જા ઘર પર સાગર ગુરુ ગાવે , વો ઘર કર લે અપના !
હો જા , બેટા ! રામદીવાના ! ઔર સમજ સબ સુપના .
નિકલ બે ! જલતા ઘર તેરા ! હમ તો ૦

હમ તો સત્ વસ્તુ દેવેં

હમ તો સત્ વસ્તુ દેવેં – અજી ! તુમ તત્પર હો તો લો !
અન્ધા – બ્હેરા બન જા , બેટા ! દિલગઠડી ખોલો !
અજી ! તુમ તત્પર હો તો લો . હમ તો ૦

ધન ! ધન ! જનમ ભયા ભારતમેં ! તું બડભાગી લાલા !...જી !
પ્યાલા રામરસાયન પી લે ! હો જા તું મતવાલા !....
હમ તો સત્ વસ્તુ દેવેં – અજી ! તુમ તત્પર હો તો લો .

વિના બીજ , બેટા યક જાયા ! અગમ પુરુષ અબધૂતા !....જી !
ખેલ અખેલા બૂઝો પિયુકા ! રસકી લૂટમલૂટા ! ....
હમ તો સત્ વસ્તુ દેવેં – અજી ! તુમ તત્પર હો તો લો .

ઘર ઘરમેં નાચે નટવરજી ! ખેલે ખૂબ ખુમારી !....જી !
ભોગ , જોગ દોનોં પર ગાજે ગુણાતીત ગિરિધારી !
હમ તો સત્ વસ્તુ દેવેં – અજી ! તુમ તત્પર હો તો લો .

દિલ દેવલકો વિમલ બનાના ! શરમ , લાજ કયોં ધરના ...જી ?
ગુરુશબ્દ પર કર કેસરિયાં ! શૂરા હોય કે મરના !....
હમ તો સત્ વસ્તુ દેવેં – અજી ! તુમ તત્પર હો તો લો .

દેશ , વેષ , તન , ધન દો દિનકે ! સુપનેકે સાજનિયાં ....જી !
લાલનસેં , દિલ ! લગન લગા દો ! સાગર બડા લગનિયા !
હમ તો સત્ વસ્તુ દેવેં – અજી ! તુમ તત્પર હો તો લો .

રાધે ! મ્હારે ગોરૂં થવું છે !

ગોરૂં થવું છે રે ગોરૂં ! –
રાધે મ્હારે ગોરૂં થવું છે !

સહુ યે મુને કાળો કાળો કહે છે ! !
રહેણું , સખિ ! ટાળવું છે !
રાધે ! મ્હારે ગોરૂં થવું છે !

કોઈએ ઉપાય અસલ બતલાવ્યો ! –
આજ જ એ કરવું છે !
રાધે ! મ્હારે ગોરૂં થવું છે !

તું જ ઈલાજ , અયિ ગૌરાંગી !
તન ગોરે તન જડવું છે !
રાધે ! મ્હારે ગોરૂં થવું છે !

આજની રજની છુ – મંતર કરી લે !
વ્હાણે નવું બનવું છે !
રાધે ! મ્હારે ગોરૂં થવું છે !

રાધા કહે :– " ઘેલા ! ગોરૂં તો વરવું –
" સાગર – હાં – ઠગવું છે ! "
રાધે ! મ્હારે ગોરૂં થવું છે !

કોઇ ચેતો ! હાં ! નરનારી રે !

કોઇ ચેતો – હાં નરનારી રે – ઓ....સંસારી !
ચલૉ આવે મોતસવારી રે – ઓ....વેપારી ! !
કોઇ ચેતો ૦

દુનિયા દો દિનનું લટકું ,
એમાં શું મનડું વળગ્યું ? !
લે ચાખી હરિરસ ચટકું રે – ઓ....સંસારી !
કોઇ ચેતો ૦

કવિ , પંડિત કે પુરાણી ,
જગમાં હો કીર્ત્તિ ગવાણી ;
પણ , ભજન વિના ધૂળધાણી રે ! – ઓ....સંસારી !
કોઇ ચેતો ૦

છે જ્ઞાન , યોગ ને ભક્તિ ,
પ્રેમીની અટપટી મસ્તી ;
સહુ તજવા મનઆસક્તિ રે – ઓ....સંસારી !
કોઇ ચેતો ૦

ના બનવું બાવા બાવી ,
લેવી ગુરુગમની ચાવી ,
જવું ભૂલી ભૂત ને ભાવી રે – ઓ....સંસારી !
કોઇ ચેતો ૦

જીવ્યું આ જીતી લેવા ,
હરિગુરુસંતની કર સેવા ,
સાગર ગુરુવરને વરવા રે – ઓ....સંસારી !
કોઇ ચેતો ૦

કોઇ પીઓ સાધુ અવધૂતા રે !

કોઇ પીઓ સાધુ અવધૂતા રે – સં....તો શૂરા !
હ્યો સબરસ લૂટમલૂટા રે – પ્રે....મી પૂરા !
કોઇ ૦

રસ પીધો બહેરે અન્ધે !
અણઘડ મૂર્ત્તિ આરાધે !
ના છોડે કે ના બાંધે રે – પ્રે....મી પૂરા !
કોઇ ૦

છે રસ મૂંગા ગૂંગાનો !
દિલની લગની લાગ્યાનો !
ચેતીને ઝટ જાગ્યાનો રે – પ્રે....મી પૂરા !
કોઇ ૦

રસ પીધો પાગલ ઘેલે !
મ્હાલે મન મોહન મેળે !
બસ ખેલ અખેલા ખેલે રે – પ્રે....મી પૂરા !
કોઇ ૦

રસ પીતા રાંક અનાથા !
ઉલટી ગંગામાં ન્હાતા !
ગુરુઘરનાં ગીતો ગાતા રે – પ્રે....મી પૂરા !
કોઇ ૦

ના પુરુષ અને ના નારી,
તે એ રસનાં અધિકારી ;
સાગર સદ્ગુરુ બલિહારી રે – પ્રે....મી પૂરા !
કોઇ ૦

સેવા ધરમ સુખદાયી

સેવા ધરમ સુખદાયી !
ઓ સંતો ! સેવા ધરમ સુખદાયી ૦

જોગ , જગન , તપ , તીરથ સબસોં ,
સેવા ધરમ અધિકાઈ !
ઓ સંતો ! સેવા ધરમ ૦

બિન સ્વારથ , બિન આશાતૃષ્ણા ,
સુખદુઃખ બેપરવાઈ !
ઓ સંતો ! સેવા ધરમ ૦

પ્રેમધરમ અરુ સેવા ધરમકો ,
અરસપરસ અપનાઈ .
ઓ સંતો ! સેવા ધરમ ૦

બલિહારી સેવા સ્વભાવ હિ જાકો !
કબ હૂ ન દીસે દૂજાઈ !
ઓ સંતો ! સેવા ધરમ ૦

પુનિ પુનિ ધરત પ્રભુ અવતારા !
સેવક જનકે સહાઈ !
ઓ સંતો ! સેવા ધરમ ૦

ધન ! ધન જિન કિન્હી સેવાકમાઈ !
ઈન્દ્ર કરત ઈરખાઈ !
ઓ સંતો ! સેવા ધરમ ૦

સેવક સાગર સબ સેવકકો : –
જય ગુરુ જય બરદાયી !
ઓ સંતો ! સેવા ધરમ ૦

उस घर पर ठरना

સન્તો ! ઉસ ઘર પર ઠરના (કે) જિસ્કા ગગન ભીતર પા....યા !
બ્રહ્મા , વિષ્ણુ , શેષ , મહેશા , ભેદ નહીં પાયા !
સન્તો ! ઉસ ઘર પર ૦

પાયા વો ઘર 'ગુરુ' હમારા ! ભેદ હમેં દિખલાયા !
જબ નહીં થે શશી રવિ તબ હમને 'ગુરુ'કો ગેરૂ ધરાયા !
સન્તો ! ઉસ ઘર પર ૦

ગુરુ હમારે બાલે ભોલે ! તિન તિન રખે લુગાઈ !
શિવ , બ્રહ્મા , વિષ્ણુ જબ નહીં થે , તબસેં લગન લગાઈ !
સન્તો ! ઉસ ઘર પર ૦

આગ લગી ! 'જૂનાગઢ' જલતા ! તામેં 'પંખી' બચાયા !
'નવાનગર'કે અસલ 'રાજમેં' , 'નજીવાબાદ' બસાયા !
સન્તો ! ઉસ ઘર પર ૦

'બિલ્લી' જહાં લે ચલે 'ઊંટ' કો , વહી જાદૂઇ ઘર દેખા !
ભોગ સબી દે દિયા બિષ્ણુકો ! શિવજીકો બસ ભેખા !
સન્તો ! ઉસ ઘર પર ૦

મહામધુસાગર હમેં બિલોયા ! અજકો અગમ ખ્હડાયા !
સાગર હરિગુરુસન્તપ્રસાદે , તનમન લગન લગાયા !
સન્તો ! ઉસ ઘર પર ૦

अकर चकर गुरु घनचक्कर !

આજ ભજનકી મજલિસમેં , ભાઈ !
આયે પુરી , તીરથ , સબ ગિર ! –
ના હમ તીરથ ! ના પુરી , પર્વત !
ગુરુ હમારા ઘનચક્કર ! –
ભાઇ ! અકર ચકર ગુરુ ઘનચક્કર ! આજ ૦

ભૂલા ચૂકા ભજન કરે ના ! ?
ભોજન અચ્છી તરહ કરતા ! !
ના જપ , તપ , ના જોગસમાધિ !
અમન ચમન સબ રસભોક્તા !
ભાઇ ! અકર ચકર ગુરુ ઘનચક્કર ! આજ ૦

'જૂનાગઢ' કો જલા દિયા જી !
લૂટ લિયા ઘર 'સૂરત'કા !
અદ્ધર તખત બિરાજત ગુરુજી !
બંદન બના કુલ નૂરતકા !
ભાઇ ! અકર ચકર ગુરુ ઘનચક્કર ! આજ ૦

અય પરમેસર ! કસમ હૈ તુમકો ,
હમારી મહડીઆં ના આના ! !
ભૂલા ચૂકા આય ચડો તો ,
નગન નગન દિલ બહલાના !
ભાઇ ! અકર ચકર ગુરુ ઘનચક્કર ! આજ ૦

નદિયાં નાહ્યા ! સરવર , નાહ્યા !
બેહદ સાગર ના દેખા ! !
દેખ ! ભજનકા બાવા બૂઝ લે !
કયા ઘરબારી કયા ભેખા ? !
ભાઇ ! અકર ચકર ગુરુ ઘનચક્કર ! આજ ૦

अंधा जीत ले लंका

હમ તો અડભંગી બાબા ! હમારા ક્યા ઠિકાના....જી ?!
અય બેટા ! બન જા મર્દાના ! મુશ્કિલ પાંવ ટિકાના !
હમ તો ૦

હમ કયા જાને પરમેસર કૈસા ?! કિતના લંબા ચૌડા....જી ?!
તું તેરે દિલકો દફના દે ! મત કર દૌડમદૌડા !
હમ તો ૦

તાંબેકા હમ કનક કરેં ના ! કરેં હીરા મિટ્ટીકા....જી !
જીવતેંકો હમ ઝબેહ કરાવેં ! બડા નામ ગુરુજીકા .
હમ તો ૦

ના હમ જ્ઞાની ! ના હમ ધ્યાની ! કેફ કિયા ચકચૂરા....જી !
ખાના , પીના , મૌજ ઉડાના ! ઐસા મતા હમારા !
હમ તો ૦

તું રાગી હો , યા હો બેરાગી , ગઢ જીતે સોહિ બંકા....જી !
સેતુબંધ સાગર સદ્ગુરુજી ! અંધા જીત લે લંકા !
હમ તો ૦

झखम जिन लग्या – लग्या हो ! जी !

જિન લગ્યા લગ્યા હો લગ્યા –
ઝખમ જિન લગ્યા લગ્યા હો....જી ! –
જિન લગ્યા લગ્યા હો ૦

જિન લગ્યા ઝખમ સોહિ જાન્યા , ઔર ન જાન્યા કુચ્છ ! –
ઔર ન જાન્યા કુચ્છ ! – ઝખમસેં ભયા જંગી અબધૂત ! –
ઝખમ જિન લગ્યા લગ્યા હો....જી !
જિન લગ્યા લગ્યા હો ૦

કિતને પાંવ ભજનકે ?! ભૈયા ! કિતના લંબા પુચ્છ ?! –
ઔર ન જાન્યા કુચ્છ ? – ઝખમસેં ભયા જંગી અબધૂત ! –
ઝખમ જિન લગ્યા લગ્યા હો....જી !
જિન લગ્યા લગ્યા હો ૦

બેટા કીસ્કા હૈ પરમેસર ?! લે ગુરુગમકી ગુજ્જ ! –
ઔર ન જાન્યા કુચ્છ ! – ઝખમસેં ભયા જંગી અબધૂત ! –
ઝખમ જિન લગ્યા લગ્યા હો....જી !
જિન લગ્યા લગ્યા હો ૦

પ્યારી પરમેસરકી સમજ લો ! બાપ ભજનકા બૂઝ ! –
ઔર ન જાન્યા કુચ્છ ! – ઝખમસેં ભયાજંગી અબધૂત ! –
ઝખમ જિન લગ્યા લગ્યા હો....જી !
જિન લગ્યા લગ્યા હો ૦

સાગર સદ્ગુરુઘરકા નૌકર ! ભજન બિના સબ તુચ્છ ! –
ઔર ન જાન્યા કુચ્છ ! – ઝખમસેં ભયા જંગી અબધૂત ! –
ઝખમ જિન લગ્યા લગ્યા હો....જી !
જિન લગ્યા લગ્યા હો ૦

ॐ प्रभुजी ॐ प्रभुजी ॐ प्रभुजी ॐ

ગુરુ ગુરુ ગુરુદેવકી જય ! –
જય જય ગુરુદેવકી જય ! ગુરુ ગુરુ ગુરુ ૦

ॐ – ॐ – ઓ....મ્ –
ગુરુ ॐ – ॐ – ઓ....મ !

ॐ પ્રભુજી ! ॐ પ્રભુજી ! ॐ પ્રભુજી ! ઓ....મ્ !
ॐ – ॐ – ઓ....મ્ – ૦

ॐ – ॐ – ઓ....મ્ –
શિવો – – મ – ॐ – ઓ....મ ! –

ॐ પ્રભુજી – તુમ પ્રભુજી – સબ પ્રભુજી ઓ....મ્ ! –
ॐ પ્રભુજી ! ॐ પ્રભુજી ! ॐ પ્રભુજી ! ઓ....મ્ ! –
ॐ – ॐ – ઓ....મ્ ! – ૦

ॐ – ॐ – આ....મ્ –
ગુરુ ॐ – ॐ – ઓ....મ –

ॐ પ્રભુજી ! ॐ પ્રભુજી ? ॐ પ્રભુજી ! ઓ.... મ !
ॐ – ॐ – ઓ....મ – ૦

अरजी

આવો આવો આવો રે કોઇ સંતજી ! પ્રભુ આવો ! –
આવો કે શબ્દ ઘૂંટાવો રે–કોઇ સંતજી ! પ્રભુ ! આવો !
હાં હાં રે કોઇ સંતજી ! પ્રભુ ! આવો !
આવો આવો આવો રે ૦

કહો તો, સુરત બનાવિયે, ધરી ધ્યાન દિન રાત ;
વ્રત ચાન્દ્રાયણ આદરૂં, ધરૂં મીઠડલાં દુધ ભાત રે –
ગુરુગમ સમજાવો – હાં હાં રે ગુરુગમ સમજાવો !
આવો આવો આવો રે કોઇ સંતજી ! ૦

સર્પ થયું સોનું રૂપું ! અંગ અડયું ન ખમાય ;
વિખવિખ સ્વાદ થયા બધા, મન તુંહિ તુંહિ બસ ગાય રે –
બીજું બધ્ધું ભૂલાવો – હાં હાં રે બીજું બધ્ધું ભૂલાવો !
આવો આવો આવો રે કોઇ સંતજી ! ૦

રાખું તન પ્રભુજીભૂખ્યું, દઉં લૂખું જરી અન્ન ;
પોથાં પર પાણી મૂકું, રાખું હરિભર્યું ભરપૂર મન રે –
પ્રભુ ! ભક્તિ ભણાવો – હાં હાં રે પ્રભુ ! ભક્તિ ભણાવો !
આવો આવો આવો રે કોઈ સંતજી ! ૦

થઈ જોગણ જંગલ ભમું, આપો, ગુરુ ! આદેશ ! –
તન મન સોરંગી કરૂં, ગંગાજમુની થયા મ્હારા કેશ રે ! –
પેલો દેશ બતાવો – હાં હાં રે પેલો દેશ બતાવો !
આવો આવો આવો રે કોઈ સંતજી ! ૦

મૃગજળ તજી, પ્રભુશરણમાં, તન, મનના માલેક !
સાગરહરિગુરુસંતજી ! અજી ! અબઘડીના અહાલેક રે ! –
પ્રભુ ! જ્યોતિજગાવો – હાં હાં રે પ્રભુ ! જ્યોતિ જગાવો !
આવો આવો આવો રે કોઇ સંતજી ! ૦

નથી પાર, પ્રભુ! પોથાંનો!

'પોપટીઆં' શાં બહુ વાંચો રે?! વી....રા મ્હારા!
હરિગુરુસંતોને સ્હાજો રે! પ્રે....મી પ્યારા!
'પોપટીઆં' શાં બહુ ૦

છે ત્રિગુણ થકી પર થાવું,
મ્હોટે ઘર પરૂણા જાવું,
એકેલું અન્ન શું ખાવું રે?! વી....રા મ્હારા!
'પોપટીઆં' શાં બહુ ૦

ગુરુશબ્દ નથી બાવનમાં,
છે છુપો સંતચરણમાં, –
સહુ વેદો યે ત્રિગુણમાં રે! વી....રા મ્હારા!
'પોપટીઆં' શાં બહુ ૦

ગુરુમુખ વાણી નિર્વાણી,
ગોખી ફરી ફરી ઘૂંટવાની! –
'પોપટીઆં' પર મૂક પાણી રે! વી....રા મ્હારા!
'પોપટીઆં' શાં બહુ ૦

નથી પાર, પ્રભુ! પોથાંનો,
જો ધરમ જૂનો પોતાનો,
સેવક સાગર સંતોનો રે! વી....રા મ્હારા!
'પોપટીઆં' શાં બહુ ૦

શી રીતે ભક્તિ કરીએ રે!

શી રીતે ભકિત કરીએ રે? સા....ચી પ્રીતે;
રસબૂટી એ જીરવીએ રે! સા....ચી પ્રીતે.
શી રીતે ૦

કરશું વાતો કયાં સુધી?!
જ્યાં ના પ્હોંચે મનબુદ્ધિ!
બસ રગે રગે ભરૂં ભકિત રે! સા....ચી પ્રીતે.
શી રીતે ૦

હાં! હાં! હરિઘેલાં થાશું,
મ્હેતો ને મીરાં ગાશું,
એ પગલે પગલે જાશું રે! સા....ચી પ્રીતે.
શી રીતે ૦

દિન રેન હરિ હરિ કરીએ –
મન સુવા વિના ના મરીએ –
ના ડરીએ, હરિવર હઇયે રે! સા....ચી પ્રીતે.
શી રીતે ૦

શો હરિરસદરિયો રેલ્યો!
જ્યાં નથી ગુરુ નેથી ચેલો!
સાગર બેભાન બનેલો રે! સા....ચી પ્રીતે.
શી રીતે ૦

कोइ हरिजन हो तो आवो रे

કોઇ હરિજન હો, તો આવો રે! – ઓ....પંખીડાં!
હરિ હરિ અમને ગવરાવો રે! – ઓ....પંથીડાં!
કોઇ હરિજન હો તો ૦

આપણ સૌ પંખી છઇયે:
હરિરસનાં વ્યસની થઇયે:
હરિ હરિ ગાતાં ઉડી જઇયે રે! – ઓ....પંખીડાં!
કોઇ હરિજન હો તો ૦

હરિરસ મીરાંએ માણ્યો!
એ ભાવ ભરૂંસો આણો!
ઝખ મારે પેલો રાણો રે! – ઓ....પંખીડાં!
કોઇ હરિજન હો તો ૦

છે મુક્તિ જડ, અક્કડની! –
જક્કી સૂક્કા લક્કડની! –
ભક્તિ તો બસ ફક્કડની રે! – ઓ....પંખીડાં!
કોઇ હરિજન હો તો ૦

અસ્થિર મનથી 'છે' દુનિયા,
એ મન રસિયાજી વસિયા,
સાગર હરિના કાસદિયા રે! ઓ પંખીડાં!
કોઇ હરિજન હો તો ૦

सागर घरोंघर हो गये

હાં! એક દિન હમ 'દૂધ' થે! જલ જલકે 'માવા' હો ગયે!
ઘર આગ પર થા! જી હુઝૂર! ખાણા તુમ્હારા હો ગયે!
હાં! એક દિન હમ ૦

થે બાદશાહ કલ તો, અહા!
બસ નૌકરી અબ યારકી!
ખુદ કાસિદોંકી ફૌજમેં અફસર બડે હમ હો ગયે.
હાં! એક દિન હમ ૦

બસ! કયા અસલ ઉસ્તાદજી! –
ગાતે બજાતે ભૈરવી! –
જબ અંગુરી તેરી લગી ખુદ બંસી તેરી હો ગયે.
હાં! એક દિન હમ ૦

વાહ! કયા પિલાયા ઔલિયા! –
થે રાતભર હમ દો અગર –
રગ રગ અનલહક ચલ રહા – હમ કૈસે ચક્કર હો ગયે!
હાં! એક દિન હમ ૦

"થા કૌન વો 'સાગર' અગર?"
"ખુદમસ્ત થે! હમને સુના" –
સોતેં કબરમેં હૈ મગર સાગર ઘરોંઘર હો ગયે.
હાં! એક દિન હમ ૦

હરિભજનમાં લગ રહીએ

લગ રહીએ – લગ રહીએ –
બસ ! હરિભજનમાં લગ રહીએ . લગ ૦

આડે આવે હરિભજનમાં –
એનાથી અતડા રહીએ !
બસ ! હરિભજનમાં લગ રહીએ . લગ ૦

ના જોવાનું ના ના જોઇયે –
આંખો બંધ કરી દઇયે .
બસ ! હરિભજનમાં લગ રહીએ . લગ ૦

ના સુણવાનું ના ના સુણીએ –
ભજનધૂનમાં લગ રહીએ .
બસ ! હરિભજનમાં લગ રહીએ . લગ ૦

શો જીવ ઘાલું જૂઠે ઝઘડે ?!
જીવને લાભ નથી જરી યે .
બસ ! હરિભજનમાં લગ રહીએ . લગ ૦

શબ્દે ટેકી , અચલ વીરાસન –
સાગર ભવસાગર તરીએ .
બસ ! હરિભજનમાં લગ રહીએ . લગ ૦

॥ ॐ सद्गुरु ॥

૨

ઈ. સ. ૧૯૧૯થી ઈ. સ. ૧૯૨૨

ॐ

मरेंगे मरेंगे मरेंगे हम
गुरु ! तेरे भजनम मरेंगे हम .
मरेंगे मरेंगे मरेंगे हम ! गुरु ! तेरे भजनमें ०

॥ ॐ ॥

હક ધૂન લાગી –
અનલહક લાગી –
હક ધૂન લાગી અનલહક ૦

ॐ

जय गुरु जय गुरु अलख निरंजन ।

जय गुरु जय गुरु अलख निरंजन ॥

॥ जय गुरु जय गुरु ० ॥

निरंजन वाणी निर्वाणी

ભલા ! મર જા તું ! અય બેટી ! દુવા અબધૂ દીવાનાની !
ન બન , બચ્ચા ! ગરીબ ઘેટી ! અનલહક ! રાહ મર્દાની .
ભલા ! મર જા તું ! અય ૦

રચે મન માનીતી માયા –
ફસાવે જીવ ને કાયા –
ખરે ! ગુણઘાટની દુનિયા ! – તુફાની રંગ સૌ ફાની !
ભલા ! મર જા તું ! અય ૦

સગુણ , નિર્ગુણ , પરાથી પર –
અલિંગી બ્રહ્મ અન્તર ભર –
અગર – હાં- સૂન શિખર ઉપર અલખની ઔર સુલ્તાની .
ભલા ! મર જા તું ! અય ૦

અસત્ માયા – બધી હડધૂત ! –
હકીકતમાં નથી સુખદુઃખ –
નથી આશક નથી માશૂક ! અનામી ઈશ્ક અસ્માની .
ભલા ! મર જા તું ! અય ૦

બની જા તું અસલ પથ્થર –
બધું યે છોડ કુદરત પર –
નથી સરિતા નથી સાગર ! નિરંજન વાણી નિર્વાણી .
ભલા ! મર જા તું ! અય ૦

તું તો બ્રહ્મકુમાર !

તું તો બ્રહ્મકુમાર ! –
બચ્ચા ! તું તો બ્રહ્મકુમાર !
અબધૂ ! તું તો બ્રહ્મકુમાર ! બચ્ચા ! તું તો ૦

સ્થૂલ , સૂક્ષ્મ , ગઢ કારણ ભેદી –
શૂન્ય શિખર પર તાર !
અબધૂ ! તું તો બ્રહ્મકુમાર ! બચ્ચા ! તું તો ૦

મહાનિધમેં જલ જીવિત મિલા લે –
પી લે સુષુમ્ણા સાર !
અબધૂ ! તું તો બ્રહ્મકુમાર ! બચ્ચા ! તું તો ૦

ભૂત , ભવિષ્ય કે મલીન વિકલ્પો –
નહીં નહીં નહીં નિરધાર !
અબધૂ ! તું તો બ્રહ્મકુમાર ! બચ્ચા ! તું તો ૦

અદ્ભુત અનભે ! અજાતિ ! અનામી !
ના ઘટ મઠ – ઘનાકાર !
અબધૂ ! તું તો બ્રહ્મકુમાર ! બચ્ચા ! તું તો ૦

જય ગુરુ જય ગુરુ અલખ નિરંજન !
સાગર શબ્દ વિચાર .
અબધૂ ! તું તો બ્રહ્મકુમાર ! બચ્ચા ! તું તો ૦

તું તો જ્યોતિકુમાર

તું તો જ્યોતિકુમાર – બચ્ચા ! તું તો જ્યોતિકુમાર –
સ્વયંભૂ ! તું તો જ્યોતિકુમાર ! બચ્ચા ! તું તો ૦

ઘર તો તુમ્હારા બડા હૈ ગગનસેં –
ભૅંવરગુફા ગુરુદ્વાર !
સ્વયંભૂ ! તું તો જ્યોતિકુમાર ! બચ્ચા ! તું તો ૦

ના તોહે આવન ! ના તોહે જાવન –
અદબદ ઘર અનુચ્ચાર !
સ્વયંભૂ ! તું તો જ્યોતિકુમાર ! બચ્ચા ! તું તો ૦

તૂત નહીં જ્યાં ભૂત ભવિષ્ય કે –
ત્રિભુવન પાર વિચાર .
સ્વયંભૂ ! તું તો જ્યોતિકુમાર ! બચ્ચા ! તું તો ૦

બ્રહ્માલાપ કરત , અહ ! હંસા ! –
બેહદકે ઘર તાર !
સ્વયંભૂ ! તું તો જ્યોતિકુમાર ! બચ્ચા ! તું તો ૦

સચ્ચિતિસાગર નામ કવનકો ! –
ઘટ ઘટ તુમ અવતાર !
સ્વયંભૂ ! તું તો જ્યોતિકુમાર ! બચ્ચા ! તું તો ૦

वो घर सागर मीलना

હમનેં ભેખ લિયા સચ્ચા અનામી અલખ નિરંજનકા –
અનામી અલખ નિરંજનકા ગુરુઘર દેખ લિયા સચ્ચા.
હમનેં ભેખ લિયા ૦

લાખ લાખ પદશાહી છાંડી તપસી બૈઠા બનમેં ! –
જા, બેટા ! બોલો જોગીકો :– 'મૌજ કરો સુખમણમેં' !
હમનેં ભેખ લિયા ૦

સાત સમંદર પાર ગુરુઘર ઉસ પર સતગુરુમેલા ! –
આપે આપ અખેલા ખેલે ! કૌન ગુરુ ? કૌન ચેલા ? !
હમનેં ભેખ લિયા ૦

ત્રિબેણીકે પાર નગરમેં અલખ લિખ્યા નિર્વાણી ! –
ખોજણહારા ખુદ ખોવાયા ! સૂરતા સહજ સમાણી !
હમનેં ભેખ લિયા ૦

સિંહબાલ સમઝત ગુરુગમકો ! પલ પલ અમરત ઝીલના ! –
જીવણા મરણા કોઉ ન બૂઝે ! વો ઘર સાગર મીલના !
હમનેં ભેખ લિયા ૦

भरथरीनुं भजन

ભરથરી બનમેં ચલ્યો ! –
અકેલો ભરથરી બનમેં ચલ્યો ! –
ભરથરી ભૂપ ચલ્યો ! – – – અકેલો ભરથરી ૦

ના મોહે રાજ, નહીં મોહે રાની –
ભિચ્છાકો ટૂકડો ભલો !
અકેલો ભરથરી બનમેં ચલ્યો ! ભરથરી ૦

તરુની લગી મોહે તાતી અગનસી ! –
મન મેરો ગુરુસેં મીલ્યો.
અકેલો ભરથરી બનમેં ચલ્યો ! ભરથરી ૦

અલખ જગ્યા હો ! ભભૂત લગ્યા હો ! –
ભરથરી મરદ ભલો !
અકેલો ભરથરી બનમેં ચલ્યો ! ભરથરી ૦

જોગીકો હિરદો ! હિમાલાસેં જબરો !
ત્રિભુવનસેં ના ડગ્યો !
અકેલો ભરથરી બનમેં ચલ્યો ! ભરથરી ૦

ત્રિબેણી તટપેં મચ્છેન્દર મ્હડિયાં –
સાગર ગુરુ ત્હાં મીલ્યો.
અકેલો ભરથરી બનમેં ચલ્યો ! ભરથરી ૦

હંસગુફાના વાસી

હંસગુફાના વાસી ! વ્હાલા જોગીડા ! –
જય ગુરુ ! જય ગુરુ ! બેટા બ્રહ્મકુમાર જો !
સાગરના મનની એ મીઠી કલ્પના ! –
ઉડતી રે ઉડતી તું ત્રિભુવન પાર જો !

હંસગુફાના વાસી ! ૦

આવો રે આવો એ અબધૂ ! સાંભળો :–
ભૅંવરગુફામાં બાજે તાલ મૃદંગ જો ! –
રેલી રે રેલી હો ચિદ્‌ઘન ચેતના ! –
ગાજે છે ઘટ ઘટમાં ગુરુ સોહંગ જો!

હંસગુફાના વાસી ! ૦

હંસગુફાના વાસી ! વ્હાલા જોગીડા ! –
જય ગુરુ ! જય ગુરુ ! બેટા જ્યોતિકુમાર જો !
સાગરના મનની એ અદ્‌ભુત કલ્પના !
ઉડી રે ઉડી આ ત્રિભુવન પાર જો !

હંસગુફાના વાસી ! ૦

પ્રભુ ભૂખ્યા છે કેવલ ભાવના

પ્રભુ ભૂખ્યા છે કેવલ ભાવના એ બટોડા !
પોતે ગોવાળા ઘેલી ગાયના હો બટોડા !

પ્રભુ ભૂખ્યા છે કેવલ ૦

અન્તરમાં પ્રભુ અવતર્યા રે જગવ્યા અલિંગી અલેખ ;
બંસી બજે ગુરુ દત્તની રે એનો પડઘો તે ગોરખ ભેખ રે –

હો બટોડા ! પ્રભુ ભૂખ્યા છે ૦

ચીલો રખે, જોગી ! ચૂકીએ રે ! ચકે ચકે પ્રભેદ ;
આંટીએ આંટીએ અલખ ઉકેલો, ખેલો ગુરુઘર ઠેઠ રે ! –

હો બટોડા ! પ્રભુ ભૂખ્યા છે ૦

રામ નહીં જ્યાં ! કૃષ્ણ નહીં જ્યાં ! નહીં સાગર ! નહીં જહાજ !
નિત્ય નિરન્તર ખેલે સ્વયંભૂ સચ્ચિદ્‌ઘન સુરરાજ રે ! –

હો બટોડા ! પ્રભુ ભૂખ્યા છે ૦

જ્યોતું તો ઝળહળ જાગતી રે જ્યાં અલખ નિરંજન ધામ !
સાગર ગુરુઘર અણઘડ મૂર્ત્તિ ઘનચક્કર ગુરુ નામ રે ! –

હો બટોડા ! પ્રભુ ભૂખ્યા છે ૦

त्रिवेणीतीरे , ओ सखि रे !

ત્રિવેણીતીરે, ઓ સખિ રે ! –
મુને મળિયા ગુરુજી ગોહિલ રાજકુમાર !
ત્રિવેણીતીરે , ઓ સખિ રે ! ૦

અંગ ને રંગ સર્વે જૂઠાં હાં રે સખિ !
પીધો અનંગરસસાર !
ત્રિવેણીતીરે , ઓ સખિ રે ! ૦

પોથાં ને થોથાં બીજાં વજ્યાં સૌ રે સખિ !
સદ્ગુરુશબ્દ ઉચ્ચાર !
ત્રિવેણીતીરે , ઓ સખિ રે ! ૦

ગંગા ને જમુના ન્હાતાં સરસ્વતી ઓ સખિ !
પંચમવેદ વિહાર !
ત્રિવેણીતીરે , ઓ સખિ રે ! ૦

આંખો ફૂટી ને મ્હારી પાંખો ફૂટી રે સખિ !
ખેલું ગગન ને પાતાળ !
ત્રિવેણીતીરે , ઓ સખિ રે ! ૦

ધન્ય ! કલાપી ! સ્થાપી અલખધૂણી રે સખિ ! –
ઉભો ભવ સાગર પાર .
ત્રિવેણીતીરે , ઓ સખિ રે ! ૦

घनचक्कर हो जाऊं !

મૈં તો છોટો બાવો રે –
મૈં તો છોટો બાવો !
કલ બડો હો જાઉં – કલ બડો હો જાઉં –
મૈં તો છોટો બાવો રે –
મૈં તો છોટો બાવો ! મૈં તો ૦

નથી ખોટો બાવો રે-નથી ખોટો બાવો–
મૈં તો છોટો બાવો રે–
મૈં તો છોટો બાવો ! મૈં તો ૦

આજ ખડો હો જાઉં – આજ ખડો હો જાઉં –
મૈં તો છોટો બાવો રે –
મૈં તો છોટો બાવો ! મૈં તો ૦

તુંહિ રામ – રામ ગાઉં – ગુરુ રામ રામ ગાઉં –
મૈં તો છોટો બાવો રે –
મૈં તો છોટો બાવો ! મૈં તો ૦

ઘનચક્કર – ઘનચક્કર – ઘનચક્કર હો જાઉં –
મૈં તો છોટો બાવો રે –
મૈં તો છોટો બાવો ! મૈં તો ૦

ઘનચક્કર ગુરુની આરતિ

જયદેવ જયદેવ ! જય સર્વાતીતા ! –
ગુરુ જય સર્વાતીતા !
ઘનચક્કર ગુરુદેવા – ઘનચક્કર ગુરુદેવા !
જય અપરિમિતા ! જયદેવ ગુરુદેવ ! જયદેવ ૦

નહીં દેશ નહીં કાલ, તહીં સતગુરુમેલા –
ગુરુ તહીં સતગુરુમેલા !
ખેલત ખેલ અખેલા – ખેલત ખેલ અખેલા !
તુંહિ ગુરુ ! તુંહિ ચેલા ! જયદેવ ગુરુદેવ ! જયદેવ ૦

સ્વયં સચ્ચિદાનન્દ ! અતિ અદ્‌ભુત સવિતા !
ગુરુ અતિ અદ્‌ભુત સવિતા !
પિણ્ડે તદ્ બ્રહ્માણ્ડે -- પિણ્ડે તદ્ બ્રહ્માણ્ડે –
અદબદ ગુરુગીતા ! જયદેવ ગુરુદેવ ! જયદેવ ૦

હું, તું, તે, નહીં આપ – નહીં આપણ, પોતે ;
ગુરુ નહીં આપણ, પોતે ! –
કોણ કહે 'અણુલિંગી' – કોણ કહે 'અણુલિંગી' ?! –
ગુરુજી સુરજ્યોતે ! જયદેવ ગુરુદેવ ! જયદેવ ૦

ગુરુ અવધૂત અકાશ – નહીં છાયા છપ્પર ! –
ગુરુ નહીં છાયા છપ્પર !
સતગુરુ અલખ નિરંજન – સતગુરુ અલખ નિરંજન !
જય ગુરુ ઘનચક્કર ! જયદેવ ગુરુદેવ ! જયદેવ ૦

ઘનચક્કર ગુરુનો વેષ !

જય જય સતગુરુ દાતાર ! મેળો માલિકનો !
ભવસાગર તારણહાર ! મેળો માલિકનો !
જય જય સતગુરુ દાતાર ! મેળો ૦

ગુરુ ! ધર્યો અલખ અવતાર ! મેળો માલિકનો !
ગુરુ ! અનલે પામે પાર ! મેળો માલિકનો !
જય જય સતગુરુ દાતાર ! મેળો ૦

ગુરુ ! નહીં ભોમ ! નહીં વ્યોમ ! મેળો માલિકનો !
નહીં રવિ ! અને નહીં સોમ ! મેળો માલિકનો !
જય જય સતગુરુ દાતાર ! મેળો ૦

ગુરુ ! નહીં ભોગ, નહીં ભેખ ! મેળો માલિકનો !
સતગુરુએ લખીઆ લેખ ! મેળો માલિકનો !
જય જય સતગુરુ દાતાર ! મેળો ૦

નહીં ગુરુ, નહીં ઉપદેશ ! મેળો માલિકનો !
ઘનચક્કર ગુરુનો વેષ ! મેળો માલિકનો !
જય જય સતગુરુ દાતાર ! મેળો ૦

घनचक्कर अपरिमित

જય જય સતગુરુ મહારાજ ! લીલા બ્રહ્મ તણી !
ભવસાગર તાર્યું જહાજ ! મૌજ બની ન બની !
જય જય સતગુરુ મહારાજ ! લીલા ૦

ગુરુ મનવાણીથી અતીત ! લીલા બ્રહ્મ તણી !
તું આપે તુરિયાતીત ! મૌજ બની ન બની !
જય જય સતગુરુ મહારાજ ! લીલા ૦

ગુરુ અણુલિંગી અહાલ્લેક ! લીલા બ્રહ્મ તણી !
તું અલખ નિરંજન એક ! મૌજ બની ન બની !
જય જય સતગુરુ મહારાજ ! લીલા ૦

ગુરુ અણુ અણુ અવતાર ! લીલા બ્રહ્મ તણી !
કોઇ અવધૂ પામે પાર ! મૌજ બની ન બની !
જય જય સતગુરુ મહારાજ ! લીલા ૦

ગુરુ નહીં ગુણ, નહીં ગીત ! લીલા બ્રહ્મ તણી !
ઘનચક્કર અપરિમિત ! મૌજ બની ન બની !
જય જય સતગુરુ મહારાજ ! લીલા ૦

घनचक्कर नकशो !!

જય જય સતગુરુ સાહેબ ! શૂન્ય શિખર અદ્ધર !
જ્યાં લઘુ ગુરુ સહુ ગેબ ! નકશો ઘનચક્કર !
જય જય સતગુરુ સાહેબ ! શૂન્ય ૦

ગુરુ વેદ ચૌદમો કાણ્ડ ! શૂન્ય શિખર અદ્ધર !
આ પિંડ મહીં બ્રહ્માણ્ડ ! નકશો ઘનચક્કર !!
જય જય સતગુરુ સાહેબ ! શૂન્ય ૦

ગુરુ ગગનગુફામાં રામ ! શૂન્ય શિખર અદ્ધર !
જ્યાં જીવ જડે નહીં નામ ! નકશો ઘનચક્કર !!
જય જય સતગુરુ સાહેબ ! શૂન્ય ૦

આ ખલક અલખની મૌજ ! શૂન્ય શિખર અદ્ધર !
સહુ દુનિયા મુક્તિફૌજ ! નકશો ઘનચક્કર !!
જય જય સતગુરુ સાહેબ ! શન્ય ૦

ગુરુ ગાઇ રહ્યા ચુપચાપ ! શૂન્ય શિખર અદ્ધર !
ઘનચક્કર આપો આપ ! નકશો ઘનચક્કર !!
જય જય સતગુરુ સાહેબ ! શન્ય ૦

जुग जुग जीवो ! अखाजी !

જુગ જુગ જીવો અખાજી !
ગુરુજી ૐ ! જુગ જુગ જીવો અખાજી !
જુગ જુગ જીવો અખાજી ! ગુરુજી ૐ ૦

જા બડભાગીકો છેલ્લો જનમ હો,
તાકો સનેહી સખા જી !
ગુરુજી ૐ ! જુગ જુગ જીવો અખાજી ! જુગ જુગ ૦

ગાત બનત નાહિ સદ્ગુરુમહિમા –
શેષ, બિરિંચિ થકયા જી !
ગુરુજી ૐ ! જુગ જુગ જીવો અખાજી ! જુગ જુગ ૦

લાલદાસ, હરિકૃષ્ણ, જીવણજી !
ગૌરી, રતનબા, જીતાજી
ગુરુજી ૐ ! જુગ જુગ જીવો અખાજી ! જુગ જુગ ૦

પરમહંસ અવધૂ કલ્યાણા –
જાગ્રત નર નીરખ્યા જી !
ગુરુજી ૐ ! જુગ જુગ જીવો અખાજી ! જુગ જુગ ૦

સાગર ગુરુ સુરરાજ પ્રસાદે –
અલખ અખા ઓળખ્યા જી !
ગુરુજી ૐ ! જુગ જુગ જીવો અખાજી ! જુગ જુગ ૦

आन खडो तोरे चरणोंमें !

આન ખડો તોરે ચરણોંમેં –
ગુરુ ! આન ખડો તોરે ચરણોંમેં !
ગુરુચરણોંમેં – પ્રભુશરણોંમેં ! ગુરુ ! આન ૦
ગુરુ ! આન ખડો ૦

આપ હિ તારક ! આપ હિ પાલક !
આપ હિ જ્યોતિ નયણોંમેં !
ગુરુ ! આન ખડો ૦

આપ હિ બ્રહ્મા ! આપ હિ વિષ્ણુ !
આપ મહેશ મશાણોંમેં !
ગુરુ ! આન ખડો ૦

પરમહંસ અવધૂ કલ્યાણા !
આપ હિ સબ કલ્યાણોંમેં !
ગુરુ ! આન ખડો ૦

જયગુરુ જયગુરુ અલખ નિરંજન !
આપ હિ સર્વ સગુણોંમેં !
ગુરુ ! આન ખડો ૦

સાગર સતગુરુ – દેવદયાસેં,
પાયો રાહ પુરાણો મૈં !
ગુરુ ! આન ખડો ૦

तारे गुरुजी ज्हाज रे !

ઓળખ આજે પડી રે ! ઓહો ! ધન ! ત્હારાં માબાપ !
સાધુ કેરી દીકરી રે ! આખર સાધુ આપ રે ! –
ઓહો ! ધન ! ત્હારાં માબાપ !
ઓળખ આજે પડી રે ! ૦

બબ્બે સન્તની બેટડી રે ! તું અમૃત ધાવણહાર !
રખવાળું શિવ ને બ્રહ્માનું ! વિષ્ણુ થયા ગોવાળ રે ! –
ઓહો ! ધન ! ત્હારાં માબાપ !
ઓળખ આજે પડી રે ! ૦

મોત તો , બેટી ! મટી ગયું રે ! જાગી અનભે જ્યોત !
અણલિંગી ઉગ્યો આત્મા ! રે ! બળી જળી ગયું નિજ પોત રે ! –
ઓહો ! ધન ! ત્હારાં માબાપ !
ઓળખ આજે પડી રે ! ૦

પૂર્વે જન્મ્યા એક કબીરા ! કે બીજા સાગરરાજ !
પણ, સાચું દલ હો આપણું રે, તો તારે ગુરુજી જ્હાજ રે ! –
ઓહો ! ધન ! ત્હારાં માબાપ !
ઓળખ આજે પડી રે ! ૦

अगर ए क्यां गयो सागर ?!

અગર એ ક્યાં ગયો –'સાગર'– સનમને માગતો 'તો તે ? –
ખુદાઈ ઈશ્કની ખાતર – જહાંને ત્યાગતો 'તો તે ?!
અગર એ ક્યાં ૦

બધો દીવાન શું બરબાદ ?!
સૂફીઓના ખરા ઉસ્તાદ !
નહીં મજનું ! નહીં ફરહાદ !– "અનલહક" ગાજતો 'તો તે ?!
અગર એ ક્યાં ૦

નથી ચોટી ! ન દાઢી મૂછ !
નથી ધૂણી ! ન ચિમ્ટો કુછ !
જનાઝા પર જુવો અબધૂત ! "શિવોઽહમ્" બોલતો 'તો તે ?!
અગર એ ક્યાં ૦

અગર યહ ! વાહ ! ગુરુજી ! વાહ ! –
પલક ભર ઠેરીએ જી ! શાહ ! –
ફકીરા ! આપ હો અલ્લાહ – ચિલમમાં ઘૂંટતો 'તો તે ?!
અગર એ ક્યાં ૦

અજાતિ જાતિકુલ કુલ ગોત –
મળી રહી જ્યોત માંહે જ્યોત ! –
અગર સાગર જીવ્યો જો હોત – સનમને શું થતો 'તો તે ?!
અગર એ ક્યાં ૦

अल्हक! अनलहक जल रहा!

કોઇ નામે સાગર જલ રહા ! અલ્હક ! અનલહક જલ રહા !
યા ખુદ ખુદા અલ્હશ્ત યહ ! ખુદકી ખુદાઈ જલ રહા !

કોઇ નામે સાગર ૦

"હક ! હક !" બજ્યા કિસ દહેરમેં , તિન તિન પહર ઇસ તંબૂરા !
ચલ – ભૂલ ગયે ભૂત ભાવિકો ! હંસા બના ! જલ જલ ગયા !

કોઇ નામે સાગર ૦

કોઇ મારિફત સૂફી ફકીર ! આગે યહાં રહેતા સુના !
ના હીન્દૂ ! ના મુસ્લીમ ! અહા ! હસતા મિનારા જલ રહા !

કોઇ નામે સાગર ૦

તકિયા કિયા ગુરુનામકા ! ઘર જલ રહા આઠોં પહર !
જબ દે દિયા અપની ખુદી , ના હમ્ શિવોહમ્ જલ રહા !

કોઇ નામે સાગર ૦

ના હમ રહા – ના તુમ રહા ! ગાતેં હૈ સાહબ સુન સિખર !
અજી ! આપ ઘનચક્કર ગુરુ સાગર અનલહક જલ રહા !

કોઇ નામે સાગર ૦

सागर शिवो ऽ हम् जल रहा !

કોઇ 'નામે સાગર' જલ રહા ! ૐકાર ઈશ્વર જલ રહા ! –
અનલે અલખ ગુરુનામકા – નિર્ગુણ નિરંજન જલ રહા !

'કોઇ નામે' સાગર ૦

જહાં લોમ હૈ , વહાં ઓમ્મ હૈ ! કૈં રોજપેં કહી ગુફતગો ! –
અબ દેખીએ ખુદ રૂબરૂ – સાહેબ કબીરા જલ રહા !

'કોઇ નામે' સાગર૦

કિસને કહા :-" જીવ જીવ હૈ "? કિસને કહા:-"જીવ જીવ નહીં ?"
તોબાહ કિયા ગુરુરાહમેં ! નાહમ્ ! શિવોહમ્ ! જલ રહા !

'કોઇ નામે' સાગર ૦

તાલી લગા ! તાલી લગા ! ગુરુરામસે તાલી લગા ! –
જબી રામ સહ તાલી લગા , બ્રહ્મૈવ સો ऽ હમ્ જલ રહા !

'કોઇ નામે' સાગર ૦

ઉલટા ચલા જબી મન પવન , સો ऽ હં શબદસે લે ચલા ,
બૈઠા મીલા ગુરુરામ સે , સાગર શિવોહમ્ જલ રહા !

'કોઇ નામે' સાગર ૦

सागरराज भये न भये

ગુરુકે ઘરમેં જબી આન ખડે, તબી સાગરરાજ ભયે ન ભયે !
જબી સાગરરાજ ભયે ન ભયે, તબી તત્ત્વનિરંજન રામ ભયે !
ગુરુકે ઘરમેં ૦

જબી તત્ત્વનિરંજન રામ ભયે, કબી રામ ભયે ! કબી કૃષ્ણ ભયે !
હમ રામ ભયે – હમ કૃષ્ણ ભયે ! કબી દત્ત દિગંબર નગ્ન ભયે !
ગુરુકે ઘરમેં ૦

હમ દત્ત દિગંબર નગ્ન ભયે ! કબી જ્ઞાની ભયે ! કબી જ્ઞાન ભયે !
હમ જ્ઞાની ભયે ! હમ જ્ઞાન ભયે ! કબી રાગ ભયે ! બઈરાગ ભયે !
ગુરુકે ઘરમેં ૦

હમ રાગી ભયે ! બઈરાગી ભયે ! કબી યોગનમેં અતિયોગ ભયે !
હમ જોગનમેં અતિજોગ ભયે ! કબી ભક્ત ભયે ! કબી મુક્ત ભયે !
ગુરુકે ઘરમેં ૦

હમ ભક્તિ ભયે ! હમ મુક્તિ ભયે ! કબિ શિષ્ય ભયે ! કબી ગુરુ ભયે
ગુરુઓંમેં ગુરુ ગુરુ ગેબી ભયે – જબી સાગરરાજ ભયે નભ યે !
ગુરુકે ઘરમેં ૦

मध्याह्नरवि ज्युं जल रहा !

કોઇ 'નામે સાગર' જલ રહા, મધ્યાહ્નરવિ જ્યું જલ રહા !
'છાયા' સમાયા આપમેં, अद्वत सोऽहम् જલ રહા !
કોઇ 'નામે સાગર' જલ રહા !

જલતા અનલ જ્યું આભમેં, ઉઠતા નિકલતા ગાભસે !
ઉલટા ચલે અસમાનમેં ! આંખોંમેં 'અલ્લાહ' જલ રહા !
કોઇ 'નામે સાગર' જલ રહા !

નિશ્ચલ મતિ ગુરુભક્તિકી, વૃત્તિકી યે હિ અનન્યતા ;
દોનોંકી સન્ધિ સાધ લે, દીવા ગુફામેં જલ રહા !
કોઇ 'નામે સાગર' જલ રહા !

ચુપચાપ હૈ, દિલ ખાપ હૈ, જ્યોતિસે જ્યોતિ મિલ રહા !
હૈ તિનમુખી ગુરુ દેવતા ! આપે સ્વયંભૂ જલ રહા !
કોઇ 'નામે સાગર' જલ રહા !

ગુરુહાથસે ખુલ ગઇ ગુફા – હંસા બનાકે ઉડા દિયા –
નકલંકી નિર્મલ હો રહા – સાગર – ગુરુઘર જલ રહા !
કોઇ 'નામે સાગર' જલ રહા !

प्रज्ञानभानु जल रहा !

કોઇ 'નામે સાગર' જલ રહા ! પ્રજ્ઞાનભાનુ જલ રહા !
અણલિંગી બ્રહ્મન્ આપમેં જ્યોતિ નિરંજન જલ રહા !
કોઈ 'નામે સાગર' જલ રહા !

પહિલી ગુફા ! દૂસરી ગુફા ! તિસરી ગુફા ભી તૂટ ગઈ !
ચૌથીમેં જલતા કૌન હે ? ચિદ્રૂપ ચિદ્ઘન જલ રહા !
કોઇ 'નામે સાગર' જલ રહા !

દિલ પાટી ખૂબ સફા કિયા, ઇસ પર 'ગુરુ ગુરુ' લિખ દિયા ;
ગુરુસે સફા, ગુરુસે વફા, પ્રજ્ઞાન ચેતન જલ રહા !
કોઇ 'નામે સાગર' જલ રહા !

પર નારી સબ 'માતાજી' હે, સબ પર પુરુષ 'પિતાજી' હે ;
ફિર, રામ કયોં નારાજ હે ? રગરગમેં મુર્શિદ જલ રહા !
કોઇ 'નામે સાગર' જલ રહા !

સુણીએ :- કબીરકા બાલકા ! યું મિલ ગયા ગુરુ ગોરખા !
તદ્દૂર તદ્વત - અન્તિકે ! સાગર નિરંજન જલ રહા !
કોઇ 'નામે સાગર' જલ રહા !

सो ऽ हं हंस सदा य हो !

અહા ! કેવો મઝાનો પ્રકાશ ! હો ગુરુ દત્ત દિગમ્બર !
ઉગ્યો - ઉગ્યો અલિંગી ઉજાશ ! હો ગુરુ દત્ત દિગમ્બર !
અહા ! કેવો મઝાનો પ્રકાશ ! હો ગુરુ ૦

"સાગર ! ત્હારાં નેણમાં રે ગુરુ સત્ગુરુ દીનદયાળ ;"
સબ સન્તનકે સાથમેં રે ગુરુ લે સત્ની સંભાળ -
હો ગુરુ દત્ત દિગમ્બર ! અહા ! કેવો મઝાનો ૦

હેત હૈયાને ઉભરે રે, આહા ! પાસે પ્રભુ પરખાય ;
'આત્મ - અનાત્મ' વિવેકની રે ગુરુ સત્ની પ્યાલી પાય -
હો ગુરુ દત્ત દિગમ્બર ! અહા ! કેવો મઝાનો ૦

સત્નું બ્હાનું દે સત્ગુરુજી, સોઽહં હંસ અસંગ ;
સત્ની કહેણી ને સત્ની રહેણી, સત્નો એક જ રંગ -
હો ગુરુ દત્ત દિગમ્બર ! અહા ! કેવો મઝાનો ૦

દત્ત દિગમ્બર ! ગોરખ મળીઆ ! "સત્ગુરુ" મન્ત્રોચ્ચાર ;
કોણ 'પુરુષ' ? કોણ 'નારી' ? જોગીન્દર ! વ્યાપક 'આપ' વિચાર -
હો ગુરુ દત્ત દિગમ્બર ! અહા ! કેવો મઝાનો ૦

ત્રિગુણાતીત સ્વયં પરમેશ્વર - જો 'ગુરુગુરુ' ગવાય ;
સત્ય સ્વરૂપ હે સાગર તેરો - સોઽહં હંસ સદા ય !-
હો ગુરુ દત્ત દિગમ્બર ! અહા ! કેવો મઝાનો ૦

अख्खा मील्या गुरु !

અખ્ખા મીલ્યા ગુરુ – પક્કા મીલ્યા ગુરુ –
ઘાટ ઘડયેકો ઘડાવનકો !
ચિત્ત સોરંગી ચરાચર ચેતન –
સદ્ગુરુ રંગ ચડાવનકો ;
ફેર ઘડયો ગુરુ , રામ જડયો ગુરુ –
ઘાટ અઘાટ સમાવનકો ,
કૌન મતિ , ગતિ , સાગર મેરી ? –
સદ્ગુરુકે ગુન ગાવનકો ?
અખ્ખા મીલ્યા ગુરુ ! પક્કા મીલ્યા ગુરુ ! ઘાટ ઘડયેકો ૦

ગુરુ પિંડ ખૂલ્યો , તબ અંડ ફૂટયો !
ગુરુ સદ્ગુરુ સેન વિહંગમકો ,
ખેચર હંસ સકે જીરવી –
પરબ્રહ્મ – ગુરુ – સત્ – સંગમકો !
બાવન બ્હાજકી પાજ બની ! ગુરુ ! –
કયા કહું મૈં ગુરુમહાતમકો ?!
રામ મીલ્યો જબી રામ ભયો મન –
ધન્ય હે ધન્ય ગુરુગમકો !
અખ્ખા મીલ્યા ! ગુરુ પક્કા મીલ્યા ગુરુ ! ઘાટ ઘડયેકો –

કોઇ કાંઇ કહો ! કોઇ સાંઈ કહો ! –
કોઇ રામ કહો ચિત્ત ચેતનકો !
સાફ ભયો જબસે ચિત્તચેતન –
આયકે બૈઠો ગુરુ ઘરકો !
ગુરુ દત્ત કહો , ગુરુ સદ્ગુરુ હો !
ગુરુ નામ લહો કોઇ સાગરકો ,
આપ હિ ખાપ ગુરુ સતગુરુ –
બિરાજત ઠેઠ પરા ઘરકો .
અખ્ખા મીલ્યા ગુરુ ! પક્કા મીલ્યા ગુરુ ! ઘાટ ઘડયેકો ૦

બુદ્ધિ જપે ગુરુ , ચિત્ત જપે ગુરુ ,
ગુરુ જપે મન મારનકો ;
રામ ગુરુ , ગુરુ રામ હિ મંતર !
યે હિ અનુભવ તારનકો !
હારી ગયે હરિ , શેષ , મહેશ –
પ્રજાપત ગીત ગજાવનકો !
કૌન મતિ , ગતિ , સાગર મેરી –
સદ્ગુરુકે ગુન ગાવનકો ?!
અખ્ખા મીલ્યા ગુરુ ! પક્કા મીલ્યા ગુરુ ! ઘાટ ઘડયેકો ૦

जय सद्गुरु दाता !

જય દેવ જય દેવ ! જય સદ્ગુરુ દાતા !
ગુરુ જય સદ્ગુરુ દાતા !
પરમહંસ પરિબ્રહ્મન્ – પરમહંસ પરિબ્રહ્મન્ !
હરિ, હર, અજ ધ્યાતા ! જયદેવ જયદેવ ! જય૦

પરમ હંસ પરિબ્રહ્મ ! મંગલ તનુ પોતે –
ગુરુ મંગલ તનુ પોતે ! –
મંગલમય નિજ નામે – મંગલમય નિજ નામે –
નમું સોહંજ્યોતે ! જયદેવ જયદેવ ! જય૦

આઠે પહોર ઉદાસ ! ઉન્મનિના વાસી –
ગુરુ ઉન્મનિના વાસી –
અલખ પુરુષ અવતારી – અલખ પુરુષ અવતારી –
જય કાયા કાશી ! જયદેવ જયદેવ ! જય૦

સદ્ગુરુસન્તપ્રતાપ – કોણ શકે જાણી ? !
ગુરુ કોણ શકે જાણી ? !
ચરણરજે ઉદ્ધારો – ચરણરજે ઉદ્ધારો –
ઓ પ્રભુ નિર્વાણી ! જયદેવ જયદેવ ! જય૦

સાગરથી નથી ભિન્ન – તો ય પ્રભુ મ્હારા ! –
ગુરુ તો ય પ્રભુ મ્હારા ! –
પળ પળ પળ સંભારૂં – પળ પળ સંભારૂં –
પરમેશ્વર પ્યારા ! જયદેવ જયદેવ ! જય૦

जय जय पूरण ब्रह्म !

જય જય પૂરન બ્રહ્મ – – –
બાબા ! જય જય પૂરન બ્રહ્મ .
જય જય પૂરન બ્રહ્મ ! જય જય ૦

નાહીં 'પુરુષ' નાહીં 'પ્રકૃતિ' ! બાબા !
॥ ખં બ્રહ્મૈવાહમ્ ॥ બાબા !
જય જય પૂરન બ્રહ્મ ! જય જય ૦

આઠું પહરકા ધ્યાન – સ્વયંભૂ –
જપ હંસઃ સોઽહમ્ ॥ બાબા !
જય જય પૂરન બ્રહ્મ ! જય જય ૦

મૈં નહીં – મૈં નહીં ! ગુરુ પરિબ્રહ્મન્ – –
ગુરુમંતરઃ– ના હમ્ – ! બાબા !
જય જય પૂરન બ્રહ્મ ! જય જય ૦

તુરીયાતીત – તિગુનકે પારા – –
સ્વરૂપાતીત – સ્વયમ્ – ! બાબા !
જય જય પૂરન બ્રહ્મ ! જય જય ૦

ઉન્મનિ બનિકે ઉલસત બાબા – – !
ગુરુ અબધૂ અડલંગ ! બાબા !
જય જય પૂરન બ્રહ્મ ! જય જય ૦

मीरां हो गइ भगत !

મીરાં હો ગઇ ભગત – મીરાં હો ગઈ ભગત –
હો ગઈ ભગત ભગત – મીરાં હો ગઇ ભગત !
દેખા અન્તર્જગત – અહા – વિગતાવિગત –
પ્રભુ વિગતાવિગત – ગુરુ વિગતાવિગત –
સ્વયં વિગતાવિગત ! મીરાં હો ગઈ ભગત ! મીરાં હો ૦

આગે પૂજી મીરાં ભિક્ત સગુણકો –
સબ દેખ્યા માયાવિલાસ !! –
વારાણુસી કે ઘાટપેં – – ફિર ગુરુ મીલ્યા રહીદાસ રે –
લાગી લાગી લાગી પ્રીતું લગલ લગત ! મીરાં હો૦

આગે પૂજી મીરાં 'બાહ્ય' સુરતકો – – !
અબ તો જપે નિજ નામ ! –
સદ્ગુરુ સાહેબ અલખનિરંજન – મૈં નહીં મૈં નહીં – રામ રે –
જાગી જાગી અલખ જ્યોતું ઝગત ઝગત ! મીરાં હો૦

સતકો ધ્યાવે, મીરાં સતકો ગાવે –
સોહંહંસ પ્રતીત ! – –
સચ્ચિતિસુખ મીરાં આપે સ્વયંભૂ અનભે ત્રિગુણાતીત રે –
ફેટે ફેટે ચોરાસી કે લખત લખત –
મીરાં જીવત જીવત – ફિરે મુગત મુગત ! મીરાં હો૦

ॐ भूर्भुवः स्वः तत्सवितृके

ॐ भूर्भुवः स्वः तत्सवितृके – અહા ! સત્સવિતૃકે ! –
સદા સન્નિયંતૃકે ! સ્વયં બ્રહ્મમંત્રૃકે ! હલે ! ગુરુનિમંતૃકે !–
સ્વસ્તિ ! સ્વસ્તિ ! સ્વ – સ્વરૂપ શારદાઝિકે ! –
ॐ भूर्भुवः स्वः ०

વેદઋચા ઉચ્ચરાય, અગમ નિગમ સુગમ થાય –
ગુરુજી ગાય સ્વર ગ્રહાય : – તદ્વદન્તિકે – નિરુક્તઉક્તિકે ! –
અહા ! ભક્તિમુક્તિકે ! .... ॐ भूर्भुवः स्वः ०

વ્યાસ મુનિ જૈમિનીની, જોડ મળી ગૌતમીની –
દત્તગુરુ ! જજ્ઞધૂણી – ભસ્મકારિકે – અયિ ભસ્મકારિકે ! –
સ્વસ્તિ સ્વસ્તિ 'દેવહુતિ' કપિલકારિકે ! – ॐ भूर्भुवः स्वः ०

ભર્ગરૂપ, ધર્મરુપ, અલખરૂપ, અગ્નિરૂપ –
બ્રહ્મરૂપ સ્વ – સ્વરૂપ હે અનાદિકે !–
અહા ! મુક્તિમુક્તિકે ! .... ॐ भूर्भुवः स्वः ०

રાજહંસ, બ્રહ્મહંસ, પરમહંસ, પુરુષહંસ –
ઊલટ હંસ મંત્રમહા :– ॐ અજાતિકે ! –
સ્વયં સ્વસ્તિ સ્વસ્તિકે ! ॐ भूर्भुवः स्वः ०

ભક્તિમંત્ર મુક્તિમંત્ર – આત્મરૂપ સર્વતંત્ર –
મંત્ર મહામંત્ર :– 'શૂન્ય' – હે – સમાધિકે ! –
સ્વયં હે સમાધિકે ! ॐ भूर्भुवः स्वः ०

પૂર્ણમિદં પૂર્ણ થાય, સ્વસંવેદ્ય અનુભવાય,
વૃત્તિ અવૃત્તિ થવાય, ગાય સકલ દેવતા :– સ્વધર્મકારિકે –
ભદ્રભદ્ર ભવતુ હે શિવોંકારિકે ! ॐ भूर्भुवः स्वः ०

ૐ ભૂર્ભુવઃ સ્વઃ રૂપ મ્હારૂં

બ્રહ્મકુંવર, અહો ! દ્વિજપદે સ્થાપીએ,
આપીએ 'સત્યવ્રત' નામ સારૂં ;
બ્રહ્મગુરુમંત્રણા ધારીએ ધારણા :-
॥ ઓ૩મ્॥ ભૂર્ભુવઃ સ્વઃ રૂપ મ્હારૂં. બ્રહ્મકુંવર, અહો ! દ્વિજ૦

સેવતાં સેવતાં સત્ગુરુપાદુકા,
વૃત્તિ પરિવ્રાજિકા પૂર્ણ ધારૂં ;
બ્રહ્મચારી અચલ, સત્યવ્રત ભર્ગબલ,
॥ ઓ૩મ્॥ ભૂર્ભુવઃ સ્વઃ રૂપ મ્હારૂં. બ્રહ્મકુંવર, અહો ! દ્વિજ૦

ગોપ્યમાં ગોપ્ય આ સ્વર ગુરુદેવનો,
સુર, મુનિ સેવતા વ્યસન સારૂ ;
કેવલાદ્વૈત હું, નિત્ય પરિતૃપ્ત હું -
॥ ઓ૩મ્॥ ભૂર્ભુવઃ સ્વઃ રૂપ મ્હારૂં. બ્રહ્મકુંવર, અહો ! દ્વિજ૦

ત્રિગુણ જીતી કરી, લય કરી વૈખરી,
મરણ મારૂં સદા તરણ તારૂં ;
ચિત્ત, મન, બુદ્ધિ હું નિર્વિકલ્પે રહું,
॥ ઓ૩મ્॥ ભૂર્ભુવઃ સ્વઃ રૂપ મ્હારૂં. બ્રહ્મકુંવર, અહો ! દ્વિજ૦

શાન્ત સાગરરવે, ઉન્મુનિ અનુભવે,
લક્ષ્યમાં વાસ્તવે અરૂપ વારૂ !
હંસ હુંકારમાં ભજન તે તે જ હું -
॥ ઓ૩મ્॥ ભૂર્ભુવઃ સ્વઃ રૂપ મ્હારૂં. બ્રહ્મકુંવર, અહો ! દ્વિજ૦

ૐ ભૂર્ભુવઃ સ્વઃ નામ મ્હારૂં

બ્રહ્મવેત્તા ઋષિ યાજ્ઞવલ્કયે કહ્યું :-
મિત્ર મૈત્રેયી - એ સ્વરૂપ મ્હારૂં !
પૃથિવી, જલ, તેજ ને વાયુ ને વ્યોમ આ :-
॥ ઓ૩મ્॥ ભૂર્ભુવઃ સ્વઃ નામ મ્હારૂં. બ્રહ્મવેત્તા ઋષિ૦

શ્રી કપિલ મુનિ કહે :- માતૃકે ! સુણીએ :-
દેવ - હુતિ - દેવહુતિ કોણ વારૂ ?
ઇન્દ્રિ એકાદસે રસબસે ઉલ્લસે -
॥ ઓ૩મ્॥ ભૂર્ભુવઃ સ્વઃ નામ મ્હારૂં. બ્રહ્મવેત્તા ઋષિ૦

અજ અજાને કહે, શિવ ઉમા પ્રતિ વહે,
ગુપ્તમાં ગુપ્ત ઉદ્ધારનારૂં :-
"હું જ પરિબ્રહ્મ છું", કહીશ ના કોયને !
॥ ઓ૩મ્॥ ભૂર્ભુવઃ સ્વઃ નામ મ્હારૂં. બ્રહ્મવેત્તા ઋષિ૦

શ્રી અરુન્ધતી પ્રતિ મુનિ વસિષ્ઠે કહ્યું :-
વેદશ્રુતિપ્રોક્ત સદ્ધર્મ ચારુ :-
હંસપદપ્રસ્થિતા પતિવ્રતા પ્રેમદા -
॥ ઓ૩મ્॥ ભૂર્ભુવઃ સ્વઃ નામ મ્હારૂં. બ્રહ્મવેત્તા ઋષિ૦

બ્રહ્મસાગરરવે તુરીયપદ અનુભવે !
જગત ગુરુ બ્રહ્મનું દિવ્ય બ્હારૂં !
સત્યવ્રત સેવજે સદ્ગુરુ શબ્દને :-
॥ ઓ૩મ્॥ ભૂર્ભુવઃ સ્વઃ નામ મ્હારૂં. બ્રહ્મવેત્તા ઋષિ૦

महा भूमा महा भेव क्या ?

ૐ – ગુરુ ગુરુ ગુરુદેવકી જય – જય જય ગુરુદેવકી જય !
ગુરુ ગુરુ ગુરુદેવકી ૦

अथ आमुखम्

સાખી

ૐ – અવધો – ગુરુ દત્ત – ઓરૂમ્ – ત્રિમુખી ત્રિગુણી અનન્ત !
અક્ષય શેષ સ્વયંભૂ હો – હરિ ગુરુ સન્ત મહન્ત !
ગુરુ ગુરુ ગુરુદેવકી ૦ ૧

નિરાકાર નિજરૂપ હો – નિર્વિકલ્પ ઉરતંત્ર,
"બ્રહ્મૈવાહમ્" ધ્યાન હો – સાગર 'નાહમ્' મંત્ર.
ગુરુ ગુરુ ગુરુદેવકી ૦ ૨

સાગર સદ્ગુરુદેવકો – અનભે અલખ અકથ્થ;
મન – બુદ્ધિ – પર – ચિતસે – સ્વસંવેદ્ય ગુરુ દત્ત.
ગુરુ ગુરુ ગુરુદેવકી ૦ ૩

'સાગર'–'સાગર' સબ કહે ! કોઇક ચિહીનત રૂપ !
સ્થૂલ – સૂક્ષ્મ – કારણ નહીં – મહાસાગર મહા રૂપ !
ગુરુ ગુરુ ગુરુદેવકી ૦ ૪

अथ शिष्योऽवाच :–

હે ભગવન્ ! ગુરુ ! હે પ્રભો ! પ્રણવસ્વરૂપ મહેશ !
"બ્રહ્મૈવાહમ્" અનુભવું – સદ્ગુરુદેશ – પ્રવેશ.
ગુરુ ગુરુ ગુરુદેવકી ૦ ૫

महा भूमा महाभेव क्या ?

– ૨ –

નહીં મન બુદ્ધિ ચિત્ત 'હું' – નહીં 'હું' સ્થૂલ સ્વરૂપ ;
આપે આપ અનુભવું – સ્વયં બ્રહ્મ મહારૂપ.
ગુરુ ગુરુ ગુરુદેવકી ૦ ૧

મહા હંસ મુનિ હે પ્રભો ! શાન્ત દાન્ત ગુરુદેવ !
સોઽહં બ્રહ્મ અલખ – અહા ! – ભૂમાનો – ગુરુ – ભેવ.
ગુરુ ગુરુ ગુરુદેવકી ૦ ૨

મહાવાક્યસદ્બોધથી – ઉભરે નિજ આનન્દ !
શેષ સમાધિ જામતાં – સ્વયં સચ્ચિદાનન્દ.
ગુરુ ગુરુ ગુરુદેવકી ૦ ૩

આ અભિવ્યાપ્તિ – ઓરૂમ્ – ઇતિ – આપે આપ અમાપ ;
સોઽહં બ્રહ્મોલ્લાસમાં – – – મૅંવર ગુફા – – ચુપચાપ.
ગુરુ ગુરુ ગુરુદેવકી ૦ ૪

મહા હંસ ! ગુરુદેવતા ! દર્શાવ્યું મહારૂપ !
તત્ત્વનિરંજન બ્રહ્મ હો – ભૂમા – ભેવ અરૂપ !
ગુરુ ગુરુ ગુરુદેવકી ૦ ૫

'ભૂમા' 'ભૂમા' સબ કહે – 'ભૂમા' બ્રહ્મસ્વરૂપ ;
હે મુનિવર ગુરુ ! હે પ્રભો ! ભૂમા અનુભવરૂપ.
ગુરુ ગુરુ ગુરુદેવકી ૦ ૬

પરમહંસ ! ઋષિવર ! ગુરો ! થંભે થાપ્યું થાન ;
સોઽહં ભૂમા બ્રહ્મકો – આન નહીં ઉત્થાન.
ગુરુ ગુરુ ગુરુદેવકી ૦ ૭

ૐ પ્રભુજી અદ્વિતીય ઓરૂમ્ – પુરી અમનસ્ક અવાચ્ય ;
શેષ સમાધિ જામતાં – વિલય – અતિલય સાચ્ચ.

ગુરુ ગુરુ ગુરુદેવકી ૦ ૮

હે અવધો ! ગુરુદત્ત હે ! શાન્ત દાન્ત ત્રિપુરાન્ત !
'ભૂમા – ભેવ' અનુભવું – મૂર્ત્ત રૂપ વેદાન્ત !

ગુરુ ગુરુ ગુરુદેવકી ૦ ૯

महा भूमा महाभेव कया ?

– ३ –

अथ श्री गुरुरुवाच :–

સોરઠા

અહાલ્લેક ! ગુરુદત્ત ! જય જય સુફલ ધર્યો જનમ ! –
હંસા – મત્ત – પ્રમત્ત – અનુભવ – બ્રહ્મ – મહા અગમ. ૧

श्री शिष्य उवाच :–

છબિ અદ્ભુત રસબ્રહ્મ – સ્વયં સુધારસપાન આ –
સદ્ગુરુ તારક બ્રહ્મ ! 'મહાભૂમા મહાભેવ' કયા ? ! ૨

ગુરુ ગુરુ ગુરુદેવકી જય –
જય જય ગુરુદેવકી જય. ગુરુ ગુરુ ૦

॥ ૐ सद्गुरु ॥

३

हरि ૐ हरि ૐ जय गुरुदेव –
दत्त निरंजन जय गुरुदेव
हरि ૐ हरि ०

इ. स. १९२२ थी इ. स. १९३४

गुरु गुरु गुरुदेव नखशिखव्यापक --
गुरु गुरु गुरुदेव ०

हरि गुरु सन्तनकी जय जय

हरिगुरुसन्तन ०

जय जय ॐ प्रभुजी ॐ

जय जय ॐ प्रभुजी ॐ

जय जय ॐ

ॐ अलख गुरुकी फतह –

ॐ नीति धरमकी फतह

ॐ अलख गुरु ०

अनादिना अवधूता

અવધૂતા રે અવધૂતા –
અમે આદિ અનાદિના અવધૂતા !

નામ તો હમારૂં નવે ખંડે ગાજતું –
સચ્ચી !" નહીં – જા – જા – જૂ ટ્ટા –" અનાદિના અવધૂતા !
અવધૂતા રે અવધૂતા ! અમે ૦

ભૅંવર ગુફાએ ૐ અનભે મુકામ છે ને મેરુ ગિરિ પાર વાસા ;
રાત ને પ્રભા ! 'દ્વૈત' છતમાં જ છે કહીં ? ઝળહળજ્યોતિ ઉજાસા !
અવધૂતા રે ૦
અનાદિના અવધૂતા !

દશે દિશાથી અમે દેવને બોલાવ્યા ને ઢીંગલાઢીંગલી બનાયા ;
ગગનમંડલપેં અનાદિ અનન્તમેં , દેખો ! જી ! કૈસા નચાયા ?! –
અવધૂતા રે ૦
અનાદિના અવધૂતા !

'ડંમડંમ' ડમરુ મહાદેવજી બજાવે ને ભૂતપ્રેત નાચે ખવીસા ;
બ્રહ્મા ને વિષ્ણુ બેહદમાં હુઝૂર છે – ચોવીસ–પચ્ચીસ ને છવ્વીસા !
અવધૂતા રે ૦
અનાદિના અવધૂતા !

નવસો નવ્વાણુ નદી સાગરે સમાણી,ને કાયા કહીં કહીં માયા ?!
કર્ત્તા સ્વયંભૂ – સ્વયંભૂ અકર્ત્તા – નામે સનમ બિસમિલ્લાહ !
અવધૂતા રે ૦
અનાદિના અવધૂતા !

मैं तो चिडियां बना हुं

મૈં તો ચિડિયાં બના હું મહેરી માયાકો –
મહેરી માયાકો – જીવજાયાકો –
મૈં તો ચિડિયાં બના હું – છું !
ચિડિયાં બના હું, પ્યારે ! પંખીઆં બના હું રે –
ગેબી ગેબી બના હું ગુલઝાર ;
સરવર બના હું, પ્યારે ! મુક્તિસુધાનું રે –
ઉંચી ઉંચી બના હું અચ્છી પાળ – રે –
મૈં તો ચિડિયાં બના હું – છું !
" ચિડિયાં – ચિડિયાં મોહે મત કહો, પ્યારે !
" ગગને ગગને તારા નવ લાખ ;
" હું માયા કયોં કરી ઉડી સકું રે ?
" દેખી દેખી અજબ તોરી ખાખ " – રે –
મૈં તો ચિડિયાં બના હું – છું !
દો દો પંખીકી જોડ ઝાડપેં રે –
ઉંચે ઉંચે ઊંડાં અસમાન ;
મન, બુદ્ધિ, ચિત્ત છૂટી પડયાં રે –
સાધ્યું સાધ્યું નકલંકી નિશાન – રે –
મૈં તો ચિડિયાં બના હું – છું !
આ અલખ અલિંગી અવધૂત આરે –
નૌતમ નૌતમ નાચ સુહાય ;
ગુરુ સદ્ગુરુ પરમેશ્વર પૂરા –
જ્યાં જ્યાં દેખો ત્હાં સાગરરાય – રે –
મૈં તો ચિડિયાં બના હું – છું !

વ્હાલા વ્હાલા ઓ વૃજલાલા !

વ્હાલા વ્હાલા ઓ વૃજલાલા ! ગોકુલ આ....વશો....મા !
આવો આવો તો મતવાલા ! બંસી લા....વશો....મા !
વ્હાલા વ્હાલા ઓ વૃજલાલા ૦

અયિ બંસી ! તું કામણગારી !
હુંમાંથી દે 'હું' જ વિસારી ! – –
આવાં રાધાઘેલાં છેક બના....વશો....મા !
વ્હાલા વ્હાલા ઓ ૦

બંસીનો રણકારો સુણતાં –
'બાલક' ચમકયાં પય પીતાં –
હાં – હા – એવાં – ગભરૂ ગાય દુભા....વશો....મા !
વ્હાલા વ્હાલા ઓ ૦

હું મોહન મુરલી પર વારી !
કોઇ શું જાણે ગોપકુમારી ? !
લોકડિયાંનાં વાંકાં વેણ સુણા....વશો....મા !
વ્હાલા વ્હાલા ઓ ૦

નિત્ય પ્રભાતે મધુપુરી જઇયે –
એ ચીલે કહાના ! નવ રહિયે –
આખ્ખી વાટે – સાથે – વાહ ! મુંઝા....વશો....મા !
વ્હાલા વ્હાલા ઓ ૦

નાદ નવલ ઉન્મનિ ઘર આવો –
ઠેઠ સગુણ નિર્ગુણ પર જાગ્યો –
અંગ વિહંગમ સાગર રંગ ઉડા....વશો....મા !
વ્હાલા વ્હાલા ઓ ૦

ક્હાના – ક્હાના કામણગારા !

કહાના કહાના કામણગારા ! ગાયો ચા....રશો....મા ! –
ચારો ચારો તો વૃજલાલા ! વેણુ વગા....ડશો....મા !
કહાના કહાના કામણગારા ! ૦

ગાભિણી ગાભિણી ગૌવાં મ્હારી – –
સહજ સહજ ચરતી જ બિચારી – –
બેહદ બંસી ભારી – – નાથ ! – નચા....ડશો....મા !
કહાના કહાના કામણગારા ! ૦

જાઉં જ્યાં જમુનાજી ન્હાવા –
આવ્યા ત્યાં હરિ બંસી બજાવા ! !
લાલા ! લક્ષણવંતા ! લેહ લગા....ડશો....મા !
કહાના કહાના કામણગારા ! ૦

વ્હાણોવ્હાણ જ વેણુ વગાડી –
અંગોપાંગે છંદ લગાડી –
સૂતા ઊંડેરા ઉરભાવ – જગા....ડશો....મા !
કહાના કહાના કામણગારા ! ૦

આવી ગૌ વૃન્દાવન ચરવા –
લાવ્યા બંસી ત્યાં શું કરવા ? ! –
રસિયા સદ્ગુરુ સાગરરાજ – રમા....ડશો....મા !
કહાના કહાના કામણગારા ! ૦

શ્રી ગીતાનો ગરબો

ઊઠો ! ઊઠો ! અર્જુન ! સમજો ગીતાશાસ્ત્રને રે –
જેણે કર્મ કરેલાં સર્વ અકર્મ ગણાય –
એવા અદ્ભુત વિધિએ ભણીએ ગીતાજ્ઞાનને રે !
ઊઠો ! ઊઠો ! અર્જુન ! ૦

આ 'મ્હારાં' આ 'પારકાં' – એ 'માયા' એ 'મોહ';
એવો 'ભેદ' કર્યા વિના – ધર્માધર્મ જ જોય –
જીવનમુક્ત છતાં યે ન તજ્યાં રાજસ્થાનને રે –
જેવા જનક વિદેહી ને રઘુપતિ શ્રી રામ –
એવા અદ્ભુત વિધિએ ભણીએ ગીતાજ્ઞાનને રે !
ઊઠો ! ઊઠો ! અર્જુન ! ૦

દેશ, કાલ, સ્થિતિ ભેદથી, કર્મ ભલે બદલાય;
પણ, આત્મા અંતર વિષે, ના ના ના લેપાય –
જ્ઞાની, સિદ્ધ નિરંતર સેવે આ પ્રજ્ઞાનને રે –
જેને બ્રહ્મ અનુભવ જરી યે સ્ખલિત ન થાય –
એવા અદ્ભુત વિધિએ ભણીએ ગીતાજ્ઞાનને રે !
ઊઠો ! ઊઠો ! અર્જુન ! ૦

ચિત્ત, બુદ્ધિ, મન, હું થકી, આત્મા ચતુરાતીત;
દધિ, પય, માખણ વણસતાં, તાવ્યું ટકે નવનીત –
નિત્યે બ્રાહ્મી દૃષ્ટિ ત્રિપુટીએ પ્રસ્થાનને રે –
અનુભવી જ્ઞાની તેથી કર્મ કરે, પણ મુક્ત !
એવા અદ્ભુત વિધિએ ભણીએ ગીતાજ્ઞાનને રે !
ઊઠો ! ઊઠો ! અર્જુન ! ૦

મહાયોગી, મહાભક્ત જે, જે મહાજ્ઞાની બ્રહ્મ ;
કર્મમહત્ત્વ ગણે નહીં – હેતુમહત્ત્વ જ ધર્મ –
ધર્મે લડવાં લખીઆં મ્હારે ખુદ ભગવાનને રે –
'હેતુ' ધર્મ તણો ધરી, યુધ્ધે થાવ પ્રચંડ –
એવા અદ્‌ભુત વિધિએ ભણીએ ગીતાજ્ઞાનને રે !
ઊઠો ! ઊઠો ! અર્જુન ! ૦

॥ ૐ બ્રહ્મ ॥ ગુરુમંત્રથી – બ્રહ્મ બ્રહ્મ તું હોય ;
મર કે માર યદૃચ્છ હો – તું કંઇ કર્ત્તા ન હોય –
'હોવું – કરવું' સર્વે અર્પી દો નિર્માણને રે –
ચાલે આદિ અનાદિથી આ તો ઈશ્વરતંત્ર !
એવા અદ્‌ભુત વિધિએ ભણીએ ગીતાજ્ઞાનને રે !
ઊઠો ! ઊઠો ! અર્જુન ! ૦

ધન્ય ! ધન્ય ! પ્રભુ કૃષ્ણજી ! ધન્ય સખા અર્જુન !
તુરીયાતીત વિરાજતા – નહીં પાપ નહીં પુણ્ય –
ધરીઆં નિર્ગુણ બ્રહ્મે માનવનાં અભિધાનને રે –
શ્રીમદ્‌ભગવદ્‌ગીતામૃતરસસાગરરાજ –
એવા અદ્‌ભુત વિધિએ ભણીએ ગીતાજ્ઞાનને રે !
ઊઠો ! ઊઠો ! અર્જુન ! ૦

ધર્મધનુષ કર ધરીએ

ધર્મધનુષ કર ધરીએ –
ઓ અર્જુન ! ધર્મધનુષ કર ધરીએ .
ધર્મધનુષ ૦

થા મહા વીર, સખે ! સાંખ્યયોગી –
માયાથી ના ના ન ડરીએ –
ઓ અર્જુન ! ધર્મ ધનુષ કર ધરીએ .
ધર્મધનુષ ૦

ત્યાગી ને રાગી ઉભય છે અધુરા –
રગ રગ ભર્ગ એ ભરીએ –
ઓ અર્જુન ! ધર્મ ધનુષ કર ધરીએ .
ધર્મધનુષ ૦

કર્તા ને ભર્તા તથા સંહર્તા –
તું ? તું નથી ; છે હરિ એ –
ઓ અર્જુન ! ધર્મ ધનુષ કર ધરીએ .
ધર્મધનુષ ૦

ખોલી ગગનઘર, મહા બ્રહ્મયોગી !
કર્મ અકર્મ જ કરીએ –
ઓ અર્જુન ! ધર્મ ધનુષ કર ધરીએ .
ધર્મધનુષ ૦

મન બુદ્ધિ ચિત્તે ચિહ્નિયો બ્રહ્મસાગર –
ઈશ્વરને અનુસરીએ –
ઓ અર્જુન ! ધર્મ ધનુષ કર ધરીએ .
ધર્મધનુષ૦

ધર્મ તણે જંગ ચડીએ

ધર્મ તણે જંગ ચડીએ, ધનઞ્જય!
ધર્મ તણે જંગ ચડીએ!
ધનઞ્જય! ૦

તું અજ, અવ્યય, આપે સનાતન –
પ્રસ્થિત પ્રજ્ઞાએ રહીએ.
ધનઞ્જય! ધર્મ તણે જંગ ચડીએ.
ધનઞ્જય! ૦

લડવું ન લડવું – રમત યંત્ર કેરી!
આગમાપાયી કૃતિ એ.
ધનઞ્જય! ધર્મ તણે જંગ ચડીએ.
ધનઞ્જય! ૦

લિપ્તાલિપ્ત સ્થિતિ ચિત્ત ચેતન –
મુક્તિ અમુક્તિ એ લહીએ.
ધનઞ્જય! ધર્મતણે જંગ ચડીએ.
ધનઞ્જય! ૦

જે નહીં આદિએ, જે નહીં અંતે –
તેને તે 'છે' શીદ કહીએ?!!
ધનઞ્જય! ધર્મ તણે જંગ ચડીએ.
ધનઞ્જય! ૦

અદ્ભુત તત્વ સમજ બ્રહ્મસાગર –
હોવા છતાં યે – ન હઈયે.
ધનઞ્જય! ધર્મ તણે જંગ ચડીએ.
ધનઞ્જય! ૦

હર હર હર મહાદેવ

હર હર હર મહાદેવ –
હર હર હર મહાદેવ! ... હર હર હર ૦

જય જય જય મહાદેવ – હર હર હર ૦
હર હર હર મહાદેવ! .... હર હર હર ૦

સબ દેવનકે દેવ – હર હર હર ૦
હર હર હર મહાદેવ! ... હર હર હર ૦

ગુરુ ગુરુ ગુરુ મહાદેવ! .... હર હર હર ૦
હર હર હર મહાદેવ! ... હર હર હર ૦

સત્ – ચિત્ – ઘન સ્વયમેવ – હર હર હર ૦
હર હર હર મહાદેવ! ... હર હર હર ૦

હર હર હર મહાદેવ! .... હર હર હર ૦

શ્રી શંકરાચાર્યજીની ગઝલ

અગર દ્વિજમાત્રના 'માસ્તર'! પુરાણા પ્રાજ્ઞ પયગમ્બર!
જનમગુરુ અય ધરમગુરુવર! શ્રીમચ્છંકર! શ્રીમચ્છંકર!

અગર દ્વિજ ૦

જનક, શુકદેવ જોગીન્દર – ભરત જડવત્! હરિશ્ચંદર!
કપિલ, ગુરુદત્ત, વ્યાસોત્તર ગુરુ? શંકર – ગુરુ શંકર.

અગર દ્વિજ ૦

ગુરુ શ્રી રામ, ગુરુ હનુમન – ગુરુ શ્રી કૃષ્ણ – ગુરુ અર્જુન!
મહર્ષિ વસિષ્ઠજી ગુરુવર – ગુરુ શંકર – ગુરુ શંકર.

અગર દ્વિજ ૦

ગુરુ 'આશ્રમ – અરણ્ય' કવણ? 'પુરિ ગિરિતીર્થપર્વતવન –
'સરસ્વતી ભારતી'; 'સાગર'? શ્રીમચ્છંકર – શ્રીમચ્છંકર!

અગર દ્વિજ ૦

અજાવર નાથ અક્ષય વર – 'શિવોઽહમ્' સત્ – મહા મંતર –
અગર સાગર અનલહક ઓમ્ – શ્રીમચ્છંકર – શ્રીમચ્છંકર!

અગર દ્વિજ ૦

ઠેઠ જઇને બેઠો!

ઠેઠ જઇને બેઠો – બાવા!
ઠેઠ જઇને બેઠો!
બાવા! ઠેઠ જઇને બેઠો! બાવા! ઠેઠ ૦

કલા કારમી! સબ સંપૂરન!
હરિથી જરી ન હેઠો!
બાવા! ઠેઠ જઇને બેઠો! બાવા! ઠેઠ ૦

ચતુરાતીત ચિહ્નિયો ચિદ્ઘનમાં –
પુરી બ્રહ્મમાં પેઠો!
બાવા! ઠેઠ જઇને બેઠો! બાવા! ઠેઠ ૦

સેવા સુમરન સદ્ગુરુ સેના!
ભાવે ભૂધર ભેટયો!
બાવા! ઠેઠ જઇને બેઠો! બાવા! ઠેઠ ૦

ઝાકમઝોળ રસજાહ્નવી ઝીલે!
થયો હરિશું ઠેઠો!
બાવા! ઠેઠ જઇને બેઠો! બાવા! ઠેઠ ૦

બ્રહ્માનન્દલહર – મહા સાગર –
આખ્યે આખ્યો 'હું' મેટ્યો!
બાવા! ઠેઠ જઇને બેઠો! બાવા! ઠેઠ ૦

શ્રી શંકરાચાર્યજીની ગઝલ

અગર દ્વિજમાત્રના 'માસ્તર'! પુરાણા પ્રાજ્ઞ પયગમ્બર!
જનમગુરુ અય ધરમગુરુવર! શ્રીમચ્છંકર! શ્રીમચ્છંકર!

અગર દ્વિજ ૦

જનક, શુકદેવ જોગીન્દર – ભરત જડવત્! હરિશ્ચંદર!
કપિલ, ગુરુદત્ત, વ્યાસોત્તર ગુરુ? શંકર – ગુરુ શંકર.

અગર દ્વિજ ૦

ગુરુ શ્રી રામ, ગુરુ હનુમન – ગુરુ શ્રી કૃષ્ણ – ગુરુ અર્જુન!
મહર્ષિ વસિષ્ઠજી ગુરુવર – ગુરુ શંકર – ગુરુ શંકર.

અગર દ્વિજ ૦

ગુરુ 'આશ્રમ – અરણ્ય' કવણ? 'પુરિ ગિરિતીર્થપર્વતવન –
'સરસ્વતી ભારતી'; 'સાગર'? શ્રીમચ્છંકર – શ્રીમચ્છંકર!

અગર દ્વિજ ૦

અજાવર નાથ અક્ષય વર – 'શિવોઽહમ્' સત્ – મહા મંતર –
અગર સાગર અનલહક ઓમ્ – શ્રીમચ્છંકર – શ્રીમચ્છંકર!

અગર દ્વિજ ૦

ઠેઠ જઇને બેઠો!

ઠેઠ જઇને બેઠો – બાવા!
ઠેઠ જઇને બેઠો!
બાવા! ઠેઠ જઇને બેઠો! બાવા! ઠેઠ ૦

કલા કારમી! સબ સંપૂરન!
હરિથી જરી ન હેઠો!
બાવા! ઠેઠ જઇને બેઠો! બાવા! ઠેઠ ૦

ચતુરાતીત ચિહ્નિયો ચિદ્ઘનમાં –
પુરી બ્રહ્મમાં પેઠો!
બાવા! ઠેઠ જઇને બેઠો! બાવા! ઠેઠ ૦

સેવા સુમરન 'સદ્ગુરુ સેના!
ભાવે ભૂધર ભેટયો!
બાવા! ઠેઠ જઇને બેઠો! બાવા! ઠેઠ ૦

ઝાકમઝોળ રસજાહ્નવી ઝીલે!
થયો હરિશું ઠેઠો!
બાવા! ઠેઠ જઇને બેઠો! બાવા! ઠેઠ ૦

બ્રહ્માનન્દલહર – મહા સાગર –
આખ્યે આખ્યો 'હું' મેટ્યો!
બાવા! ઠેઠ જઇને બેઠો! બાવા! ઠેઠ ૦

હંસ લખાવ્યા હૈયે !

હંસ લખાવ્યા હૈયે ! બાવા !
હંસ લખાવ્યા હૈયે !
બાવા ! હંસ લખાવ્યા હૈયે ! બાવા ! હંસ ૦

મહાનુભાવ સદ્ગુરુજી ભેટયા –
ગુણ ઉભર્યા નિર્ગુણીએ !
બાવા ! હંસ લખાવ્યા હૈયે ! બાવા ! હંસ ૦

ભાવાભાવ રહિત ક્ષરાક્ષર –
કર્ત્તા અકર્ત્તા નહીં એ !
બાવા ! હંસ લખાવ્યા હૈયે ! બાવા ! હંસ ૦

વેદવચન મહાવાયક થાપ્યું –
સ્વે હરિ, 'હું' તો ન કહીં યે !
બાવા ! હંસ લખાવ્યા હૈયે ! બાવા ! હંસ ૦

સહજ સહજ કર સાધ્યો હરિએ –
તજીએ શું ? ભજીએ શું ? કહીએ !
બાવા ! હંસ લખાવ્યા હૈયે ! બાવા ! હંસ ૦

બ્રહ્માનન્દસ્વરૂપ મહા સાગર –
આખ્યો – જી – અનભે લહરીએ !
બાવા ! હંસ લખાવ્યા હૈયે ! બાવા ! હંસ ૦

कबीर साहेबनुं भजन

ઓહંગને દીઆ મેરા નામ –
કબીરા .... વે .... !
હમારા નામ.....કબીરા....વે ! ... ઓહંગને દીઆ ૦

'દેવ' ન માન્યા – 'દેવી' ન માની –
આદુ અલખ ઓહંકારા .... વે !
હમારા નામ કબીરા વે ! ..... !
ઓહંગને દીઆ મેરા નામ ૦

કાઝી મુલ્લાં સબ છોડી મસીદાં –
છોડયા પંડિત ઠાકુરદ્વારા .... વે .... !
હમારા નામ કબીરા ... વે .... !
ઓહંગને દીઆ મેરા નામ ૦

ઓહંગ નાહીં – સોહંગ ભી નાહીં !
વો હિ વિહંગમ ન્યારા....વે !
હમારા નામ કબીરા.....વે !
ઓહંગને દીઆ મેરા નામ ૦

રામાનન્દકા ભણ્યા બાલકા –
જ્યોતમેં જ્યોત મિલાયા....વે !
હમારા નામ કબીરા.....વે !
ઓહંગને દીઆ મેરા નામ ૦

માંહ્યલે મંદિરિયે મ્હાવ !

માંહ્યલે મંદિરિયે મ્હાવ – રે –
બાવા ! માંહ્યલે મંદિરિયે મ્હાવ !

ચોદે બ્રહ્માંડે છચોક પૂરાવ્યા –
નિત્યે દીવાળીનો લ્હાવ રે –
બાવા ! માંહ્યલે મંદિરિયે મ્હાવ ! માંહ્યલે ૦

વાટે ઉવાટે આ ઘાટે અઘાટે –
ઘટ માંહ્ય મઠનો ભાવ રે –
બાવા ! માંહ્યલે મંદિરિયે મ્હાવ ! માંહ્યલે ૦

માયા – અમાયાથી આઘા સમાયા –
પૂરણ બ્રહ્મ પડાવ રે –
બાવા ! માંહ્યલે મંદિરિયે મ્હાવ ! માંહ્યલે ૦

મહાસુનિ ! મહાધૂની ! મહાશન્ય અનભે !
બિન્દુડે સિન્ધુડો સાવ રે ! –
બાવા ! માંહ્યલે મંદિરિયે મ્હાવ ! માંહ્યલે ૦

બ્રહ્માનન્દલહર – સુખસાગર –
આખ્યો અલખનો જમાવ રે –
બાવા ! માંહ્યલે મંદિરિયે મ્હાવ ! માંહ્યલે ૦

રબસે લિપટ લિપટકે !

હંસ હુંસે ખૂબ ખૂબ !! ખુદકો પકડ પકડકે – – !
અબ તો હુંસે ખૂબ ખૂબ ! દિલકો જકડ જકડકે !
હંસ હુંસે ખૂબ ખૂબ !! ૦

આતેં હૈ મયખાનેમેં –
પીતેં હૈ પંખી લાખ !!
"લા ઈલાહ ઈલ્લિલ્લાહ" – ! – ચિલ્લે લથડ લથડકે !!
હંસ હુંસે ખૂબ ખૂબ !! ૦

જિસ્મ જનમ જો લિયા –
જિ – ના પિયા, તો કયા જિયા ?
અલ્લહશ્ત ! જી – બુઢ્ઢે મિયાં ! પી – પા – પી પલટ પલટકે !!
હંસ હુંસે ખૂબ ખૂબ !! ૦

જા દ્વઈ સૂર – સુર સુરા –
સાકિયા ! કૈસા કિયા ?
પિયા – પિયા – જિયા – સુવા – હકસે બિગડ બિગડકે !!
હંસ હુંસે ખૂબ ખૂબ !! ૦

'નેશ્ત' – 'હશ્ત' ના કહા – !
ફઝલે અનલહક – અહા – !!
સોતે હૈ સાગર ! જી શાહ – રબસે લિપટ લિપટકે !!
હંસ હુંસે ખૂબ ખૂબ !! ૦

राजी रहो महाराज सयाजी !

રાજી રહો મહા રાજ સયાજી ! –
રાજ સયાજી – ' राजस याजी ' —
રાજી રહો મહારાજ સયાજી ! રાજી ૦

ગાજી રહ્યો શ્રુતિ સૂર સનાતન :–
ધન્ય ! સુધન્ય । બડોદે સયાજી !
બડોદે સયાજી – ' बडो देस याजी ' —
રાજી રહો મહારાજ સયાજી ! રાજી ૦

અદ્ભુત સુન્દર તખ્ત બિરાજી –
રાજી રહો મહારાજ સયાજી !
રાજ સયાજી – ' राजस याजी ' —
રાજી રહો – ' महा राजस याजी ' —
રાજી રહો મહારાજ સયાજી ! રાજી ૦

આશીર્વાદ સનાતન મંગલ : –
રાજી રહો મહારાજ સયાજી !
રાજ સયાજી – ' राजस याजी ' —
રાજી રહો – ' महा राजस याजी ' —
રાજી રહો મહારાજ સયાજી ! રાજી ૦

ॐ प्रभुजी ॐ प्रभुजी ओम्मीं खपावें !

ॐ ગુરુ ॐ ગુરુ ॐ ગુરુ ધ્યાવેં –
એક ભાન – એક તાન – એક ગાન ગાવેં !
ॐ ગુરુ ॐ ગુરુ ॐ ગુરુ ધ્યાવેં !

ચિત્ત , બુદ્ધિ , મન મહાન્ – અતીત અનુભવાવેં –
ધર્મક્ષેત્ર – શરીરક્ષેત્ર – " મૂમા " અસાવેં !
ॐ ગુરુ ॐ ગુરુ ॐ ગુરુ ધ્યાવેં !

દેવ ' દત્ત ' દેવ ' દત્ત ' – ' દત્ત ' ગુરુ ગજાવેં –
ત્રિપથી ત્રિમૂર્ત્તિ ગુરુ – ત્રિવદન ભજાવેં !
ॐ ગુરુ ॐ ગુરુ ॐ ગુરુ ધ્યાવેં !

ॐ બ્રહ્મ – બ્રહ્મ ' અમ્ ' – ઘનકૃપા પહાવેં –
ખાલી બ્રહ્મ – વરબ્રહ્મ – સાગરીં સમાવેં !
ॐ ગુરુ ॐ ગુરુ ॐ ગુરુ ધ્યાવેં !

સત્યરૂપ શિવસ્વરૂપ – ત્રિજુગી ॐ જપાવેં !
ॐ પ્રભુજી ॐ પ્રભુજી ઓમ્મીં ખપાવેં !
ॐ ગુરુ ॐ ગુરુ ॐ ગુરુ ધ્યાવેં !

અમે વેગે વૃન્દાવન આવશું !

આવશું – આવશું – આવશું રે –
અમે વેગે વૃન્દાવન આવશું !

ગોરસ રસ ભરી મીઠડી મટુકડી –
માવજીને એમાં સમાવશું રે ! –
અમે વેગે વૃન્દાવન આવશું ! આવશું ૦

દસ દસ ગૌવાં ને અછેકો બછીઓ –
કાનજીને કોટે બંધાવશું રે !
અમે વેગે વૃન્દાવન આવશું ! આવશું ૦

દેહને ને દુનિયાને ઘેલાં ગણાવશું –
નાચે છે એને નચાવશું રે –
અમે વેગે વૃન્દાવન આવશું ! આવશું ૦

પ્રેમી, ઉદાસી, વૃજવાસી, રસીલાં –
પ્યાસીને પ્રેમે પીલાવશું રે !
અમે વેગે વૃન્દાવન આવશું ! આવશું ૦

ગુરુદેવ દત્ત પ્રભુ જ્ઞાનસાગર –
ઉર્મિયે ઉર્મિ રેલાવશું રે !
અમે વેગે વૃન્દાવન આવશું ! આવશું ૦

છાયા – કાયા વૈસી માયા

'માયા' તો "છે" – જૈસી છાયા –
હો અવધો ! માયા તો "છે" જૈસી છાયા.
હો અવધો ! માયા તો "છે" ૦

છાયાને 'છે' કે 'નથી' શું કહેવું ?!
મ્હોટા મ્હોટા ભરમાયા !
હો અવધો ! માયા તો "છે" જૈસી છાયા.

તુમ જ્યું ચલોગે, ત્યું છાયા ચલેગી,
કિં તુમકો ચલાવેગી છાયા ?!!
હો અવધો ! માયા તો "છે" જૈસી છાયા.

છાયા હમારી, હમારી હિ માયા,
તોરી માયા, તોરી છાયા !
હો અવધો ! માયા તો "છે" જૈસી છાયા.

સારો જગત વિધિ એક બનાયો –
ગુરુજીને ત્રિવિધિ બનાયા !
હો અવધો ! માયા તો "છે" જૈસી છાયા.

રામ રમાપતિ, સામ્બ સદાશિવ !
અજ હો અજાપતિ આયાં !!
હો અવધો ! માયા તો "છે" જૈસી છાયા.

ગુરુદેવ દત્ત મહાજ્ઞાન સાગર –
છાયા – કાયા વૈસી માયા.
હો અવધો ! માયા તો "છે" જૈસી છાયા.

सागर समरथ सांई !

મો સમ સુખી કોઉ નાહીં –
જગતમેં મો સમ સુખી કોઉ નાહીં.
હરિ જૈસો હરિ મેરો મિત્ર ભયો હે,
આપે કરત વિભુ છાંહિ !
જગતમેં મો સમ સુખી કોઉ નાહીં.
જગતમેં મો સમ સુખી ૦
મન, બુદ્ધિ, ચિત્ત સુચેતન કીન્હો –
સ્નેહે વસ્યા પ્રભુ આઈ !
જગતમેં મો સમ સુખી કોઉ નાહીં.
જગતમેં મો સમ સુખી ૦
આદિ અનાદિ હે અલખ નિરંજન –
અનભે અનન્ત રહાઈ !
જગતમેં મો સમ સુખી કોઉ નાહીં.
જગતમેં મો સમ સુખી ૦
મૈં મોહે દેખું તો પ્રભુજીકો નિરખું ! –
બ્રહ્મકી યહી બ્રહ્માઈ !
જગતમેં મો સમ સુખી કોઉ નાહીં.
જગતમેં મો સમ સુખી ૦
ધન્ય હિ દરશન દીન્હો દિગમ્બર –
સાગર સમરથ સાંઈ !
જગતમેં મો સમ સુખી કોઉ નાહીં.
જગતમેં મો સમ સુખી ૦

ॐ प्रभुजीना कक्का

(૧)

કક્કા સહુ જેમાંથી થાય, તે ૐકાર પ્રથમ વંદાય;
જ્યાં જન્મે સહુ, જ્યાં વિલાય, કક્કા સહુ જેમાંથી થાય.
ગુરુ ગુરુ ગુરુદેવકી જય ! જય જય ગુરુદેવકી જય ! ગુરુ ગુરુ ૦

ક કક્કા ! કુંવારો તે જીવ, ગુરુલગની લાગ્યાથી શિવ;
પ્રેમ વડે પામ્યો પ્રભુ પીવ – કક્કા ! કુંવારો તે જીવ.

ખ ખખ્ખા ! ખંખમ્ દશ્ય તમામ, સાચું નામ સદા યે રામ;
રામ વિના, જીવ ! સર્વ નકામ, ખખ્ખા ! ખંખંદશ્ય તમામ.

ગ ગ્ગા ! ગુરુ ગુરુદેવ મહાન, વિશ્વ નિયન્તા ચેતન જાણ;
જુઠું માનવનું અભિમાન, ગગ્ગા ! ગુરુ ગુરુદેવ મહાન.

ઘ ઘ્ઘા ! ઘોર અઘોરી ઘેન, જ્યાં વ્હાલાં માયાનાં વેણ;
જાગ્યો તેનાં જુદાં ચેન – ઘઘ્ઘા ! ઘોર અઘોરી ઘેન.

ઙ ઙઙ્ગા ! ગલિત પળિયાં શીર, તો ય અશ્રદ્ધા હજી અધીર;
કહે શંકર:-'ભજ ગોવિન્દ ! વીર ! ઙઙ્ગા ! ગલિતં પલિતં શીર.

ચ ચ્ચા ! ચોંપે જો ચિદ્રૂપ, ચક્ષુ મીચી થા સદ્રૂપ;
સદ્ગુરુપારસ જ્યોતિસ્વરૂપ, ચચ્ચા ! ચોંપે જો ચિદ્રૂપ.

છ છ્છા ! છે બસ એક જ વાત, પ્રેમ પિતા ને શ્રદ્ધા માત;
જન્મ્યો ચેતન જાત 'અજાત' – છ્છા ! છે બસ એક જ વાત.

જ જ્જા ! જગ ઢૂંઢે જગદીશ, ભમે સગુણ નિર્ગુણની દિશ;
શ્રીફળ વણછોલ્યું કયમ ખાશ ? જજ્જા ! જગ ઢૂંઢે જગદીશ.

ઝઝ્ઝા! ઝીલી લે રસધાર, માનવતન ભવ પાર ઉતાર;
ઝડપ ઝડપ જો ચાલે કાળ, ઝઝ્ઝા! ઝીલી લે રસધાર.

ગ્ગા! અગ્-જન આંજ્યું એક, સદ્ગુરુવાચક બ્રહ્મવિવેક;
ભાતભાતમાં જાત જ એક, ગગ્ગા! અગ્-જન આંજ્યું એક.

ટ્ટા! ટેક કશી યે ન્હોય, ભક્તિ, અસંગતિ, આનન્દ સોય,
ગુરુકી મૌજ! ગમે ત્યમ હોય – ટ્ટા! ટેક કશી યે ન્હોય.

ઠ્ઠા! ઠાકુર દીનદયાળ, દેહદેવળમાં લાગી ભાળ;
ઠેર ઠેર શ્રી બાલગુપાલ, ઠ્ઠા! ઠાકુર દીનદયાળ.

ડ્ડા! ડોલે તે તો જીવ, અષ્ટ પ્રહર જે સ્થિર, તે શિવ;
જીવ, શિવથી પર તે બ્રહ્મ પીવ, ડ્ડા! ડોલે તે તો જીવ.

ઢ્ઢા! ઢોલ પશુનાં ચામ, મુવા પછી લે ધણીનું નામ;
જીવતા જન ફુરસદ નહીં નામ!! ઢ્ઢા! ઢોલ પશુનાં ચામ.

ણ્ણા! નયણાંમાં છે નાથ, જો જગદીશ્વર ઝાલે હાથ;
સદ્ગુરુ સન્ત તણો સંગાથ, ણણ્ણા! નયણાંમાં છે નાથ.

ત્ત્તા! ત્રિમુખી ત્રિજુગી રામ, ત્રિવિધિ તંત્ર આ વિશ્વ તમામ;
દત્ત ગુરુ શિવ ગોરખ ધામ – તત્તા! ત્રિમુખી ત્રિજુગી રામ.

થ્થા! થોથાં પોથાં છોડ – સદ્ગુરુશબ્દે માથું ફોડ;
પૂર્ણ ચિત્તમનબુદ્ધિ જોડ, થથ્થા! થોથાં પોથાં છોડ.

દ્દા! દેહ તજી જીવ જાય – કોણ મુકામે? જાવું ક્યાંય?
મારગમાં તડકો કે છાંય? – દદ્દા! દેહ તજી જીવ જાય.

ધ્ધા! ધમધમ ચાલે બ્રહ્મ – પળ પળ ઘરમાં લે પરિશ્રમ;
કર્મ, ધર્મ, પ્રભુભક્તિ, નિયમ ધધ્ધા! ધમધમ ચાલે બ્રહ્મ!

ન્ન્ના! નાથ નિરંજન દેવ – અવિકલ્પે રીઝે તતખેવ –
ભર્ગરૂપ ભૂમાનો ભેવ! – નન્ના! નાથ! નિરંજન દેવ!

પ્પ્પા! પૂર્ણ પૂર્ણથી જાય – શેષ રહે તે પૂર્ણ ગણાય –
અનુભવ સત્ ઉપનિષત્ ગાય:– પપ્પા પૂર્ણ પૂર્ણથી જાય.

ફ્ફા! ફાંસુ ફસાવું કેમ? સુખદુઃખ સૌ માયાના વ્હેમ –
ખેર, મહેર, માલીકની રહેમ – ફ્ફ્ફા! ફાંસુ ફસાવું કેમ?!

બ્બ્બા! બ્રહ્મસ્વરૂપી જીવ – જીવ સ્વરૂપી બ્રહ્મ તથૈવ –
બેનાં લક્ષણ ભિન્ન સદૈવ – બબ્બા! બ્રહ્મસ્વરૂપી જીવ.

ભ્ભા! ભીતિ એહ જ પાપ – માપ મહીં ઘૂઘવેજ અમાપ;
સાફ કરી જોતાં દિલખાપ – ભભ્ભા! ભીતિ એહજ પાપ.

મ્મા! માયાનો શો દોષ? છાયાપુરુષ ઉપર શો રોષ?! –
પોતાના જો પાંચે કોષ – મમ્મા! માયાનો શો દોષ?!

ય્યા! યંયં ચિન્તન ચિત્ત – તં તં પ્રાપ્ત જ એ નિશ્ચિત્ત –
શાન્ત, સતત, ચિન્તન સત્ રીત – યય્યા! યંયં ચિન્તન ચિત્ત.

રરા! રામરામની પોક – મુવા પછી પાડે છે લોક –
જીવતાં પાડે વિરલા કોક – રરરા! રામરામની પોક!

લ્લા! લોભનમય સંસાર – મિત્ર, કુટુમ્બ, સગાં પરિવાર –
સદ્ગુરુ સ્નેહે સાહાય્ય થનાર – લલ્લા! લોભનમય સંસાર.

વ્વા! વિષ્ણુ ખરા ભગવાન્ – ન્યાય્ય – દયા ને સત્ય સમાન –
પૂર્ણ સ્વયં ત્રિવિધિ પ્રજ્ઞાન – વવ્વા! વિષ્ણુ ખરા ભગવાન!

શ્શા! શીંગ સસલાને હોય – તોજ જગતમાં સ્થિરતા જોય –
સ્થિર સૂરજ – ઊંબૂઝત કોય – શશ્શા! શીંગ સસલાને હોય.

ષ્ષા! ષડ્દર્શનનો સાર – તું ત્હારૂં લઈ થા તૈયાર –
પૂર્ણ તત્ત્વ પામી લે પાર – ષષ્ષા! ષડ્દર્શનનો સાર.

સ્સા! સુરતામાં છે સિદ્ધ – સૌ સાધનમાં શ્રેષ્ટ પ્રસિદ્ધ –
સુરતાએ જીવના શિવ કીધ – સસ્સા! સુરતામાં છે સિદ્ધ.

હ્હા! હરખ તણો નહીં પાર – જીવન જાણ્યાં જગદાધાર –
હુંમાં રહી હુંથી હળનાર – હહ્હા! હર્ષ તણો નહીં પાર!

ળળા ! ગળ્યું ગળ્યું ગુરુવેણ ! – જીભે અડતાં , ફૂટયાં નેણ–
રગ રગ પસરંતાં જીવલેણ ! – ળળા ! ગળ્યું ગળ્યું ગુરુવેણ.

ક્ષક્ષા ! રક્ષા એક જ રામ – શિક્ષા એક જ સદ્ગુરુ નામ –
અલખ નિરંજન એક જ ધામ ! ક્ષક્ષા ! રક્ષા એક જ રામ .

જ્ઞજ્ઞા ! જ્ઞેય – નથી અજ્ઞેય – વણ જિવ્હા અમરતરસ પેય –
સાગર ભજન સનાતન શ્રેય – જ્ઞજ્ઞા ! જ્ઞેય , નથી અજ્ઞેય .

– સાખી –

હરિગુરુસન્તપ્રસાદથી , કક્કા થયા સમાપ્ત ; –
આ અનભે ૐકારનો – સાગર સદ્ગુરુ વ્યાપ્ત.....
ગુરુ ગુરુ ગુરુદેવકી જય – જય જય ગુરુદેવકી જય. ગુરુ ગુરુ ૦

(૨)

કક્કા ! કારણ તું કર્ત્તાર – એક , અનાદિ, અનન્તોઽકાર –
ૐ પ્રભુજી ૐકાર વિચાર – કક્કા ! કારણ તું કર્ત્તાર .

ખખ્ખા ! ખલક અલખની છાંય – અસલ અલખ પોતાની મ્હાંય-
સાતે પડ ચીરી દેખાય – ખખ્ખા ! ખલક અલખની છાંય .

ગગ્ગા ! ગુરુમાં મુક્તિ ખચિત્ત – જો ગુરુએ હો બ્રહ્મપ્રતીત –
ગુરુ ત્રિમુખી સત્ ત્રિગુણાતીત – ગગ્ગા !ગુરુમાં મુક્તિ ખચિત્ત .

ઘઘ્ઘા ! ઘનચિદ્ઘન બ્રહ્મૈવ – દેવ દયાઘન દિવ્ય સદૈવ –
ઊલટો ઊઠયો જીવ તથૈવ–ઘઘ્ઘા ! ઘનચિદ્ઘન બ્રહ્મૈવ .

ઙઙ્ગા ! અઙ્ગ અનઙ્ગજ બ્રહ્મ – અનુભવ સાઙ્ગોપાઙ્ગ સ્વયમ્ –
ગમ એની એક જ ગુરુગમ – અઙ્ગા ! અઙ્ગ અનઙ્ગ જ બ્રહ્મ .

ચચ્ચા ! ચેતન શેનું નામ ? જુસ્સો , જીવન , જોમ તમામ –
પ્રેમ , પ્રાણ ને આત્મારામ – ચચ્ચા ! ચેતન એનું નામ .

છછ્છા ! છે , છે , પણ જે ન્હોય – તે માયા જાણ સહુ કોય –
જાણીને શું કરવા મોહ ? છછ્છા ! છે , છે , પણ જે ન્હોય .

જજ્જા ! જીવે તું શી પેર ? – ગુરુની મ્હેર ગુઝારે ખેર –
તો , સુખદુઃખ કાં રાખે ઘેર ? જજ્જા ! જીવે જો શી પેર ?

ઝઝ્ઝા ! ઝાલી હાથોહાથ – જવું ઠેઠ જ્યાં નિર્ગુણનાથ –
આતમ – પરમાતમ સંગાથ – ઝઝ્ઝા ! ઝાલી હાથોહાથ .

ઞઞ્ઞા ! અઞ્જલિ એક જ પાન – પૂર્ણ પ્રજ્ઞાનું જ્ઞાન–પ્રમાણ –
ફલ ત્રૈલોક્ય જ તૃણ સમાન–ઞઞ્ઞા ! અઞ્જલિ એકજ પાન .

ટટ્ટા ! ટણટઙ્કાર સુણાય – પ્રણવધનુર્ધર યોગી થાય –
પરિબ્રહ્મ પ્રેમે વીંધાય – ટટ્ટા ! ટણટઙ્કાર સુણાય .

ઠઠ્ઠા ! ઠેઠ ગયો શી રીત ? – હરિગુરુસન્તશરણમાં ચિત્ત ;
પ્રીતરીત , મનબુદ્ધિ જીત – ઠઠ્ઠા ! ઠેઠ ગયો એ રીત .

ડડ્ડા ! ડહેકયું ચિતડું ચોર – પકડયું તેને હંસ ચકોર –
ડહાપણ ગુરુ વણ મનનો દોર – ડડ્ડા ! ડહેકયું ચિત્તડું ચોર .

ઢઢ્ઢા ! ઢોલનજી કહેવાય – અઢી દહાડા ! લાડી લાડા ય ! –
જીવ અવસ્થાન્તર આત્મા ય ! – ઢઢ્ઢા ઢોલનજી કહેવાય .

ણણ્ણા ! નયણાં ધણીનાં દ્વાર – મીચ્યાં તો મહીં ઝાકઝમાળ ! –
ખોલ્યાં રવિ શશી ખેલે બાળ – ણણ્ણા ! નયણાં ધણીનાં દ્વાર .

તત્તા ! તાણ્ડવ શિવ મહાદેવ ! યન્ત્રારૂઢ , અહો ! સ્વયમેવ ! –
ભૂલ ભૂલૈયાં ! જીવ જગદેવ – તત્તા ! તાણ્ડવ શિવ મહાદેવ .

થથ્થા ! થિર થાવર છે રામ – જંગમ એ વિણ નામ તમામ –
ભલો ધણીને ઘેર મુકામ – થથ્થા ! થિર થાવર છે રામ .

દ દ્દા ! દેવ દયાઘન એક – દેહ, રૂપ, ગુણ, ઘાટ અનેક !–
અટપટું એ ત્યાં બ્રહ્મવિવેક – દદ્દા ! દેવ દયાઘન એક.

ધ ધ્ધા ! ધણીનાં ધામ રસાળ – ધીંગાણું મૂકીને ભાળ –
પઞ્ચાત્મક ને પાંચે પાર ! ધધ્ધા ! ધણીનાં ધામ વિશાળ.

ન ન્ના ! નોકર તું છે નેટ – રખે સમજતો આપે શેઠ !–
વેઠ નથી, આ ગુરુઘર ઠેઠ – નન્ના ! નોકર તું છે નેટ.

પ પ્પા ! પુરુષ-પ્રકૃતિ-વિવેક – પ્રજ્ઞ તણો સંસ્કૃતિ એ ટેક –
અનુભવ શબ્દ પ્રણવ-ઉલ્લેખ !-પપ્પા ! પુરુષ પ્રકૃતિ વિવેક.

ફ ફ્ફા ! ફુલ્લ પ્રફુલ્લિત ચિત્ત – જાગ્યું જ્યાં ખંબ્રહ્મ ખચિત્ત –
સગુણી, નગુણી, ઉભયાતીત – ફફ્ફા ! ફુલ્લ પ્રફુલ્લિત ચિત્ત.

બ બ્બા ! બ્રહ્મ બ્રહ્મને જોય – તો ય રચે સહુ માયામોહ !
બીબે બીબું દૃશ્ય જ હોય – બબ્બા ! બ્રહ્મ બ્રહ્મને જોય !

ભ ભ્ભા ! ભાડે રાખ્યું તન – ભાડું સસ્તું :– સતત ભજન –
સ્થિતિ એકાન્ત મુનિ તનમન – ભભ્ભા ! ભાડે રાખ્યું તન.

મ મ્મા ! માલીક પુરુષ પુરાણ – એક અનાદિ અનન્ત મહાન –
હું, તું, તે, સહુ સેવક જાણ–મમ્મા ! માલીક પુરુષ પુરાણ.

ય ય્યા ! યશ, આયુષ, શ્રી, વીર્ય–બ્રહ્મકૃપા, ઓજસ્, ઐશ્વર્ય–
અચલ ધર્મ જ્યાં ભક્તિ, ધૈર્ય – યય્યા ! યશઆયુષશ્રીવીર્ય.

ર રર્રા ! રર્રો મમ્મો બે જ – ભણ્યો ખરૂં જે પૂરો છે જ –
ચોરાસી ચૂકવી તેણે જ ! – રર્રા ! રર્રો મમ્મો બે જ.

લ લ્લા ! લખિયા ત્રિવિધ લેખ – ગુરુએ મારી વિધિ પર મેખ –
ભોગ નહીં જ્યાં નહીં જ્યાં ભેખ–લલ્લા ! લખિયા ત્રિવિધિ લેખ.

વ વ્વા ! વસ્તુરૂપ વિચાર – કશું વિચિત્ર નથી નિરધાર –
વસ્તુ સાર – અવસ્તુ અસાર – વવ્વા ! વસ્તુરૂપ વિચાર.

શ શ્શા ! શશી અહીં પૂર્ણ જણાય – ખુલ્લું ગગન બેઠાં દેખાય –
કવણ મૂર્ખ દૂર જોવા જાય ?!–શશ્શા ! શશી અહીં પૂર્ણ જણાય.

ષ ષ્ષા ! ષંબ્રહ્મન્ શ્રુતિ ગાય : પુરુષ નહીં, નહીં સ્ત્રી-અભિપ્રાય–
અણલિંગી અનભે બોધાય – ષષ્ષા ! ષં બ્રહ્મન્ શ્રુતિ ગાય.

સ સ્સા ! સત્ત્વ, રજસ્ ને તમ્ – એ ત્રણમાં માયાનો મર્મ –
ब्रह्मण्यम्, तु अब्रह्मण्यम् – સસ્સા ! સત્ત્વ, રજસ્ ને તમ્.

હ હ્હા ! હું ચેતન કે ચામ ? – હું ચાહું માયા કે રામ ? –
જગપતિ કે–હાં–જગ આરામ ?–હહ્હા ! હું ચેતન કે ચામ ?

ળ ળ્ળા ! કાળાતીત કર્તાર – કળા કરી ગુરુ કીધી વ્હાર –
ગુરુ ગુરુ ધન્ય ! ધન્ય કર્તાર ! – ળળ્ળા ! કાળાતીત કર્તાર.

ક્ષ ક્ષ્ક્ષા ! ક્ષર તજી અક્ષર લક્ષ્ય –અલખ નિરંજન ગુરુ આલક્ષ્ય–
લક્ષ્યાલક્ષ્ય વિવર્જિત લક્ષ્ય – ક્ષક્ષ્ક્ષા ! ક્ષર તજી અક્ષર લક્ષ્ય.

જ્ઞ જ્ઞ્જ્ઞા ! જ્ઞાન નથી અજ્ઞાન – સહજ ભજન સાગરનું ગાન –
જ્ઞાનાજ્ઞાન વિવર્જિત જ્ઞાન – જ્ઞજ્ઞા ! જ્ઞાન નથી અજ્ઞાન.

(૩)

ક ક્ક્કા ! કહું છું કેવલ સાચ – ૐ પ્રભુજી ૐ પ્રભુજી ઉવાચ : –
સાચ વિના બીજી નહીં વાચ – ક્કક્કા ! કહું છું કેવલ સાચ.

ખ ખ્ખા ! ખોટું છે નહીં કાંય, અવિધિ, અવિવેકે દુઃખ થાય –
જો સુવિવેકે વિધિ દેખાય – ખખ્ખા ! ખોટું છે નહીં કાંય.

ગ ગ્ગા ! ગુરુ થા ત્હારો તું જ – કર્ત્તા તું તુજ ભાવિ છું જ –
ગળે ઘાલ સદ્ગુરુની ગુંજ – ગગ્ગા ! ગુરુ થા ત્હારો તું જ.

ઘ ઘ્ઘા ! ઘમકારો શો થાય ! ચિદ્ઘન બ્રહ્મ સ્વયં સમજાય –
જ્યાં પોહું ત્યાં જીવ – માયા ય – ઘઘ્ઘા ! ઘમકારો શો થાય !

ઙ ઙ્ગા ! અઙ્ગ ભઙ્ગનો ધર્મ – તેમાં ચેતન ઝીણો મર્મ –
રઙ્ગ સુરઙ્ગ ભુલાવો ચર્મ – અઙ્ગા ! અઙ્ગ ભઙ્ગનો ધર્મ.

ચ ચ્ચા ! ચિત્, સત્ તું સ્વયમેવ – સકલ શાસ્ત્રનો ચીન્યો ભેવ –
હરિ ૐ તત્સત્ સદ્ગુરુદેવ - ચચ્ચા ! ચિત્, સત્ તું સ્વયમેવ.

છ છ્છા ! છાને સહુ છણકાય – ધર્મ એક જીવ સાથે જાય –
છેક અવિદ્યા જો છેદાય – છછ્છા ! છાને સહુ છણકાય.

જ જ્જા ! જિવ્હેન્દ્રિય જીતાય – ખટરસ નવરસ સહુ વશ થાય.
જીવતાં જીવતાં ભવ છુટાય – જજ્જા ! જિવ્હેન્દ્રિય જીતાય.

ઝ ઝ્ઝા ! ઝટપટ જાવું છે જ – કરવાનું સૌ ઝટ કરી લે જ –
ઝાકળ મોતી – સમજણ સ્હેજ ! – ઝઝ્ઝા ! ઝટપટ જાવું છે જ.

ઞ ઞ્ઞા ! અઞ્ચિત સઞ્ચિત જેહ – તેથી પામ્યો કઞ્ચન દેહ –
અસ્તુ અવઞ્ચિત દેહવિદેહ – ઞઞ્ઞા ! અઞ્ચિત સઞ્ચિત જેહ

ટ ટ્ટા ! ટક ટક એક ટકોર – જીવને ટીખળ વળગ્યું ઓર ! –
જાગી સુરતા – પટક્યો ચોર – ટટ્ટા ! ટક ટક એક ટકોર.

ઠ ઠ્ઠા ! ઠં ઠં ઠમ્ ગોપાળ – ! – અનુભવ ઈશ્વર – બીજું બાળ –
ઊઠ ! અભાગી ! છે શું બાળ ? ઠઠ્ઠા ! ઠં ઠં ઠમ્ ગોપાળ !

ડ ડ્ડા ! ડમ ડમ ડમરૂ હાથ – ઘર ઘર નાચે નિર્ગુણનાથ ! –
માયા – બ્રહ્મ ડૂબાડૂબ સાથ ! – ડડ્ડા ! ડમ ડમ ડમરૂ હાથ.

ઢ ઢ્ઢા ! ઢીમર જીવ પ્રવીણ – જ્ઞાન ભયંકર – ભક્તિ વિહીન ! –
મારે જલમાં તરસે મીન ! – ઢઢ્ઢા ! ઢીમર જીવ પ્રવીણ !

ણ ણ્ણા ! નેણાં કાં મીચાય – ? જો રસજ્યોત યથાર્થ જણાય –
આળ, અવિદ્યા અન્ત અણાય – ણણ્ણા ! નેણાં કાં મીચાય !

ત ત્ત્તા ! ત્હારો ઈશ્વર દેખ – તારક બ્રહ્મ સદૈવ સુરેખ –
કરણી – તરણી એક જ લેખ – તત્તા ! ત્હારો ઈશ્વર દેખ.

થ થ્થા ! થયું નિર્વાસન મન – નહીં નહીં ઘર કે નહીં નહીં વન –
થાપન અંતર માંહિ અરણ્ય – થથ્થા ! થયું નિર્વાસન મન.

દ દ્દા ! દેવ અહીં દેખાય – દિવ્ય ચિત્ત, મન, બુદ્ધિ, થાય –
દોદશ દોડયું મન બંધાય – દદ્દા ! દેવ અહીં દેખાય.

ધ ધ્ધા ! ધાર્યું ધણીનું થાય – જીવની હા – ના સર્વ વૃથા ય ! –
ગુપચુપ જો ગુરુનો મહિમા ય ! ધધ્ધા ! ધાર્યું ધણીનું થાય.

ન ન્ન્ના ! નાસ્તિક બુદ્ધિ નકામ–શૂન્ય નથી–સચ્ચેતન ધામ –
શ્રદ્ધા – ભક્તિ પામે રામ – નન્ના ! નાસ્તિક બુદ્ધિ નકામ.

પ પ્પા ! પ્રભુજી પ્રેમસ્વરૂપ ! – પૂર્ણ ચિદંબર બ્રહ્મ અરૂપ –
એક, અનાદિ, અનન્ત, અનુપ – પપ્પા ! પ્રભુજી પ્રેમસ્વરૂપ !

ફ ફ્ફા ! ફટ ફટ ફૂટી જાય – બુદ્બુદ આ કાચો ઘટ કાય –
ફેલ્યો જીવ ફીણમાં ફીણાય – ફફ્ફા ! ફટ ફટ ફૂટી જાય.

બ બ્બા ! બોલીએ વરતાય – બોલ બોલમાં બ્રહ્મ સુણાય –
ગુરુનો બોલ બલીષ્ટ ગણાય – બબ્બા ! બોલીએ વરતાય.

ભ ભ્ભા ! ભર્ગભૂમિકા સાત – ભણતર એ સદ્ગુરુને હાથ –
ગરજુને ગુરુગમ ભલી ભાત–ભભ્ભા ! ભર્ગભૂમિકા સાત.

મ મ્મા ! મન્દિર છે ઘર મ્હાંય–બ્હાર મૂરખ ! તું ક્યાં ભટકાય ?
હજી ચે, જીવ ! જરા લજવાય ? મમ્મા ! મન્દિર છે ઘર મ્હાંય.

ય ય્યા ! યુગલક્ષણ વિપરીત – ત્હારે શું ? તું દેહાતીત –
ચિત્ત, બુદ્ધિ, મન, ઈન્દ્રિય જીત–યય્યા ! યુગલક્ષણ વિપરીત.

ર રર્રા ! રામકૃપાની રીત – નિર્લેપી જ્ઞાનીની પ્રીત –
નગુણા ગુરુનાં ગાવાં ગીત – રર્રા ! રામકૃપાની રીત.

લ લ્લા ! લપછપ ચાલે કેમ ? જીવ છતાં ઈશ્વરની જેમ !
લલિત ત્રિભંગી લાલન પ્રેમ-લલ્લા ! લપછપ ચાલે કેમ ? !

વ વ્વા ! વ્હાલો વિભુનો દેશ-દૃશ્ય માત્ર જ્યાં વિલય વિદેશ.-
ગુરુવર તારક તું ત્રિગુણેશ ! વવ્વા ! વ્હાલો વિભુનો દેશ.

શ શ્શા ! શબ્દ ગુરુનો એક-પ્રેમ, પ્રણવ, સદ્વસ્તુ, વિવેક -
ત્રિવિધિ તાપશમન છે છેક - શશ્શા ! શબ્દ ગુરુનો એક.

ષ ષ્ષા ! ષડ્સંપત્તિ પ્રાપ્ત - ભક્તિ, જ્ઞાન, સમાધિસમાપ્ત -
અનુભવ ષડ્દર્શન - તું વ્યાપ્ત - ષષ્ષા ! ષડ્સંપત્તિ પ્રાપ્ત.

સ સ્સા ! સમજ સમજ સૌ સાર - તું છે નર ને માયા નાર -
સુજ્ઞ પુરુષનો એ સંસાર-સસ્સા ! સમજ સમજ સૌ સાર.

હ હ્હા ! હરિગુરુસન્તસ્વરૂપ ! નાથ નિરંજન હંસ અરૂપ -
રમતા રામ સદા ગુરુ રૂપ-હહ્હા ! હરિગુરુ સન્તસ્વરૂપ.

ળ ળ્ળા ! કળા કરી કિરતાર - માયા, કાળ, રમે બે બાળ ! -
મળતી કાળાતીતની ભાળ - ળળ્ળા ! કળા કરી કિરતાર.

ક્ષ ક્ષ્ક્ષા ! ક્ષર તે જીવ જ ક્ષુબ્ધ-અક્ષર ૐ અનાદિ અક્ષુબ્ધ -
અનુભવ બ્રહ્મ અનન્ત અલુબ્ધ-ક્ષક્ષ્ક્ષા ! ક્ષર તે જીવ જ ક્ષુબ્ધ.

જ્ઞ જ્ઞ્જ્ઞા ! જ્ઞેય અનાદિ અનન્ત - જ્ઞાન તણો ભક્તિમાં અન્ત -
સન્ત સદા સાગર ઉલસન્ત - જ્ઞ્જ્ઞા ! જ્ઞેય અનાદિ અનન્ત.

— સાખી —

ક્કા ત્રણ ત્રિમુખે ભણ્યા, ત્રિપદા રૂપ અરૂપ -
સાગર જય જયકાર હો - હરિગુરુસન્તસ્વરૂપ ...

ગુરુ ગુરુ ગુરુદેવકી જય - જય જય ગુરુદેવકી જય !
ગુરુ ગુરુ ગુરુ ૦

ૐ પ્રભુજીના મહિના

સખિ ! કાર્ત્તક પહેલો માસ - તક તો વીતે રે ! -
છે નામ તણો સહુ નાશ - હરિ ભજ પ્રીતે રે ! સખિ ! ૦

સખિ ! માર્ગશીર્ષમાં માર્ગ - સાચો સહેલો રે ! -
છે પ્રભુજી સાંગોપાંગ - સદ્ગુરુ મેળો રે ! સખિ ! ૦

સખિ ! પોષે પોષણ થાય - આ સહુ ક્યાંથી રે ? ! -
શિવ જીવમાં કેમ સમાય ? ! - સદાનો સાથી રે ! સખિ ! ૦

સખિ ! મહા પુરુષનો મર્મ - જીરવ્યા જેવો રે -
સહુ ધર્મોનો મહા ધર્મ - પાળ્યા જેવો રે ! સખિ ! ૦

સખિ ! ફાલ્ગુન વાણી માત્ર - અનુભવ એવો રે -
છે બ્રહ્મ તણું આ ગાત્ર - કોણ હું ? કેવો રે ? ! સખિ ! ૦

સખિ ! ચૈત્ર ! અહો વૈચિત્ર્ય - દૃષ્ટિ લાધી રે ! -
નહીં શત્રુ કે નહીં મિત્ર - સહજ સમાધિ રે ! સખિ ! ૦

સખિ ! વૈશાખે વિભુ સાખ - ઘટ ઘટ એક જ રે ! -
જળ ભરીને જો ઘટ લાખ - એક જ સૂરજ રે ! સખિ ! ૦

સખિ ! જ્યેષ્ઠ માસ ભરપૂર - વરસે વૃષ્ટિ રે ! -
ઉર વિલસે હકનું નૂર - સુન્દર સૃષ્ટિ રે ! સખિ ! ૦

સખિ ! આષાઢે શા ઢંગ ! - ઓ ધણી ! ત્હારા રે ! -
આ રેલ્યો રંગ સોરંગ ! પરાથી પારા રે ! સખિ ! ૦

સખિ ! શ્રાવણ માસ મહાન્ - ગુરુઘર લીધું રે ! -
ભૂત, ભાવિ ભૂલી વર્ત્તમાન - સ્મૃતિએ સિધ્ધું રે ! સખિ ! ૦

સખિ ! ભાદરવે દરવાન્ - ખૂલ્યા બ્રહ્મદ્વારા રે ! -
નહીં જ્ઞાન, નહીં અજ્ઞાન - સ્વયં કરનારા રે ! સખિ ! ૦

સખિ ! આશ્વિનમાં સ્વયમેવ - જ્યોતિ ઉજાગર રે ! -
કર્ત્તા ભર્ત્તા ગુરુદેવ - સેવક સાગર રે ! સખિ ! ૦

ૐ પ્રભુજીના સાત વાર

સખિ ! ગુરુ 'ગુરુ' કિરતાર – ભણતર ભણીએ રે ! –
છે સહુ પ્હેલાં ગુરુવા'ર – 'ગુરુ' ગુરુ ભણીએ રે !
સખિ ! શુક્રવાર સુવિચાર – જીવ ! શું કરવા રે ? –
આ ધર્યો ધરા અવતાર – કયી વિધિ મરવા રે ? !
સખિ ! શનિવારે હનુમાન – શ્રી બ્રહ્મચારી રે –
– લ્યો રામમંત્ર મહાન્ – કહેત પુકારી રે !
સખિ ! સૂર્યવાર રવિવાર – દ્વિજને વ્હાલા રે !
સવિતા બુદ્ધિ દેનાર – ત્રિભુવન વાળા રે !
સખિ ! સોમે છે શી વાર – પ્રભુજીને મળવા રે ?
જો મન, બુદ્ધિ તૈયાર – ચિત્ત ઝડપવા રે !
સખિ ! મંગલ મંગલ દેહ – માનવ તનુનો રે ! –
છે હેતુ દેહ વિદેહ – અનુભવ મનુનો રે !
સખિ ! બુધવારે શુદ્ધ બુદ્ધ – સર્વ વિલાણી રે !
છે પ્રણવ સ્વરૂપ પ્રબુદ્ધ – સન્તની વાણી રે !
સખિ ! સાતે વાર સમાપ્ત – આપ્ત ઉજાગર રે ! –
આઠમો અનુભવ વ્યાપ્ત – સદ્ગુરુ સાગર રે !

– સાખી –

કક્કા સંગાથે ભણ્યા, માસ અને વળી વાર ;
સાગર પરમાત્મા ગુરુ – જય જય દીનદયાલ !
ગુરુ ગુરુ ગુરુદેવકી જય ! જય ! જય જય ગુરુ ૦

– સોરઠો –

ત્રિવદન ત્રિગુણાતીત – દત્ત ગુરુ અવધૂત ઓ.....મ —
સાગર બ્રહ્મ પ્રતીત – ૐ પ્રભુજી ૐ સત્ ગુરો !
ગુરુ ગુરુ ગુરુદેવકી જય ! જય જય ગુરુ ૦

વતનનું ભજન

આયા – આયા – દેખો ! હો દેખો વતન ! વતન ! –
દેખો દેખો – આયા ! હો આયા વતન ! વતન ! આયા ૦

જાતે જીવ ગુમાવી જીવ્યાં – ખોયાં ખોયાં માયા તનમનધન –
અગ્નિ, જલ વા લેજો પૃથિવી – ૐ સર્વં ખલ્વિદં બ્રહ્મગગન –
લગી – લગી ગુરુસે' રામલગન – લગન ! આયા આયા ૦

અથ શ્રી ૐ પ્રથમ ગુરુલગની – મોહ્યાં મોહ્યાં બુદ્ધિ ચિત્ત ને મન ;
શનૈઃ શનૈઃ સ્વાનુભવ થાતાં, વિકસ્યું આ અન્તરમાં નૈમિષારણ્ય –
જાગ્યું – જાગ્યું ગર્ભનું ધ્યાનસ્મરણ – સ્મરણ ! આયા આયા ૦

ઋષિ મુનિ સહસ્ર અઠયાસી ભારે – ન્યારે ન્યારે અવધૂત જ્ઞાનઘન ! –
ત્રિજુગી ત્રિગુણાતીત સ્વયંભૂ – આપે હો પ્રભુજી ! દત્ત દયાઘન –
મીલે મીલે સત્ગુરુજી ત્રિવદન – વદન ! આયા આયા ૦

જાત.ભાત,કુલ,રૂપ,પ્રભુજી ! પૂછું–પુછું સાચ્ચું અસલ મુજ વતન –
કયહાંથકીઆવ્યાં ? કયહાંહજીજાવું?નમીનમી પૂછું, ગુરો ભગવન! –
'ગુરુ ગુરુ' અનાદિ ભણે સૃજન – સૃજન ! આયા આયા ૦

સાન્ત જગજીવ, તત્ત્વ સનાતન – ૐ – શ્રી હરિગુરુસન્તસદન –
આપ્ત ઉદ્ધારક સત્ગુરુ સાહાય્યક–પ્રભુ પ્રભુ પાલક સૌ સેવક સર્જન –
જુવો જુવો સદ્ગુરુબ્રહ્મ – સઘન – સઘન ! આયા આયા ૦

આયા ઝવેરી–હીરા લાયા – કોઇ કોઈ લાયા રે લાલ રતન –
ગુરુજી આયે ! કયા કયા લાયે ? – ખાલી ખાલી ખંખમ્ તનમન –
લાયા – લાયા – લે લેના રામરતન – રતન ! આયા આયા ૦

અપરિમિત ઘન આ બ્રહ્મસાગર – ઊર્મિ ઊર્મિ નિજ પ્રેમે મગન –
ૐ પ્રભુજી ૐ પ્રભુજી જપતાં – ગ્રામ્યાં પામ્યાં અમે બ્રહ્મવતન –
હુવો હુવો માયારો ઘટ ભગન – ભગન ! ... આયા આયા ૦

रसजाह्नवी झील्यां करे

હાં – શું પૂછયું વૈષ્ણવ જને ? – " સાગર ! કહો સાચો ધરમ " :
બસ એ જ કહ્યું દિલ્દારને – " ગુરુ ૐ પ્રભુજી સદ્ધરમ ".
હાં – શું પૂછયું ૦

ગુરુ " કૃષ્ણ કૃષ્ણ " કરી કરી –
અર્જુનપણું અન્તર ભરી –
ગીતા ભણી ' અઢી ' અક્ષરી – ઘેલી જ ગોપી બેશરમ !
હાં – શું પૂછયું ૦

યા ઈશ્ક એ અલ્હરશ્ત રાહ –
શું – બેખબર છો ?! વાહજી વાહ !
જ્યાં ખુદ બ ખુદ પ્રભુજી પ્રવાહ – ' ખં બ્રહ્મ સર્વં ખલ્વિદમ્ ॥ '
હાં – શું પૂછયું ૦

હુબ્બહુ સમાધિમાં સુતો –
મરતો નહીં – નહીં જીવતો –
આવ્યો અસલ જેવો હતો – હો ધન્ય આ બ્રાહ્મી જનમ !
હાં – શું પૂછયું ૦

જા – જો :– ' દીવાને સાગરે ' –
અળગા હરિ ? ના ના ખરે !
રસજાહ્નવી ઝીલ્યાં કરે – સુરસાગરે સહુ દમ બ દમ – !
હાં – શું પૂછયું ૦

आप सहारा हमारा

આપ સહારા હમારા –
હરિ ! હરિ ! આપ સહારા હમારા.
હરિ ! હરિ ! આપ સહારા હમારા .

પૃથિવી , ગગન , જલ , તેજ રુ વાયુ , –
કોઉ ન તનક હમારા ! ! –
હરિ ! હરિ ! આપ સહારા હમારા .

ત્રિગુણાતીત હર , વિષ્ણુ , વિરિંચિ –
શેષ , સ્વયંભૂ , દુલ્હારા !
હરિ ! હરિ ! આપ સહારા હમારા .

આશિક જ્યું સુમરત માશુકકો –
ત્યું સુમરન હૈ તુમ્હારા !
હરિ ! હરિ ! આપ સહારા હમારા .

પ્રસ્થિતિ પૂરન ઉન્મનિ પદપેં –
પ્રેમસે પાર ઉતારા !
હરિ ! હરિ ! આપ સહારા હમારા .

ગુરુદેવ દત્ત – અહો – જ્ઞાનસાગર –
ખં બ્રહ્મ ખલક – ખેલારા !
હરિ ! હરિ ! આપ સહારા હમારા .

प्रभु तुं ज छे – प्रभु तुं ज छे

આદમ દિલે અલ્લાહ છે – ગેબી રહસ્યનિકુન્જ છે:
ગુરુથી જ ઉકલી ગૂંજ છે – પ્રભુ તું જ છે – પ્રભુ તું જ છે.
આદમ દિલે અલ્લાહ છે ૦

ગુરુનાં ગિરામૃત સાંભરે :–
" પ્રભુ તું અનાદિ અનન્ત છે "–
અન્તર નિરન્તર ઊછળે :– પ્રભુ તું જ છે – પ્રભુ તું જ છે.
આદમ દિલે અલ્લાહ છે ૦

તત્ત્વજ્ઞ કેરૂં તત્ત્વ તું –
સહુ સાત્ત્વિકોનું સત્ત્વ તું –
મમતા રહિત મમત્વ તું – પ્રભુ તું જ છે – પ્રભુ તું જ છે.
આદમ દિલે અલ્લાહ છે ૦

પ્રભુ! તું દયાઘન તાત છે:
નિર્ગુણ નિરંજન નાથ છે:
જ્યાં ઈશ્ક, ત્યાં સાક્ષાત છે :– પ્રભુ તું જ છે પ્રભુ તું જ છે.
આદમ દિલે અલ્લાહ છે ૦

અવ્વલથી બસ આખિર લગી –
માગું ન બીજું દિલ થકી –
સાગર અમર હો દિલ્લગી – પ્રભુ તું જ છે – પ્રભુ તું જ છે.
આદમ દિલે અલ્લાહ છે ૦

सुणे छे के सुषुप्तिमां ? !

અગર અલ્લાહ કહે "હાં – હાં – ઈજિન કરૂં હકપરસ્તીમાં:
" અગર માગું છું – માગું – હાં – દિલે દિલ કુલ પરસ્તીમાં "
અગર અલ્લાહ કહે ૦

" અગર જો હા, કહે હા હા –
" દિલે ના તો કહે ના ના:
" ન ઊણપ રંચ વૃત્તિમાં – અનલહક – એક હસ્તીમાં."
અગર અલ્લાહ કહે ૦

" કદમ જ્યાં જ્યાં જુવે મ્હારૂં –
" વહે શું ત્યાં જિગર ત્હારૂં ?
" ન અધવારૂં, ન સહિયારૂં – સદા સંસિદ્ધ ભક્તિમાં."
અગર અલ્લાહ કહે ૦

" તું વાવે બીજ જે જે જે –
" લણું હું સર્વ તે તે તે –
" લણું ના, જો તું ના વાવે – અનન્તાદ્વૈત મુક્તિમાં."
અગર અલ્લાહ કહે ૦

વચન આ એક ઈશ્વરનું:
ગઝલ ગેબી ગુરુધરનું:
અગર સંગીત સાગરનું – સુણે છે? કે સુષુપ્તિમાં ?!
અગર અલ્લાહ કહે ૦

बदन वगरनी बदली

સાગર અગર સરખેજ પર સરખે જ ભાવે સહુ અગર –
દીઠું ન બીજું કૈં મગર, દિલ્બર ! અગર ત્હારાં વગર.
સાગર અગર સરખેજ પર ૦

હઝરત અવ્વલ સૂફી હતા –
તાણ્ડવ સદાશિવ નાચતા –
બ્રહ્મર્ષિ દિવ્ય બિરાજતા – ધન ધન ગુરુનું અલખનગર !
સાગર અગર સરખેજ પર ૦

હાં – હાં – જી ! બુલ્બુલ ! ગા ફરી ! –
ગા ગીત ગા સર્વોપરિ –
અલ્બત્ત ! કલમ ! લખ ઈશ્વરી ! આ પિણ્ડગત બ્રહ્માણ્ડધર.
સાગર અગર સરખેજ પર ૦

અય બેશરમ બીબી હવા ! –
કર કાં ફિકર ? – ઝખ મારવા !
'છે – છે મના ફલ ચાખવા' – બસ છોડ સહુ ઈશ્વર ઉપર.
સાગર અગર સરખેજ પર ૦

અજી આઇયે ચાંદા – સૂરજ ! –
સુણિયે – જી – હાં – નવતર તરઝ :–
સાગર– સનમ એક જ ફરઝ – બદલી કરી શું બદન વગર ?!
સાગર અગર સરખેજ પર ૦

एवी ते केफो शी करी रे ?!

એવી તે કેફો શી કરી રે ?! –
(એ તો) જાણે મ્હારા ગુરુજી તારણહાર –
વ્હાલા મ્હારા વસ્તુને જાણણહાર –!
એવી તે કેફો શી કરી રે ?!

એક સરોવર દીઠું એવું – (જેને) નહીં કાંઠો, નહીં પાળ;
ન્હાયાં, ધોયાં ને ધ્યાન લગાવ્યાં – ત્યાંથી સૂઝયું છે ત્રિકાળ.
એવી તે કેફો શી કરી રે ?!

ગેબી એક ગુફા ચોખંડી – જ્યાં બેઠા ગુરુજી ત્રિરૂપ –
નિર્ગુણ સગુણ પરાત્પર પોતે – ભૂપોના યે અધિભૂપ.
એવી તે કેફો શી કરી રે ?!

સાગર એક સનાતન સ્વામી – ભોગવિયે ભૂમાનો ભેવ;
અનુભવને આકાશે અબધૂ – ઘેલાં કર્યાં ગુરુદેવ !
એવી તે કેફો શી કરી રે ?!

તોળલનું મજન

આવો આવો આવોને , જેશળ રાય ! – – –
વાતું તો કરીએ શ્રી ગુરુના....દે.... ....શની હે....જી !
(અને) વાતે વાતે પ્રભુજી પ્રત્યક્ષ થાય –
જાગે જાગે જ્યોતું અનન્ત ઉજે.....શની હે...જી !
આવો આવો આવોને જેશળ રાય ! ૦

આ વનવગડે વસમી વાટયું – (અને) ઊંડેરી મેઘલ રાત ;
મારગડે મળીઆં સાધુડાં – જુના જુના જોગીની જમાત –
કંઠે માળા તો ફણીધર શે ... . ષની હે....જી !
આવો આવો આવોને જેશળ રાય ! ૦

આડા સાત સમંદર ઊભા – (તેને) પેલે પાર મુકામ ;
બીજ – મંત્ર તારક ગુરુ વાયક – અબધૂ અલખ ગુરુ રામ –
લાગી લાગી નગરી તો લંકે.... ....શની હે....જી !
આવો આવો આવોને જેશળ રાય ! ૦

દિલ–દરિયામાં દ્વોટયું દીધી – ઠરવાનો જીવને ક્યાં ઠામ ?!
બે આંખે દીઠું ના છોડયું – રાખનવાળો મ્હારો રામ –
કાયા ને માયા તો ગુરુ પરમે.... ....શની હે....જી !
આવો આવો આવોને જેશળ રાય ! ૦

સાગર આ ભવ સહજે તરીઆં – બાંધ્યા છોડ્યાનો નહીં ઘાટ –
ગુરુને પ્રતાપે બોલ્યાં તોળાંદે રાણી રે અગમ નિગમનો આવો ઠાઠ –
વાણી તો અણલિંગી ગુરુ – આદે...શની હે....જી !
આવો આવો આવોને જેશળ રાય ! ૦

શ્રી કલાપીને સ્નેહાઞ્જલિ

સન્તસદનના વાસી શ્રી સુરસિંહજી !
અલખ પુરુષ હો અવતારી સાક્ષાત જો :
ઈશ્ક અનલહકના ઓ અવધૂ ઑલિયા ,
ઘેલી રે ઘેલી કીધી ગુજરાત જો !
સન્તસદનના વાસી શ્રી સુરસિંહજી !

અમરા રે પુરીના હો જંગી જોગિયા !
થાક્યાં ને તરસ્યાંના તારણહાર જો ;
સુતી રે સુતી આ આલમ મોતમાં ,
સિંચ્યો તે પર સ્નેહામૃતરસસાર જો !
સન્તસદનના વાસી શ્રી સુરસિંહજી !

" अयमात्मा परप्रेमास्पद " – રસરૂપતા !
પઞ્ચદશીનું મામાંસક એ સૂક્ત જો :
પીધું ને પાયું એ સારા દેશને ,
પ્રજ્ઞાની , યોગી તો યે રસયુકત જો !
સન્તસદનના વાસી શ્રી સુરસિંહજી !

સ્વીકારો સ્વીકારો આ સ્નેહાઞ્જલિ !
આપ્ત જનોના મોંઘેરા એ લ્હાવ જો :
નિત્ય નિરન્તર , નાથ ! અભેદ ભણાવજો ,
નથી ઊણા ઉર સાગરના સદ્ભાવ જો !
સન્તસદનના વાસી શ્રી સુરસિંહજી !

अनादि अनन्त अद्वैत

ના થા – ના થા – ના થા રે –
મૈં તો તીનું કાલમેં ના થા.
ના થા – ના થા – ના થા રે! ૦

અપની હિ 'વૃત્તિ' કરિકે બનાયા –
જીવ, જગત્, જગન્નાથા!!
ના થા – ના થા – ના થા રે! ૦

ના થા બ્રહ્મા, ના થા વિષ્ણુ,
ના થા – ભલા – ભૂતનાથા!
ના થા – ના થા – ના થા રે! ૦

ના થા 'પુરુષ' – અરુ 'પ્રકૃતિ' ના થી –
વા ઘરકી રસ – ગાથા.
ના થા – ના થા – ના થા રે! ૦

વિગતાવિગત પૂરન પરિબ્રહ્મન્ –
આપે અનન્ત અજાતા.
ના થા – ના થા – ના થા રે! ૦

સચ્ચિદઘન સાગર પરમાત્મન્ –
વૃત્તિકે પૂરવે વહાં થા.
ના થા – ના થા – ના થા રે! ૦

प्रेम स्वरूप प्रभुनुं भजन

નહીં રે બોલાવું – હું નહીં રે બોલાવું –
ઓ કહાન! આજથી હું આપને નહીં રે બોલાવું!
હો કહાન! આજથી ૦
હેત શું હરિનું હું બોલી બતાવું?! વેણુ વ્હાલાની બજાવું! હો ૦
છલકે છબિલો આ મનની મટુકીમાં, હેતે હુલાવું કુલાવું! હો ૦
ચિત્ત કેરી ગોળી ગોરસ ગુરુજ્ઞાનનું, તાવણી હું તત્ત્વની તાવું! હો૦
વ્હાલું કરી વ્રજ દ્વારિકા બિરાજ્યા! મૂંગાં મૂંગાં શમી જાવું! હો ૦
આપે અદ્વૈત છો કેવલ હો કહાનજી સાગર આનન્દનો રેલાવું! હો૦

सहज समाधिनुं भजन

લીધા અબોલડા પાળું! –
ઓ કહાન! આજથી હું લીધા અબોલડા પાળું.
ઓ કહાન! આજથી હું ૦
'ઇચ્છા' ને 'મંછા' બે સહીઓ તે દ્વૈત થઈ –
એકાકી જીવતર ગાળું – ઓ કહાન! આજથી હું ૦
રૂપ ત્હારૂં પી પી, અરૂપી થયેલ છું –
રૂપમાં અરૂપ શું નિરાળું!! ઓ કહાન! આજથી હું ૦
સૂતી સદા યે સહજની સમાધિએ –
આહા! – અનન્ત અજવાળું! ઓ કહાન! આજથી હું ૦
ગાયો ચરાવી ને ખીલે બંધાવી –
કોનું કરીશું રખવાળું?! ઓ કહાન! આજથી હું ૦
સાગર આનન્દનો અવિચ્છિન્ન કાળથી –
આવો ને આવો ઉછાળું! ઓ કહાન! આજથી હું ૦

ત્રિપુરાનું ભજન

'જમુના' ન્હાવાને નહીં આવું ! –
ઓ કહાન ! આજથી હું 'જમુના' ન્હાવાને નહીં આવું !
ઓ કહાન ! આજથી હું ૦
ન્હાયું ને ધોયું તો જોયું બધું ય છે – ચેતનનું ઓર ચમકાવું ! ઓ૦
ઘટમાં છે ગંગા ને ઘટમાં છે જમુના – ઘટમાં સરસ્વતી ન્હાવું . ઓ૦
કોઈ કહે રાધા , વિશાખા , લલિતા ! હું તો 'ત્રિપુરા' કહાવું ! ઓ૦
ભૂમાનો ભેવ ખં બ્રહ્મ સમુલ્લાસ આ – ભેદમાં અભેદ ઓળખાવું ! ઓ૦
સાગર અનાદિ અનન્ત હો સનાતન બિન્દુડે સિન્ધુનું સમાવું ! ઓ૦
ઓ કહાન ! આજથી હું ૦

મીરાંના ભજનનો લય

તોરી – મોરી , કહાના ! કૈસી પ્રીત – ? –
ત્રિગુણાતીત – ત્રિભગી – ત્રિપુરા –
કન્હૈયા ! ભૂમા બ્રહ્મ ખચિત્ત :–
રસો વૈઃ .... ? રસ રસ રસ રસ રે !
તોરી – મોરી – કહાના ! ઐસી પ્રીત ! .... તોરી મોરી ૦
તટ રે ત્રિવેણી તાર્યાં – ભલી ભાત ભૂધરે રે –
જળતી જ્યાં શાશ્વત જ્યોત – જળતી જળળળળળળળ રે ! તોરી૦
સરખી સમાણી સહીઓ , ત્રિવેણીએ ઝીલતાં રે –
ઝળકયો આ સચ્ચિદ્ઘન - ઝળકયો ઝળળળળળળળરે ! ૦ તોરી૦
હસતાં ને રમતાં હાવાં – મધુવને મ્હાલીએ રે –
ફરીએ પવનશાં ગગન – ફરીએ ફરરરરરરર રે ! તોરી ૦
છેલ્લા જનમની પ્રીતો – એની એધાણીઓ રે –
સાગર ગરજે ગંભીર :– ગરજે 'ગુરુ ગુરુ ગુરુ ગુરુ' રે !
તોરી મોરી ૦

ૐ ૐ ૐ

ઈંગ્લિશ પ્રલપનો

ૐ

ઈ. સ. ૧૯૨૨ થી ઈ. સ. ૧૯૩૨

॥ ૐ સદ્ગુરુ ॥

THE following pages *do* contain
No Sophy or No knowledge new ;
THE TRUTH *in – Truth &* FACT *in – Fact –*
THE *Wisdom All in – OM – – – ADIEU .*

ૐ ૐ ૐ

- 1 -

Who knocks the *door ?* – So early – after night ! !
" *Oh yes !* " the Word – and " *Here – With-in sight ;*"
' The *Guide – on Duty* , please ! ' but *(oaths are ta'en naught)* –
' *Deevan–e–Sâgar's nom de OM* ' – Eternal-*Tavern Sought* .

1922 .

ॐ

- 2 -

Whom Je-ho-vâh and Alif , Lam & Meem Reveal
Who Willed to be – beyond the Reason not the will ; –
Deevan–e–Sagar's Om – the Mystic 'ternal Name –
Deo data ! Om ! Verily Verily ! ' am That I AM .

1923 .

ॐ ॐ ॐ

And shall we then permit the Court –
to get dis-solved ?
What drunken ones but midst the noon day do ?
Of course , *Within the Truth* , that *truly* lived
and loved the JUST ;
But – fanning Thou – go on, my Fun ! What
hollow who and hush ! Cuckoo !

1924 .

ॐ ॐ ॐ

It's Company all – *intakes* a Man ,
To downest down from High *Above* ;
' ALONE ' the word , inmakes the *man* ,
All – one – alone – *Above's* ABOVE .

1926 .

ॐ ॐ ॐ

ve I finished in Righteous Way ?
em not then for night or day ;
Life and death are *one* to me ,
And , God ! my LORD ! I *Rest* in THEE .